જુલાઈ, ૨૦૧૫

પાવન હૃદય

# દૂત

ત્રિકાની સ્થાપના: ૧૯૧૧
વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/-



"ઈસુસંઘના સ્થાપક, હે ઈગ્નાસ, અમ અંતરની ગુહ્ય ગુહામાં પ્રગટાવો ને પ્રકાશ."

# અમારાં પૂજ્ય મમ્મીને પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ





## સ્વ. આગ્નેશબેન પીટરભાઈ મેકવાન

જન્મ તા. : ૧૮-૦૨-૧૯૪૨ ● સ્વ. તા. : ૦૫-૦૬-૨૦૧૫

વ્હાલી મમ્મી,

આમ સાવ તમે પ્રભુ પાસે જતાં રહેશો એમ ધાર્યું જ નહોતું, હજુ કાલ સુધી તો તમે અમને બોલાવતાં હતાં, અમારી સાથે વાતો કરતાં હતાં અને સાવ અચાનક... તમે ચાલી નીકળ્યાં પ્રભુની વાટે ત્યારે મન હજુ માનતું નથી. અત્યારે પણ એવું લાગે છે કે હમણાં તમે આવીને અમને બધાંને બોલાવશો, અમારી સાથે વાત કરશો. અમારા નામનો સાદ પાડશો. પણ અમે જાણીએ છીએ કે હવે એ અવાજ નહીં સંભળાય, તમારા વગર આ તમારા ઘરમાં બેસીને યાદ કરીએ છીએ એ તમારી સાથે વિતાવેલી પ્રત્યેક ક્ષણને, તમારી વાતોને, તમારા સેવાભાવી સ્વભાવને, તમારા પ્રેમને, તમારી લાગણીઓને, તમારા વિચારોને અને તમે અમારા માટે જે પણ સર્વ કર્યું હતું તે બધું યાદ કરીને એક જ આશા અને વિશ્વાસ સાથે જીવીએ છીએ કે,

[illegible].

અમને ખબર છે કે તમે પ્રભુ પાસે છો અને ત્યાંથી અમારા માટે પ્રાર્થના કરો છો, અમે પણ તમારા માટે પ્રાર્થના કરીએ છીએ કે તમે પ્રભુની પાસે, માતા મરીયમના સંગમાં, સર્વ દેવદૂતોની સાથે પ્રભુના રાજ્યમાં પ્રભુનો મહિમા અને તેની સ્તુતિનાં ગીતો ગાતાં આનંદ કરો. બસ એજ પ્રાર્થના સહ હરપળ, હર દિન તમને યાદ કરતો

તારો દુઃખીત પરિવાર...

હે ખંભોળજનાં અનાથોની માતા, અમારાં મમ્મીને હંમેશાં તમારી પાસે રાખજો એજ પ્રાર્થના સહ,



**મેકવાન સંજય પીટરભાઈ, મેકવાન અલ્પેશ પીટરભાઈ**
**તથા સમસ્ત દુઃખી પરિવાર**
એ/૧૭૦, હરભોળાનાથ પાર્ક, ઓઢવ, અમદાવાદ



**Publisher's Name**
**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Place of Publication**
Anand
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printer's Name**
**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printing at**
**Anand Press**
P.B. No. 95,
Gamdi - Anand - 388001, Gujarat

**Editor's Name**
**Jasvant Macwan**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**માનદ્ તંત્રી:**
ફાધર ડૉ. વિનાયક જાદવ એસ.જે.

**તંત્રી:**
જસવંત મેકવાન (મોઃ ૯૪૨૭૩ ૮૨૯૯૭)

**સહતંત્રી:**
શૈલેષ ક્રિસ્ટી (મોઃ ૯૪૨૭૦ ૦૪૦૦૨)

**તંત્રી મંડળ**
ડૉ. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, બકુલ મેકવાન,
ઈન્દુ રાવ, આગ્નેસ વાઘેલા,
ફાધર ડૉ. આરસકુમાર રાયપ્પન
ફાધર રત્નાસ્વામી

**જાહેરાત અને પ્રસાર**
ઈલોમીના એ. મહિડા

**લવાજમ:** બિનલ પી. મેકવાન

**ટાઈપ સેટિંગ:** મંજુ એમ. મેકવાન

**ડિઝાઈન:** વિજય મેકવાન



# અનુક્રમણિકા

**આમંત્રિત તંત્રીલેખ**
સંત ઈગ્નાસ અને મધ્યકાલીન ગુજરાતી સંતો ✧ ફાધર વિનાયક એસ.જે. ૦૫

**કાવ્યધારા (સંપાદકઃ ડૉ. સિલાસ પટેલિયા)** ૦૮
પીટરભાઈ પરમાર ✧ સિલાસ પટેલિયા ✧ કલ્પેશ સોલંકી 'કલ્પ'
✧ રચયિતાઃ સ્વ. પિયૂષ પીટર પરમાર ✧ બકુલ મેકવાન

**તમારો પત્ર** ૦૯
'રાજબંધુ' જયંત એમ. પરમાર ✧ રમણ ગાલ્લુસ મેકવાન ✧ ફ્રાન્સિસ ડાયર્સા
અમિત ચૌહાણ ✧ રંજના આર. પરમાર ✧ સિ. અલકા આર. પરમાર

**લેખો**
મહાન બક્ષિસ ✧ બ્રધર અલ્પેશ ચૌહાણ એસ.જે. ૧૧
રાજકીય જવાબદારી - એક પ્રેમભર્યું આહ્‌વાન ✧ ફાધર રત્નાસ્વામી ૧૨
શબ્દવિહોણી ખ્રિસ્તઘોષણા ✧ બ્રધર જોબિન ઈ.સં. ૧૪
આંતરરાષ્ટ્રીય જમીનવર્ષ ✧ જેનેટ જોન્સન ફાર્મર ૧૬
આધ્યાત્મિક સફર ✧ ફાધર એન્થની વેદમ એસ.જે. ૧૮
સહકારનો માર્ગ ✧ શ્વેતા ડી. ક્રિશ્ચિયન ૨૦
પ્રકૃતિ ✧ સ્નેહલત્તા ભાટિયા ૨૨
ઘરડાં ગાડાં ગાળે ✧ ફાધર જેમ્સ બી. ડાભી એસ.જે. ૨૪
સાચુ સુખ સર્જનહારની શ્રદ્ધામાં ✧ રાજુભાઈ ગોપાલભાઈ મેકવાન ૨૬
શ્રદ્ધાંજલિ ✧ ફાધર પાબ્લો ગિલ એસ.જે. ૨૮
દસ આજ્ઞાઓ ✧ અજ્ઞાત્ ૨૮

**કિશોરમિત્ર (સંપાદકઃ રાજેશ ક્રિશ્ચિયન)** ૨૯-૩૨

બાઇબલમાં ઈશ્વરદર્શન ✧ ડૉ. થોમસ પરમાર ૩૩
મૃત્યુની મારી પસંદગી ✧ ફાધર વર્ગીસ પોલ ૩૬
પરોપકારની ખેતી... ✧ રાજેશ ક્રિશ્ચિયન ૩૮
અજોડ કફન ✧ સંકલનઃ તંત્રીશ્રી ૩૯
સંત ઈગ્નાસની જીવનયાત્રા... ✧ ઈગ્નેશિયન... સમિતિ ૪૨


**પંખીની પાંખે (સંપાદકઃ શૈલેષ ક્રિસ્ટી )** ૫૩

**આવરણ :** ઈસુસંઘીનું વડું મથક (રોમન કુરિયા)નું બાંધકામ ૧૫૯૯-૧૬૦૨ના વર્ષોમાં થયું હતું, ૧૭૭૩માં ઈસુસંઘીના નાબૂદીકરણ સુધી તેને 'કુરિયા જનરાલિસ' (ઈસુસંઘનું આંતરરાષ્ટ્રીય વડું મથક) તરીકે ઓળખવામાં આવતું. ઈસુસંઘના સ્થાપક સંત ઈગ્નાસે જે ચાર ઓરડાઓમાં વસવાટ કરી 'આધ્યાત્મિક વ્યાયામ' અને દુનિયાભરના ઈસુસંઘીઓને હજારો પત્ર પાઠવ્યા હતા, જ્યાં પ્રથમ સામાન્ય અધિવેશન ભર્યું હતું અને સંત ઈગ્નાસે અંતિમ શ્વાસ લીધો હતો તેને અકબંધ રાખીને બાકીના ખંડનું નવેસરથી નિર્માણ કર્યું હતું. ઐતિહાસિક ઓરડાઓને બહારથી ટેકો આપી વધારે સુરક્ષિત બનાવ્યા છે, વળી ૧૯૯૦માં સંત ઈગ્નાસની ૫૦૦મી જન્મજયંતી નિમિત્તે તેનો જિર્ણોદ્ધાર કર્યા છે અને આ સ્મારક અને સંગ્રહાલય જાહેર જનતા માટે ખુલ્લાં મૂકવામાં આવ્યાં છે. Source : http://www.sjweb.into/curia/rometour.all.cfm




જીવનની રાહમાં ગાતા રહીએ. આપણી પરેશાનીઓ તથા ધરતીની ચિંતા, આનંદ અને આશાથી, આપણને વંચિત ન રાખે તેનું ધ્યાન રાખીએ. આ ધરતી, માનવજાતનો, સૌનો વારસો છે, જેનાં ફળ ચાખવાનો સૌનો અધિકાર છે.

## ગુજરાતના કૅથલિકોનું સર્વાંગી માસિક



✝ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✝ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કૅથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✝ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કૅથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્‌ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.


**લેખ, કાવ્ય, લવાજમ, પત્રવ્યવહારનું સરનામું**

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

**કાર્યાલયનો સમયઃ**

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.

**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847**
**http://www.gspbooks.in/periodicals.php**
**e-mail : phdoot@gmail.com**

**લવાજમ**

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૪૫૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-

**એપ્રિલ, ૨૦૧૫ 'દૂત' અંકથી જાહેરખબરના નવા દર**

| | |
|---|---|
| છેલ્લું કવરપેજ | : રૂા. ૧૨,૫૦૦ |
| અંદરની બાજુના બધાં જ કલર પેજ | : રૂા. ૧૧,૦૦૦ |

**અંદરના સામાન્ય પેજ**

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૭,૨૦૦ |
| અર્ધું પેજ | : | રૂા. ૩,૬૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૧,૮૦૦ |
| ટચુકડી | : | રૂા. ૦,૬૦૦ |

**જાહેરાત સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી રહેશે.**

દર મહિને ૨૦મી તારીખે આપની જાહેરાતનું પ્રૂફ જોવા રૂબરૂ આવવા વિનંતી.

**લવાજમ/જાહેરાતની રકમના નાણાં ભરવા બાબત**

'દૂત' ગ્રાહકો/જાહેરાતદાતાઓ, આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધાં જ લવાજમ/જાહેરાતની રકમ અમારા બેંક ખાતામાં જમા કરાવી શકો છો. જેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: Gujarat Sahitya Prakash
Name of the Bank: ICICI Bank,
V.V. Nagar 388120
Account No.: 008501008925
IFS Code: ICIC0000085

રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧
**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847 e-mail : phdoot@gmail.com**





# સંત ઈગ્નાસ અને મધ્યકાલીન ગુજરાતી સંતો

ઈસવીસનની પંદરમીથી સોળમી સદીના ગાળાને ઈતિહાસમાં મધ્યકાળનો ચરમકાળ ગણવામાં આવે છે. રોમન સામ્રાજ્યના અસ્તાચળથી માંડીને નવજાગૃતિના ઉદયાચળના આ ક્રાંતિકારી યુગનાં ત્રણ મહત્વનાં લક્ષણો હતાં : પરાક્રમ, પરાવાસ્તવ અને પ્રેમ. દુનિયામાં શૌર્ય અને સાહસિકતા દાખવવાનો મહિમા હતો. વાસ્તવથી પર એવાં તત્વોથી અભિભૂત થવાનો જમાનો હતો અને એ વડે પ્રિયતમ પાત્રોને જીતી લેવાની બોલબાલા હતી. સંત ઈગ્નાસ અને નરસિંહ, મીરાં, અખો-દયારામ જેવા ગુજરાતી સંત કવિઓ પણ આજ મધ્યકાળનાં સંતાનો હતાં. એટલે એમના પર મધ્યકાળના શૂરવીરતા, બંડખોરી કે પ્રણયભાવ જેવા ગુણોનો પ્રભાવ હતો. મધ્યકાળના આ સમકાલીન સંતોએ પ્રેમલક્ષણાભક્તિ અને જ્ઞાનના માર્ગે નોખો ચીલો ચાતર્યો અને પોતીકાં પગલાંની અનેરી છાપ કાળના રેતપટ પર છોડતાં ગયાં. જ્ઞાન, ભક્તિ અને કર્મનો અનેરો સુયોગ આ સંતોમાં જોવા મળે છે. તેઓ ખરા અર્થમાં જીવન્મુક્ત હતાં, પરિવર્તનનો પવન ફૂંકતાં પયગંબરો હતાં. એમનામાં ત્રણ ગુણોનું સામ્ય હતું : સાક્ષાત્કાર, સાયુજ્ય અને સક્રિયતા.

**૧. સાક્ષાત્કાર :**

સંત ઈગ્નાસનો જીવનસંદર્ભ પામવા માટેના આધારગ્રંથો એટલે એમની આત્મકથા, અધ્યાત્મસાધના અને આધ્યાત્મિક ડાયરી, જેના પરથી એમના જીવનની આધ્યાત્મિક પ્રગતિનો અંદાજ મળી રહે છે. એજ પ્રમાણે મધ્યકાલીન ગુજરાતી સંતોના કંઠોપકંઠ પદ્યસાહિત્ય અને જીવન સાથે સંકળાયેલી કથાઓ એમની આધ્યાત્મ યાત્રાનો અહેવાલ આપે છે. જીવનમાં એમને થયેલા આંખ ઉઘાડનારા અનુભવોથી એમને જ્ઞાન અને ભાન લાધ્યાં હતાં. અનુભવોએ એમને જીવનનું એવું વિશિષ્ટ દર્શન કરાવી દીધું કે એનાથી એમનામાં ઊંડો અને સાચો વૈરાગભાવ જાગ્યો. જીવન અને જગતની નિત્ય-અનિત્ય વસ્તુઓનો વિવેક સ્ફૂર્યો અને તેઓ એ સાક્ષાત્કારની દિશામાં અલખ નિરંજન ઓલિયા બનીને નીકળી પડ્યાં- આત્મતત્ત્વના અપરોક્ષ અનુભવની મૂડી લઈને ચાલી નીકળ્યાં.

સંત ઈગ્નાસમાં સદ્-અસદ્‌ની પ્રેરણાઓ પારખવાનો વિવેક એમને અનાસક્તિ ભણી દોરી ગયો, તો નરસિંહ-મીરાં-અખામાં જીવનના કડવા અનુભવો જ્ઞાન અને ભક્તિની અખંડ ધૂન મચવી ગયા. તેઓ ભીતરથી એવાં તો મુક્ત થઈ ગયાં કે સાચાં જીવન્મુક્ત બની ગયાં. રાજકુંવરીઓને વરવાનાં સુંવાળા સ્વપ્ન જોતો શૂરવીર સેનાપતિ ઈગ્નાસ યુદ્ધથી ઘાયલ અવસ્થામાં હૃદયનો ખાલીપો અનુભવે છે. રાજરાજેશ્વર ઈસુની સેનામાં સેતાન સામે લડવાનાં પરાક્રમો એમને સાંત્વનથી ભરી દે છે. આ પ્રથમ અનુભૂતિ એમના સંતત્વનું બીજ બની જાય છે તો મેવાડના રાણાએ દીધેલો તાપ-સંતાપ મીરાંના સતીત્વનું બીજ બની જાય છે. સંસારના સ્વજનોએ દીધેલા હૃદયના ડામ નરસિંહ અને અખાના પારખાં લે છે. જીવન અને જગત એમને એવાં જગાડે છે કે સત્‌ની નવી ભોમકામાં એમનું પરોઢ ઉગે છે. ત્યારે સંત ઈગ્નાસ માતા મરિયમના થાનકે તલવાર અને રાજવી વસ્ત્રો તજીને વલ્કલ ધારણ કરે છે. માન્રેસામાં કાર્દોનેર નદીને કાંઠે એવું દિવ્ય અંતર્જ્ઞાન લાધે છે કે એ પછીના જીવનમાં મળેલું કુલ જ્ઞાન એની તોલે ન આવી શકે. છેવટે પરિવ્રાજક જીવન જીવવાના મનસુબા સાથે પવિત્રભૂમિનું પ્રયાણ આદરે છે. મીરાં ઝેરનો પ્યાલો અને સાપનો કરંડિયો સ્વીકારીને પણ ગાઈ શકે છે :

" સંસારીનું સુખ એવું ઝાંઝવાના નીર જેવું
તેને તુચ્છ કરી ફરીએ રે
સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું
તેને ઘેર શીદ જઈએ રે "

નરસિંહ વૈરાગી ઉઠે છે :

"જ્યાં લગી આતમા તત્વ ચીન્યો નહીં
ત્યાં લગી સાધના સર્વ જૂઠી"

ગાંઠનું સોનું ઉમેરીને ઘડી આપેલા દોરામાં માનેલી બહેનના અવિશ્વાસે અખાની આંખો ઉઘડે છે :

"ભાઈ ભક્તિ જેહવી પંખણિ
જેહને જ્ઞાન વૈરાગ્ય બેઉ પાંખ છે"

તો ભોજો પણ મધ્યકાળના આ સૂરમાં સૂર પૂરાવે છે :

"પ્રાણીયા, ભજી લે ની કિરતાર
આ તો સપનું છે સંસાર"

મધ્યકાળના સંતોમાં પ્રગટેલા આ પ્રખર જ્ઞાન-વૈરાગ્ય સાથે જોડાયેલાં છે : સમત્વ-સ્થિતપ્રજ્ઞાતા-જીવન અને જગતની અનુકૂળ અને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં એક સરખી માનસિકતા. ઈશ્વરસેવામાં ખપ લાગે તેટલું રાખવું, બાકી બધું છોડી દેવું-એવો અનાસક્તિયોગ સંત ઈગ્નાસમાં પ્રગટે છે, તો મીરાં ગાઈ ઉઠે છે :

"કરના ફકીરી તો ક્યા દિલગીરી
સદા મગનમેં રહેના જી
કોઈ દિન હાથી તો કોઈ દિન ઘોડા
કોઈ દિન પેદલ ચલના જી"

તો વળી હરિજનવાસમાં કીર્તન કરતા નરસિંહ પત્નીના મૃત્યુના સમાચારે આલાપી ઉઠે છે :

"ભલુ થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ."

સંત ઈગ્નાસ તેમજ મધ્યકાળના ગુજરાતી સંતોને લાધેલ એક આંતર અનુભવ તેમને જ્ઞાન-વૈરાગ્યની વાટે અગોચર અંતર્મુક્તિ ભણી દોરી જાય છે.

**૨. સાયુજ્ય :**

મધ્યકાળના સંતોએ સાંસારિકતાઓથી (સંસારથી નહીં)લીધેલા વૈરાગ (અનાસક્તિ) પાછળનું પરિબળ જો તેમને લાધેલ જ્ઞાન હતુ ં તો તેનું પરિણામ હતું એકમેવ ઈશ્વર પ્રત્યે આસક્તિ. સંત ઈગ્નાસને પવિત્રભૂમિમાં યાજકવેશે પરિક્રમણ કરતા રહીને, ઈસુની જન્મભૂમિ અને કર્મભૂમિનો સાક્ષાત્કાર કરતા રહીને પૂરેપૂરા ઈસુમાં ભળી જવું છે. સાયુજ્ય એટલે એકાકાર થઈ જવું- ભળી જવું. મીરાંને પણ 'મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા 'ગાઈને કૃષ્ણમાં લીન-વિલીન થઈ જવું છે. નરસિંહને પણ હવે "અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, જૂજવે રૂપે અનંત ભાસે" છે. નરસિંહ " નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો , તેજ હું શબ્દ બોલે" કહી છેવટે સર્વત્ર ઈશ્વરને ભાળે છે. અખો ' પોતે હરિને ન જાણે લેશ, કાઢી બેઠો ગુરુનો વેશ' કહી ઈશ્વરજ્ઞાન પર ભાર મૂકે છે.

સંત ઈગ્નાસ ત્રીસ દિવસની સાધનાને અંતે અધ્યાત્મની ચરમકોટિએ પહોંચે છે :' સર્વ વાતે ઈશ્વરનો સાક્ષાત્કાર, સર્વ વાતે ઇશ્વરની સેવા'. પાવનપિતા પોપને શરણે આત્મસમર્પણ કરવાના મનસુબા સાથે આદરેલી રોમયાત્રાના પથમાં લાસ્તોર્તામાં દિવ્યદર્શન લાધે છે. જેમાં, પવિત્ર ત્રૈક્યના સાનિધ્યમાં એકાકાર થઈ જવાનો ગૂઢ અનુભવ કરે છે.

મધ્યકાળના સંતો જીવન-જગત પરત્વે અકળ ગૂઢભાવ અનુભવે છે. સર્વ સ્થાવર જંગમ પદાર્થોમાં ઈશ્વરનો અકથ્ય અનુભવ કરે છે. નરસિંહ ગાઈ ઉઠે છે :

"જાગીને જોઉં તો જગત દીસે નહીં
ઉંઘમાં અટપટા ભોગ ભાસે
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્દરૂપ છે
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે"

ધીરો પોતાની અવળવાણીમાં એજ ગૂઢભાવ -ઈશ્વરના સાનિધ્યનો અહોભાવ વ્યક્ત કરે છે.

"તરણાં ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં."

અખાએ પણ " હું હસતો રમતો હરિમાં ભળ્યો" કહીને એ સાયુજ્યને સાર્થક કર્યું.

ઈશ્વર સાથેનું આવું અજાયબ અદ્વૈત એ મધ્યકાળના સંતોનો સાધારણ ગુણ છે, સર્વાનુભૂતિ છે. 'ઈશાવાસ્યમ્ ઈદમ્ સર્વ ' નો ઉપનિષદભાવ મધ્યકાળના સંતોનો સહિયારો ભાવ છે. " જીવો બ્રહ્મૈવ ના પર : "(જીવ અને બ્રહ્મ જુદાં નથી) એવો શંકરાચાર્ય સૂચિત એકાત્મભાવ મધ્યકાલીન સંતોની અંતઃશ્રી છે.

**૩. સક્રિયતા :**

મધ્યકાળના સંતો કેવળ મર્મયોગી જ નહીં, કર્મયોગી છે. એમનો અનાસક્તિભાવ નપુંસક નથી, બલ્કે જગતમાં સક્રિય સંડોવણીભર્યો કાર્યશીલ અને ગતિશીલ છે. જીવન અને જગતનું લાધેલું વિશિષ્ટ દર્શન અને એમાંથી પરિણમેલ ગૂઢ ભાવ કે ઈશ્વર સાથેની એકરૂપતા માત્ર જ્ઞાન અને ભક્તિના ઓડકાર બનીને ઓસરી જતાં નથી, બલ્કે, જીવન અને જગતની ગતિવિધિઓમાં પૂર્ણપણે પરોવાઈ જવામાં પરિણમે છે. સંત ઈગ્નાસે ઈસુસંઘીઓને આવા અર્થનો જીવનમંત્ર આપ્યો : સંસારમાં રહીને જીવવું પરંતુ સંસારના થઈને નહીં. સ્વર્ગનાં દ્વાર જગતને ઉંબરેથી જ ઉઘડે છે. સંસારમાં પ્રવૃતિશીલ રહીને, જગતની યંત્રણાઓ -વિટંબણાઓને વહોરીને એમાંથી ઉદ્ધારની કેડી કંડારવી એ જ સંત ઈગ્નાસની દિશા હતી. એમણે મંત્ર આપ્યો : ઇશ્વરની સેવા અને સ્તુતિ તેમજ માનવજીવોનો ઉદ્ધાર. 'જળકમળવત્' રહીને નિર્લેપભાવે સંસારના સરોવરમાં ખીલી ઉઠવાનો પડકાર ઝીલે તે કર્મયોગી. મધ્યકાલીન સંતકવિએ એ વાતને કાવ્યાત્મક રીતે કંડારી છે :

સંસારમાં સરસો રહે ને મન મારી પાસ
સંસારથી લેપાય નહીં તે જાણે મારો દાસ

રવીન્દ્રનાથ ટાગોરે પણ મધ્યકાલીન સંતોની આ વાતને " સકલ દિશે પ્રભુ જોઉં તુજને, સકલ વિશે થઈ પહોંચું તુજને"

કહીને દોહરાવી છે. "હાથે કામ, હૈયે પ્રભુ નામ " કે " હે ભગવાન તારું નામ, સાંભળતો રહું સઘળે ઠામ"માં પણ એજ ભાવ છે. સાચો સંન્યાસી ગતિશીલ-પ્રગતિશીલ હોય છે, કારણ તે કર્મશીલ હોય છે. ઈશ્વર સાથેના યોગનું માધ્યમ એનો પ્રવૃત્તિ વ્યાપાર હોય છે. જગતના વ્યવહારોને એ સાધનાનું વાહન બનાવે છે. એટલે જ નરસિંહ અને મીરાંને 'હરિજન' હરિના જન જેવા લાગે છે અને એમનામાં હરિનાં દર્શન કરે છે : "હાં રે હરિ વસે હરિજનમાં" (મીરાં) કે " હરિજનથી જે અંતર ગણશે તેના ફોગટ ફેરા ઠાલા રે "(નરસિંહ). નરસિંહનો સંન્યાસ જાગ્રત અને કર્મશીલ સંન્યાસ છે : " રાત રહે જાહરે પાછલી ખટઘડી સાધુ પુરુષે સૂઈ ન રહેવું." નરસિંહે તો માણસાઈની વ્યાખ્યા જ તેના કર્મને આધારે કરી છે :

વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે
પરદુઃખે ઉપકાર કરે તોય, મન અભિમાન ન આણે રે.

સંત ઈગ્નાસે અધ્યાત્મસાધનાના છેલ્લા ધ્યાનમાં જગતના સર્વ સજીવ-નિર્જીવ પદાર્થોમાં ઈશ્વરના પ્રેમનો સાક્ષાત્કાર કર્યો. સૃષ્ટિમાં કણસતા અને અવિરત કાર્યશીલ એવા ઈશ્વરની પરિકલ્પના આપી. ક્રૂસ ઉપાડી ચાલતા ઈસુમાં સર્જનહાર ઈશ્વરનું જ રૂપનિહાળ્યું, તો નરસિંહે પણ એજ 'ઈશ્કે હકીકી' પ્રેમનો અનુભવ કર્યો :

પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર
તત્ત્વનું ટૂંપણું તુચ્છ ભાસે.

તો વળી મીરાંએ કહ્યું : " પ્રેમની પ્રેમની પ્રેમની રે મને વાગી કટારી પ્રેમની રે." મધ્યકાળના સંતોએ પ્રેમને જ પરમધર્મ તરીકે સ્વીકારીને તેને પોતાના અધ્યાત્મને ચરમશિખરે બેસાડ્યો. શ્રેષ્ઠ કર્મને જ ખરો ઇશ્વરયોગ માનીને "યોગઃ કર્મસુ કૌશલમ્" મંત્ર સિદ્ધ કરી બતાવ્યો, અકર્મણ્યતાને બદલે સકર્મણ્યતા ચીંધી . આમ, સંત ઈગ્નાસ, નરસિંહ, મીરાં, અખો -દયારામ જેવા વિશ્વ કે ગુર્જર મધ્યકાલીન સંતોએ જે અનન્ય ભક્તિનો મહિમા સ્થાપ્યો તેનાં બીજ એક અનુભવજન્ય જ્ઞાનમાંથી પ્રગટતા વિધાયક વૈરાગમાં છે, ભીતરના સંન્યાસમાં છે, સંસાર પ્રત્યેના ઉન્નત અનુરાગમાં છે. મધ્યકાળના સ્વામીનારાયણ સંપ્રદાયના નિષ્કુલાનંદજીએ પણ એવા રચનાત્મક વૈરાગને છેડ્યો છે :

ત્યાગ ન ટકે વૈરાગ વિના, કરીએ કોટિ ઉપાયજી

જીવ અને શિવની એકતાને આડે આવતું માયા અને અવિદ્યાનું પડ આ સાધુસંતોએ વિંધ્યું, સફાળા જાગ્યા અને એવું ચિક્કાર જીવ્યા કે માનવજીવન અને જગતને સૈકાઓ લગી ઉજાળતા અને અજવાળતા ગયા. ધર્મભ્રષ્ટ અને કોમત્રસ્ત એવા આજના માહોલમાં ધર્મ અને ભક્તિનો આવો વિધાયક સુયોગ ક્યાંક જોવા મળે ખરો ? — ફાધર વિનાયક જાદવ, એસ.જે.


## વાંચો... વિચારો... સૂચન કરો... નામ નોંધાવો... આભાર.

'બાઇબલ ડાયરી - ૨૦૧૫'નું પ્રકાશન અને ત્યાર બાદ લોકલાગણીને માન આપી પુનઃપ્રકાશન કરવામાં આવ્યું હતું. શુભેચ્છકો દ્વારા કેટલાંક સૂચન મળ્યાં છે તે ધ્યાનમાં રાખી, **'બાઇબલ ડાયરી - ૨૦૧૬'**ના પ્રકાશનમાં જાહેરાત છાપવામાં આવશે નહીં વળી પ્રત્યેક દિવસનું વાંચન સંપૂર્ણ છાપવામાં આવશે, જરૂર પડ્યે પાનની સંખ્યા વધારવામાં આવશે. આ સિવાય 'બાઇબલ ડાયરી - ૨૦૧૫'ના અત્યાર સુધીના આપના વાંચન-ઉપયોગના અંતે જો કોઈ રચનાત્મક સૂચન કે સલાહ આપના ધ્યાનમાં આવ્યાં હોય તો પ્રકાશકને જણાવવા અમે નમ્ર વિનંતી કરીએ છીએ.

**'બાઇબલ ડાયરી - ૨૦૧૬'**નું પ્રકાશન નવેમ્બર, ૨૦૧૫ માં કરવામાં આવશે. ડાયરીની કિંમત - પાકું પૂઠું રૂા. ૧૬૦/- અને પેપર બાઉન્ડ રૂા. ૧૨૫/- રહેશે. 'બાઇબલ ડાયરી - ૨૦૧૬' માટે અગાઉથી ઓર્ડર આપનાર ગ્રાહકોને 'બાઈબલ ડાયરી - ૨૦૧૬' પાકું પૂઠું રૂા. ૧૩૦/- અને પેપર બાઉન્ડ રૂા.૧૦૦/-માં મળશે. **'બાઇબલ ડાયરી - ૨૦૧૬'** માટેનો ઓર્ડર, ગુજરાત સાહિત્ય પ્રકાશ આણંદમાં, સ્થાનિક સ્વયંસેવકને અથવા તંત્રીમંડળના સભ્યને કે તમારા ધર્મવિભાગના સભાપુરોહિતને પૂરી કિંમત સાથે ૩૧ ઓગસ્ટ, ૨૦૧૫ સુધી આપવાનો રહેશે. શુભેચ્છકોએ મળેલ ઓર્ડર ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી ગુજરાત સાહિત્ય પ્રકાશમાં જમા કરવા વિનંતી. આપનો આભાર.

**'બાઇબલ ડાયરી - ૨૦૧૬'** માટેનાં આપનાં મૂલ્યવાન, રચનાત્મક સૂચન લેખિતમાં/ઈ-મેઈલ દ્વારા, ૧૫ ઓગસ્ટ, ૨૦૧૫ પહેલાં અવશ્ય મોકલી આપવા વિનંતી. કવર પર **'બાઇબલ ડાયરી - ૨૦૧૬'** માટેનાં સૂચન એમ અવશ્ય લખશો. આપનાં હકારાત્મક સૂચનોનો અમે અમલ કરવાની ખાતરી આપીએ છીએ. સાથે આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર વગેરે પણ આપશો.

ગુજરાત સાહિત્ય પ્રકાશ, પો.બો. ૭૦, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮ ૦૦૧
ફોન નંબરઃ (૦૨૬૯૨) ૨૪૧૫૭૮ / ૨૪૦૧૬૧ મો. ૯૪૦૮૪ ૨૦૮૪૭
**e-mail : phdoot@gmail.com**

પાવન હૃદય
# દૂત

# કાવ્યધારા



## આભાર

પ્રભુ આવ્યો છું તુજ દ્વારે
નથી જોઈતું હવે કશું મારે... પ્રભુ...

તમે આપ્યું છે બધું મુજને રે
મુજ ખોબલે હવે એ છલકે રે... પ્રભુ...

બે હાથ જોડી ઊભો છું તવ સન્મુખે
તમે કાપ્યાં સઘળાં મુજ દુઃખ... પ્રભુ...

નતમસ્તકે તુજ આભાર માનું,
તુજથી પ્રભુ નથી કશું જ છાનું... પ્રભુ...

મુજ કર્મો તમે લેખામાં ના લીધાં,
કેવળ તમે તો મુજને કૃપાદાન દીધાં... પ્રભુ...

— પીટરભાઈ પરમાર

## જળ

રેતાળપથ વિસ્તરતોં જાય,
વિસ્તરતો જાય
દૂર દૂર...
ને આંખ જળને ઝંખતી
જાય, ખેંચાતી જાય દૂર દૂર...
તમે આકાશ,
ધીખે ધરા,
ઓગરદમ ઊડે તપ્ત રેતી,
ના મળે ક્યાંય જળનો અણસાર!
આવી કારમી પળોમાં
થાય — જળ ફૂટે... જળ વરસે...
જળ વહે ખળખળ...
જળની આવી ઝંખના જ
જળમય બનાવીને
રાખે જીવંત!

— સિલાસ પટેલિયા

## ગઝલ

રોજ સાંજે એકલી મળતી ગઝલ,
રાત આખી એ પાછી રમતી ગઝલ.

રાહ જોઈ થાકતો એની હવે,
બારણે જોઈ મને, વળતી ગઝલ.

સાત સાગર પાર કરવાના અહીં,
એટલે તો આંખમાં ભરતી ગઝલ.

થાક ફળિયાનો અહીં વર્ષો જૂનો,
બંધ ઘરમાં એકલી રડતી ગઝલ.

તાંપણે બેઠા અમે વર્ષો પછી,
મૌનની રાતો વચ્ચે બળતી ગઝલ.

— કલ્પેશ સોલંકી 'કલ્પ'

## સોણલું

વહેલી પરોઢના
મીઠી નિંદરમાં
લાધ્યું મને એક સ્વપ્નું
પવનની પાંખે થઈ અસવાર
પહોંચ્યો પરીઓના દેશ
ઝાકઝમાળ આંખો ને આંજે
જોઈ દિલડું રાચે
મનના ઘોડલે થયો અસવાર
પણ લગામ નથી મુજ પાસ.
રેતીના દરિયે, નાવ હંકારી....

— રચયિતા : સ્વ. પીયુષ પીટર પરમાર

## સંબંધ...

ક્યા સંબંધો ક્યારે બદલે કરવટ
એ કહેવાય નહિ,
આમ થાય ત્યારે પીડા
હૈયાની સહેવાય નહિ;
'મારા છે, મારા છે' એવું
સહુને કહેતા હોય,
સંભવ છે, એમના હૈયામાં
બીજા કોઈ રહેતા હોય;
અહેસાસ પ્રણયનો લાગતો હોય
આપણને ભલે,
છેતરાઈએ જ્યારે
ત્યારે થાય હૈયાની ભારે વલે;
સમજતા હોય જેને
આપણે લાગણીભીના સંબંધ,
એવું બને કે એમને મન
હોય એ માત્ર પ્રબંધ;
જિંદગીમાં કદાચ લખી હશે
વિધાતાએ આ વ્યથા,
હોતી નથી બધે સર્જાતી
લૈલા-મજનુની કથા!

— બકુલ મેકવાન

સરનામું:



To,
**ડો. સિલાસ પટેલિયા**
**૨૦૧-સેફ્રોન કલાસિક**
SBS Colony, **ડિલક્ષ ચાર રસ્તા**
**નિઝામપુરા વડોદરા - ૩૯૦૦૦૨**
**મો: ૯૩૭૭૨૬૬૮૨૮**



# તમારો પત્ર



**(૧)**

મે-૨૦૧૫ના 'દૂત' પર માતા મરિયમ અને બાળઈસુનું સુંદર ચિત્ર નિહાળી મરિયમભક્તોને 'મે મહિનો - માતાને સમર્પિત મહિનો' યાદ આવી ગયો. અનુક્રમણિકા પર નજર માંડતાં જ વૈવિધ્યસભર લેખ જોઈ, ઝટ વાંચન માટેના પ્રલોભનને હું રોકી શક્યો નહીં. મુખ-પૃષ્ઠ પછી તંત્રીલેખમાં પણ 'મા...'નું સ્મરણ. જીવંત તથા ચિરકાળ નિદ્રામાં પોઢી ગયેલ અનેક માતાઓ સાથે બીમાર માતાઓ માનસપટ પર પ્રત્યક્ષ થઈ. સૌના સ્મરણને પ્રાર્થનાથી પોંખ્યું. મારી મા - મણીના સ્મરણે આંખો ભીંજવી ખરી. 'દૂત'ની સફળતા માટે શું કહેવું?

ફાધર વિલિયમની 'પુત્રસ્નેહ' વાર્તાએ માતાને ઉંચા સ્થાને બિરાજમાન કરી દીધી. મથુર વસાવાના લેખે પણ માતાના અણમોલ મૂલ્યને અહોભાવથી જોતું કરી દીધું. 'બાળકોને મારી પાસે આવવા દો' અને 'પરિવાર-પ્રેમનું બંધન' તેમજ 'સુખી જીવનની ચાવી' જેવા લેખોએ પરિવારની સંકલ્પના વધારે સ્પષ્ટ કરી, તોય છેવટે તો 'મા'નું પુણ્યસ્મરણ જ ઉભરી આવ્યું. સ્વ. ઝવેરચંદ મેઘાણીનું 'માતૃગૂંજન' કાવ્યગાન હોઠે શરૂ કર્યું, પ્રણામ મા.

— 'રાજબંધુ' જયંત એમ. પરમાર (વડોદરા)

**(૨)**

"પિતાજી, કેમ વિસરે રે!" જૂન - ૨૦૧૫ 'દૂત'માં આહ્‌વાન હેઠળ પિતાજીની યશગાથા વાંચવા મળી. મારા બાપુએ મને નાનપણથી જ 'ઈશ્વર આપણી સાથે છે;' એવા સંસ્કાર જગાડ્યા હતા. કેડસમાં પાણીમાં પણ ખ્રિસ્તયજ્ઞમાં અચૂક જવાનું અને ખ્રિસ્તયજ્ઞ દરમિયાન 'ઓ ખ્રિસ્તયના આત્મા...' અને '... પ્રભુ ઈસુ દુઃખી તણો દાતાર' ભજન ગવડાવતા જે આજે પણ કાનમાં ગૂંજે છે. માબાપની કાળજી લેવામાં વર્તમાન પેઢી આનાકાની કરે છે ત્યારે આવાં સ્મરણો નવીપેઢીને 'વૃદ્ધ માબાપની સેવા'નો મંત્ર કાનમાં ફૂંક્યાનું / આંગળી ચીંધ્યાનું કામ કરશે. અભિનંદન સહતંત્રીને. — રમણ ગાલ્લુસ મેકવાન

**(૩)**

આવિષ્કાર આમ તો વિજ્ઞાનની ભાષાનો શબ્દ છે પણ આહ્‌વાન માટે તે વાપરવાની લાલચ રોકી શકાય તેમ નથી. જરૂરી છતાં હાથબહાર જતા વિષયને આહ્‌વાનના આવરણમાં પરોવવાનો સફળ પ્રયોગ સહતંત્રી શ્રી શૈલેષભાઈએ કર્યો છે. પ્રત્યેક વખતે ખૂબ જ અસરકારક વિષય આહ્‌વાન અંતર્ગત આપ્યો છે. એ પછી મરણોત્તર રીતિ હોય કે અત્યાધુનિક ટેક્નોલોજીની વાત હોય. જૂન ૨૦૧૫ના 'દૂત' અંકમાં પિતાજી પ્રત્યેના અહોભાવને અભિવ્યક્ત કરવાનું આહ્‌વાન આપી અનેક લાગણીઓને સહતંત્રીશ્રીએ વહેતી કરવાની તક ઉભી કરી છે. સમગ્ર 'દૂત' આ આહ્‌વાનથી જ છવાયેલી રહ્યો, જેનો એક આનંદ છે. પરિવારના મોભીનાં આ રીતે લેવાયેલાં ઓવારણાં ખરે જ ધન્યવાદને પાત્ર છે. આહ્‌વાન સમાજની વિચારધારા જાણવા-સમજવાનું અને તે દ્વારા ક્રાંતિ લાવવાનું એક અમોઘ શસ્ત્ર છે તેમ કહેવામાં પણ અતિશયોક્તિ નહીં જ લેખાય. અંતરનાં અભિનંદન શૈલેષભાઈ.

એક નાનકડું સૂચન પણ છે, જો સ્વીકારી શકો તો. ખરેખર ઉપયોગી એવા વિષયો માટે આવતી અલભ્ય માહિતી વધુ પ્રમાણમાં મળે તે ઉચિત લેખાશે. કદાચ જગ્યાનો અભાવ નડે તો આવા ઉપયોગી વિષય માટે બીજા મહિને પણ સમાવવાની જોગવાઈ વિચારવા જેવી ખરી એવું હું માનું છું. આહ્‌વાન અંતર્ગત જૂન પછી ઓગસ્ટમાં નેતાગીરી માસના અંકમાં જૂન માસના વિષયને શક્ય હોય તો સમાવી શકાય. એક વાચક તરીકે અને આહ્‌વાનના આશિક તરીકે દેખાયું તે સૂચન કર્યું છે સ્વીકારશો અને શક્ય હોય તો વાચકોની લાગણીને માન આપશો એવી અપેક્ષા સહ. — ફ્રાન્સિસ ડાયર્સા

**(૪)**

'પ્રકૃતિસંગ' શીર્ષક હેઠળ તંત્રીશ્રી જસવંત મેકવાને આપણને સૌને વીજળી અને પાણીની બચત કરવાની ટહેલ નાખી છે. નિરંજન ભગતની કવિતાનો ઉલ્લેખ પણ યોગ્ય જ લાગ્યો. પર્યાવરણ સુરક્ષા માટે દર્શાવેલા ઘરેલૂ, સામૂહિક કે સંસ્થાકીય સૂચન સમયને અનુરૂપ રહ્યાં.

સિ. પ્રતીક્ષા રાઠોડ (મુંબઈ)ના પપ્પા વિશેના લેખમાં જે બાબત સ્પર્શી તેનો અહીં ઉલ્લેખ કરું છું. 'પહેલાં વિચારો કે મારી શું ભૂલ હતી? બીજું વિચારો કે એને દૂર કરવાનો ઉપાય શું હોઈ શકે?' 'આહ્‌વાન' હેઠળ અગિયાર જેટલા લેખક અને લેખિકાઓએ પિતાજી વિશેનો પોતાના વિચારો રજૂ કર્યા છે. આ ટૂંકાં પરંતુ માર્મિક લેખ વાંચતા એવું લાગે છે કે 'દૂત'ને ગુજરાતી લેખક અને લેખિકાઓ તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે.

'પપ્પા એટલે પપ્પા' હેઠળ મેં જે લખ્યું છે એનો સારો એવો પડઘો પડ્યો છે. 'દૂત' કે જેણે મારી શાબ્દિક અભિવ્યક્તિને પ્રગટ

કરી અને અનેક વાચકો સુધી મારા વિચારો પહોંચાડ્યા. 'હેલ્લો પાપા'માં સુપંથ એમ. મેકવાને (નડિયાદ) જાણીતા વાર્તાલેખક શ્રી ચંદ્રકાન્ત બક્ષીની વાર્તા 'પાણીપતનું ચોથું યુદ્ધ'નો ઉલ્લેખ કર્યો હોત તો સારું. 'માબાપની નિશ્રામાં' ધર્મમાં આસ્થા રાખનાર અને કુટુંબ પ્રત્યે સમર્પિત એવા પિતાની છબી જોવા મળી. 'સર્વોચ્ચ સ્થાને પિતાજી'ના બલિદાનના સ્પર્શી જાય તેવા વિચારો વાંચવા મળ્યા. 'ભવ્યમૂર્તિ પિતાજી'માં પિતાજીનો કુટુંબ પ્રત્યેનો પ્રેમ સુપેરે વ્યક્ત થયો છે.

'તારા પિતા કોણ?' લેખમાંની વાર્તા પ્રેરક લાગી. યશાયા (૪૦:૮)નું વાક્ય 'ઘાસ અને ફૂલ નષ્ટ થઈ જશે પરંતુ ભગવાનની વાણી અટલ રહેશે.' પ્રેરક લાગ્યું. 'નિસર્ગ સંગ સત્સંગ' પ્રવાસ લેખ વાંચવો ગમ્યો. 'કિશોરમિત્ર'માં કિશોરોને જીવન ઉપયોગી વાતો નાનકડી વાર્તાઓમાં સમાવવામાં આવી છે. આંખોને જોવા ગમે એવા સરસ ફોટોગ્રાફ્સથી આ વિભાગ સરસ બન્યો છે. આ વિભાગમાં બ્લેઝ પાસ્કલનું ચિંતનાત્મક વાક્ય વાંચવા મળ્યું : જ્યાં સુધી આપણે કંઈક ને કંઈક કરતાં રહીશું ત્યાં સુધી જીવીત ગણાઈશું. જે દિવસે શાંત બેસી જઈશું તો મૃતક જ કહેવાઈશું. જૂન ૨૦૧૫ના 'દૂત'ના અંકમાં જોડણીની ભૂલો જોવા મળી છે. જોડણી મામલે આપની ટીમે હજી કમર કસવાની આવશ્યકતા જણાય છે.

— અમિત ચૌહાણ (વલાસણ)

**(૫)**

પૂજ્ય હૃદયની ઉપાસનાનાં આરંભમાં પાવન હૃદય દૂત માસિક, ખ્રિસ્તી પરિવારોમાં અધિક જાગૃતિ લાવવામાં મોખરાનું સ્થાન ધરાવે છે ત્યારે પાવન હૃદય, આ ઉત્તમ પ્રૈષિતિક કાર્યને વધુ આગળ ધપાવે એ જ અભ્યર્થના. શ્રી બકુલ મેકવાને એક અનુવાદક તરીકે પૂજ્ય હૃદયની ભક્તિનો મહિમા વર્ણવીને ભક્તોની ભક્તિ-આસ્થા વધારી છે. પિતૃદિન નિમિત્તે, પિતાજીનો મહિમા વર્ણવતા તમામ લેખકશ્રીઓએ પોતાના જીવંત અનુભવો પોતાનો મહામૂલો પિતાજીનો પ્રેમ, વાચકો સમક્ષ લઈ આવવામાં સફળ નીવડ્યાં છે. આ સાથે સિસ્ટર પ્રતિક્ષા રાઠોડ, સિ. જોસફા તથા સિ. રેશ્મા લિખિત પોતાના પિતૃ અનુભવમાંથી દરેક પુત્રીને જરૂરથી પોતાનાં ધાર્મિક તેડાં બાબતે પ્રેરણા મળી રહે છે. 'પ્રકૃતિસંગ' તંત્રીલેખમાં, ઈશ્વરે રચેલી, આ સુંદર ઉપવનસમી સૃષ્ટિનું જતન કરવાનો શ્રી તંત્રીશ્રી દરેકને અનુરોધ કરે છે તથા પર્યાવરણની સુરક્ષા માટેના જરૂરી સૂચન જે દરેક વાચકે અમલમાં મૂકવા જેવા છે.

રેવ. ફાધર રપ્પાઈ દ્વારા લખાયેલ લેખમાં, ઈસુસંઘીઓ દ્વારા ઈકોલોજી મિશનની માહિતી મળી છે. ઈસુસંઘીઓને પર્યાવરણની સુરક્ષા માટે ઉત્તરોત્તર પ્રવૃત્તિ માટે શુભેચ્છા.

— રંજનાબેન રાજેન્દ્રભાઈ પરમાર (વડોદરા)

**(૬)**

જૂન દૂતમાં 'પૂજ્ય હૃદયની ભક્તિ, ઉપાસનાનો આરંભ'માં શ્રી બકુલ મેકવાન અનુવાદક તરીકે પ્રભુના પૂજ્ય હૃદય પર્વની ઐતિહાસિક બાબતોને ખૂબ જ સરળતાપૂર્વક વાચકો સમક્ષ લઈ આવ્યા છે, અભિનંદન. જે વાચકોને પ્રભુના પૂજ્ય હૃદયની ભક્તિ સમીપ દોરી જાય છે. આ સાથે પિતૃ દિવસ નિમિત્તે ઘણાં જુદાં જુદાં લેખકોનાં પિતાજી વિશેનાં પોતાના મંતવ્યો જીવંતરૂપે રજૂ કર્યાં છે. જે પિતૃપ્રેમની ખાતરી કરાવે છે.

રાજેશ ક્રિશ્ચિયન દ્વારા લેખિત "એક વિશ્વઃ સમાન પર્યાવરણ લેખમાં, પર્યાવરણનું અનેરું મહત્ત્વ દર્શાવ્યું છે, પરંતુ આજે પ્રત્યેક વ્યક્તિ જો આ પર્યાવરણની જાળવણી પ્રત્યે સજાગ બનશે તો જ પર્યાવરણની રક્ષા અન્વયે, ખરી જાગૃતિ આવી ગણાશે. 'પ્રકૃતિસંગ' તંત્રીલેખમાં પણ તંત્રીશ્રીએ પર્યાવરણ સુરક્ષાની ઘણી પાયાની બાબતો પર પ્રકાશ અને ભાર મૂક્યો છે કે જેમાં દરેકે સામેલ થયે જ છૂટકો, કારણ પ્રકૃતિ વગર જનજીવનની કલ્પના જ કરવી અશક્ય છે. સર્વે લેખકશ્રીઓને અભિનંદન.

— સિસ્ટર અલકા આર. પરમાર (વાઘોડિયા)

**સપ્ટેમ્બર, ૨૦૧૫ માટે**
**કવિ/લેખકોને આમંત્રણ**

**સપ્ટેમ્બર માસના મહત્ત્વના દિવસો :**

૫ સપ્ટેમ્બર : શિક્ષકદિન
૮ સપ્ટેમ્બર : વિશ્વ સાક્ષરતા દિન
૧૪ સપ્ટેમ્બર : દાદા-દાદી દિન (સપ્ટે.નો બીજો સોમવાર)
૧૬ સપ્ટેમ્બર : વિશ્વ ઓઝોનદિન
૨૧ સપ્ટેમ્બર : વિશ્વ શાંતિદિન
૨૭ સપ્ટેમ્બર : વિશ્વ પ્રવાસનદિન

**ધર્મસભાના મહત્ત્વના દિવસો :**

૫ સપ્ટેમ્બર : પુનિત મધર થેરેસા
૮ સપ્ટેમ્બર : માતા મરિયમની જન્મજયંતિ
૧૪ સપ્ટેમ્બર : પુનિત ક્રૂસની પ્રતિષ્ઠા
૧૫ સપ્ટેમ્બર : વેદનામૂર્તિ માતા મરિયમ
૨૧ સપ્ટેમ્બર : શુભસંદેશકાર સંત માથ્થી
૨૯ સપ્ટેમ્બર : મહાદૂતો મિખાયેલ, ગાબ્રિયેલ, રાફાએલ

**૫ ઓગસ્ટ, ૨૦૧૫ સુધી લેખ 'દૂત' કાર્યાલયને તેમજ કાવ્ય, કાવ્યધારાના સંપાદકને મોકલવા વિનંતી.**

***સમગ્ર ગુજરાતમાં સેવાવ્રત ઈસુસંઘીઓને સંત ઈગ્નાસના પર્વ નિમિત્તે હાર્દિક શુભેચ્છાઓ.***
***સંત ઈગ્નાસની પ્રેરણા પ્રત્યેક ઈસુસંઘીને આદર્શ બની રહે એ જ પ્રાર્થના.*** ***-'દૂત' પરિવાર***

# મહાન બક્ષિસ

✍ અનુવાદ : બ્રધર અલ્પેશ ચૌહાણ એસ.જે.



બસો વર્ષ પહેલાં દક્ષિણ ઈટાલીમાં પ્રગાઢ મિત્રો-મારિયો અને આન્સેલમો રહેતા હતા. મારિયો ધનિક જમીનદારનો દીકરો હતો, તે ખૂબ જ હોશિયાર અને ઉત્સાહી હતો, જ્યારે આન્સેલમોના પિતાજી ગામડાંનો મોચી હતો અને તે ભણવામાં નબળો અને ગાફેલ હતો.

એક દિવસ મારિયોએ નિખાલસભાવે આન્સેલમોને કહ્યું : 'ખરેખર, જો મને જબાનનું વરદાન મળે તો!' આન્સેલમોએ ભરોસો આપતાં પ્રત્યુત્તર વાળ્યો, 'હું દરરોજ પ્રાર્થના કરીશ, જેથી તારું ઈચ્છિત વરદાન તને મળે.'

કાળક્રમે મારિયો એક સંન્યસ્ત સંઘમાં જોડાયો અને થોડાક મહિનાઓ બાદ આન્સેલમો પણ ધર્મબંધુ તરીકે જોડાયો. જુદાં કાર્યક્ષેત્રને કારણે બન્ને એકબીજાથી દૂર રહ્યા પરંતુ આન્સેલમો ક્યારેય પોતાનું વચન ભૂલ્યો નહીં. મારિયોને દીક્ષા મળી હવે તેણે પુરોહિતનો કાર્યભાર સંભાળ્યો. પાસ્ખા રવિવારના રોજ તેને પહેલી વખત જાહેરમાં ઉપદેશ આપવાનો હતો. આગલી સાંજે જ્યારે તેણે બોધ તૈયાર કર્યો ત્યારે આન્સેલમોએ કહ્યું : 'ગુડ લક, ફાધર મારિયો, તમારા ઉપદેશ વખતે હું ત્યાં હાજર હોઈશ, તમારા માટે પ્રાર્થના કરતો રહીશ.'

બીજા દિવસ સવારે મારિયોનો ઉપદેશ સર્વોત્તમ રહ્યો. આજદિન સુધી, આ દેવળમાં ક્યારેય આવો ઉપદેશ સાંભળ્યો ન હતો. દેવળના મધ્ય ભાગે એક થાંભલાએ જાણે જડાઈ ગયો હોય તેમ સતત પ્રાર્થના કરતો આન્સેલમો જોવા મળ્યો. એક સારા ઉપદેશક તરીકે મારિયોની પ્રસિદ્ધિ તત્કાળ વધવા લાગી. સમગ્ર દેશમાં વિવિધ સમુદાય આગળ બોધ આપવા હવે તેમને આમંત્રણ મળવા લાગ્યાં. અને એન્સેલ્મો હમેશાં તેમના પડછાયાની જેમ પાછળ જતો અને કોઈની નજરે ઝાઝું ન ચડે તે રીતે દેવળમાં જગ્યા શોધી કાઢતો, તેમના માટે પ્રાર્થના કરવા બેસી જતો.

મારિયોને હવે બઢતી મળી, તેઓ રાજાના ઉપદેશક બન્યા અને બાદમાં એમ્બ્રુઝઝોના ધર્માધ્યક્ષ બન્યા. સંઘમાં પણ ચોમેર તેમની વાહવાહ થવા લાગી. પણ નમ્રતાથી પોતાની જાતને નામશેષ કરનાર આન્સેલમોને ભાગ્યે જ યાદ કર્યા જે તેમના માટે અવિરત પ્રાર્થના કરતો હતો.

એક દિવસ આન્સેલમોને તેની નિશ્ચિત જગ્યા પર ન જોતાં મારિયોને આશ્ચર્ય થયું. સ્વયંભૂ ઉપદેશ કરવાની તેની વાચા જાણે બંધ થઈ ગઈ, ગમેતેમ કરી આજનો ઉપદેશ પૂરો કર્યો. સેક્રેસ્તિમાં પાછા ગયા બાદ, આન્સેલમોને તત્કાળ હાજર કરવા તાકીદ કરી. 'માનનીય ધર્માધ્યક્ષ સાહેબ' એક વૃદ્ધ પુરોહિતે જવાબ આપ્યો : 'પા કલાક પહેલાં જ તેઓ મૃત્યુ પામ્યા છે.'

બિશપ આ વાત માનવા તૈયાર ન હતા. પેલા પુરોહિત ઉમેર્યું : 'તેઓ એક અસાધ્ય રોગથી પીડાતા હતા. તમને જાણ કરીને તમને પરેશાન કરવાની તેમની બિલકુલ ઈચ્છા ન હતી.'

'મને તેની પાસે લઈ જાઓ.' ધર્માધ્યક્ષશ્રીએ કહ્યું. ઘોડારની પાછળ એક સાંકડા રહેઠાણમાં, જર્જરિત ઝભ્ભામાં આન્સેલમો નિષ્પ્રાણ પડેલો હતો. 'શું આ જગ્યાએ બ્રધર રહેતા હતા?' ધર્માધ્યક્ષે પૂછ્યું.

'હા ગુરુજી.' જીવનનો છેલ્લો દિવસ તેમણે શું કર્યું હતું! 'તેમણે તમારી સેવામાં ગાળ્યો.' 'ત્યાર પછી' 'ત્યાર બાદ ખૂબ ઓછો સમય વધ્યો હતો.' 'તેમણે બાળકો સાથે વાતચીત કરી, ભિખારીઓને ખવડાવ્યું અને... અને... ગુરુજી તેમણે પ્રાર્થના કરી.'

'પ્રાર્થના કરી?' ધર્માધ્યક્ષે વધારે પૂછપરછ કરી જાણે આ શબ્દ પહેલીવાર સાંભળ્યો હોય!

'હાજી ગુરુજી, તેમણે ખૂબ જ પ્રાર્થના કરી.' હમેશાં સ્મિત વેરતો તેમનો જવાબ હતો 'એક શુભ હેતુ માટે'.

હવે એમ્બ્રુઝઝોમાં વધારે સમય ગાળવો તેમના માટે શક્ય ન હતું. કારણ રોમમાં તેમની રાહ જોવાતી હતી. તેમના જીવનની સૌથી ઘમંડી ક્ષણ આવી પહોંચી. સેંટ પીટર મહાદેવાલયની ઉન્નત વ્યાસપીઠ પર તેઓ પહોંચી ગયા. ધર્મજનો આતુરતાથી તેમના ઉપદેશની રાહ જોવા લાગ્યા પણ મોઢામાંથી એક શબ્દ ન નીકળ્યો. કપાળે પરસેવો થવા લાગ્યો. આશાભરી નજર વ્યાસપીઠની નીચે કરી કે, કાશ, આન્સેલમો ત્યાં હાજર હોય અને તેમના માટે પ્રાર્થના કરે. પણ નિષ્ફળતા... જ્યારે તેમને વ્યાસપીઠ પરથી નીચે લઈ જવામાં આવ્યા ત્યારે તેમના અર્ધખુલ્લા હોઠમાં શબ્દો હતા : 'આન્સેલમો સંપન્નપુરુષ હતા. હું માત્ર ઉપરનું ફોતરું!'

ફિજિશયનની સલાહ પ્રમાણે હવાફેર કરવાની સલાહ આપી રમણીય સ્થળની મુલાકાતનો પ્રસ્તાવ રાખ્યો, પણ મારિયોએ ઈન્કાર કર્યો. જ્યાં તેમની પુરોહિતદીક્ષા થઈ હતી, ત્યાં સેમિનરીમાં પાછા જવા ઈચ્છા દર્શાવી અહીં મારિયો દિવસનો મોટો ભાગ પ્રાર્થનામાં ગાળતા, દરરોજ ધર્મબંધુ આન્સેલમોની કબરની મુલાકાતે જતા. તેમનામાં પરિવર્તન આવ્યું. તેમનું ગુમાન પીગળી ગયું. એક બપોરે મારિયો, આન્સેલમોની કબર આગળ ઘુંટણિયે પડી પ્રાર્થના કરતા હતા ત્યારે ઉપરી અધિકારી ઓચિંતા ત્યાં આવી ચડ્યા અને પૂછ્યું: 'ઘણું સારું, મારિયો તમને છટાદાર વાક્ચાતુર્ય પ્રાપ્ત થાય તે માટે પ્રાર્થના કરો છો?' ગંભીરપણે મારિયોએ જવાબ વાળ્યોઃ 'ના જી. ફાધર, હું એથી ચડિયાતા આશીર્વાદ માટે પ્રાર્થું છું. પરમાત્મા મને ધર્મબંધુ એન્સેલ્મો જેવા નમ્ર બનાવે તે માટે હું પ્રાર્થના કરું છું. ●

Coursty : 'The Jesuit Brother'

# રાજકીય જવાબદારી – એક પ્રેમભર્યું આહ્‌વાન
## (જુલાઈ મહિનાનો પ્રાર્થનાનો હેતુ)

✍ ફાધર રત્નાસ્વામી

રાજકીય જવાબદારી આપણા જીવનના દરેક સ્તરે મહત્તમ પ્રેમભાવથી નિભાવવામાં આવે તો કેટલું ઉત્તમ!

**રાજકારણની આજની છાપઃ** આજે દુનિયાના ઘણા દેશોમાં 'રાજકારણ' – 'Politics' એ એક 'dirty word' ખરાબ શબ્દ બની ગયો છે. એવું માનવામાં આવે છે કે રાજકરણમાં પ્રવેશીને વિજયી બનવા માટે એક વ્યક્તિ છળકપટથી કામ લેવા સમર્થ હોવો જોઈએ. આ કારણથી રાજકરણીઓ જે બોલે છે તે સામાન્ય પ્રજા સહેલાઈથી માની લેવા તૈયાર હોતી નથી. એક રમૂજ, આ સત્ય સુંદર રીતે રજૂ કરે છે.

ચૂંટણીમાં ઝળહળતો વિજય મેળવ્યા પછી ત્રીસેક રાજકરણીઓ પ્રવાસે નીકળ્યા. તેમની બસ એક દૂરના નાનકડા ગામ આગળથી જતી હતી ત્યારે એક ભયંકર અકસ્માત સર્જાયો. એ સમાચાર મળતાં પોલીસ અકસ્માતના સ્થળ તરફ દોડી ગઈ. પણ પોલીસને તે નાનકડા ગામમાં પહોંચતાં લાંબો સમય થઈ ગયો. છેલ્લે, અકસ્માતના સ્થળે પોલીસ પહોંચી, ત્યારે ત્યાં બસ તો હતી જ, પણ એકેય રાજકરણી દેખાયો નહિ. પોલીસે ઝાડ નીચે આરામ કરતા એક ખેડૂતને જોયો.

પોલીસે તેને પૂછ્યું : ભાઈ, આ બસનો અકસ્માત થયો ત્યારે તમે અહીં જ હતા? ખેડૂતે કહ્યું, 'હા, અહીં જ હતો.'

પોલીસે પૂછ્યું, 'બસ તો છે, પણ એકેય રાજકરણી દેખાતો નથી. તેમનું શું થયું?'

મેં તેમને દફનાવી દીધા છે, 'ખેડૂતે જવાબ આપ્યો.'

'દફનાવી દીધા? બધાને?' પોલીસે પૂછ્યું.

'હાજી, બધાને.'

પોલીસે પૂછ્યું, 'પણ શું તમને પૂરી ખાતરી થઈ કે બધા જ મરી ગયા હતા?'

'મને તો ખાતરી હતી પણ તેમનામાં અમુક તો એવો દાવો કરતા હતા કે પોતે જીવે છે. પણ મેં તેમનું નહિ માન્યું.'

'કેમ?'

'રાજકરણીઓ કદી સાચું બોલતા હોય!'

ઉપરોક્ત રમૂજ આપણને દર્શાવે છે કે, લોકોમાં રાજકરણીઓની છાપ કેટલી ખરાબ હોય છે!

આપણા ભારત દેશની વાત કરીએ તો એ વાસ્તવિકતા લોકો જાણે છે કે આજના રાજકરણીઓમાંથી ઘણા કોઈ ને કોઈ ગુનામાં – લૂંટ, ગુંડાગીરી, ઝઘડો, ભ્રષ્ટાચાર, છેતરપિંડી, શોષણ, સરકારી પૈસાની ગોલમાલ, કોમી રમખાણોમાં ભાગ, હિંસા અને ખૂન જેવા ગુનાઓમાં - સંડોવાયેલા છે.

**કેવી રીતે રાજકરણમાં યોગ્ય પરિવર્તન લાવી શકીએ?**

રાજકરણ વિશે વાત કરીએ ત્યાં સૌથી અગત્યનો મુદ્દો છે અધિકાર. રાજકરણીઓ તેમને જે અધિકાર મળે છે તેનો લોકોના ભલા માટે ને સમાજના વિકાસ માટે સદુપયોગ કરે ત્યારે રાજકરણમાં યોગ્ય પરિવર્તન આવે છે. આ બાબતમાં આપણે શું કરી શકીએ? રોમના ધર્મસંઘ પર સંત પાઉલ આ વિષય પર જે લખે છે તેના આધારે નીચે આપેલા મુદ્દા પર મનન ચિંતન કરીએ (રોમ ૧૩:૧-૭)

૧. અધિકાર પ્રત્યે હકારાત્મક વલણ રાખો. કારણ કે દરેક અધિકાર ઈશ્વર પાસેથી મળેલો હોય છે.

૨. તમારા રાજ્યાધિકારીઓને આધીન રહો. કેમ? અધિકારીઓ તો તારા ભલા માટે નિમાયેલા ઈશ્વરના સેવકો છે (રોમ ૧૩:૪).

૩. અધિકારીઓને સમાજ વિકાસના કાર્યમાં સહકાર આપો. તે માટે યોગ્ય કર આપો (રોમ ૧૩:૬).

૪. તમારા પોતાના જીવનમાં તમને જે અધિકાર મળ્યો છે – માતા કે પિતા તરીકે, શિક્ષક, પોલીસ, સમાજ કે ધર્મસભામાં કોઈપણ આગેવાન તરીકે - તેનો ઉપયોગ સેવા લેવા માટે નહિ, પણ સેવા કરવા માટે કરો (માર્ક ૩૫-૪૫).

૫. અધિકાર માણસ તરફથી મળી શકે છે (પૈસા, પદવી, શારીરિક તાકાત, દુન્યવી બાબતોની આવડત વગેરે) અથવા ઈશ્વર તરફથી મળી શકે છે. (ઈશ્વરના આત્માના સંચાર દ્વારા, પ્રાર્થના, ઈશ્વરની વાણીનું વાંચન અને તે અનુસાર જીવવા પ્રયત્ન કરવો). તમે ઈશ્વર પાસેથી અધિકાર મેળવવા પ્રયત્નશીલ રહો (માર્ક ૧૧:૨૭-૩૩). કારણ ઈશ્વર પાસેથી મળતો અધિકાર જ કાયમી છે અને તે જ બીજાનું ભલું કરવા પ્રેરે છે.

૬. રાજકરણની આજની ખરાબ છાપ બદલાવવાની ઈચ્છા હોય તો ઈશ્વરનાં રાજ્યનાં મૂલ્યો (જેવાં કે, પ્રેમ, આનંદ, શાંતિ, માફી, દયા) અનુસાર જીવો અને બીજાને પણ આવું જીવવા પ્રેરો.

૭. તમારા રાજ્યાધિકારીઓ માટે રોજ પ્રાર્થના કરો જેથી તેઓ પોતાને મળેલી રાજકીય જવાબદારી તેમના જીવનના દરેક સ્તરે મહત્તમ પ્રેમભાવથી નિભાવવા પ્રયત્નશીલ બને.

૮. તમે એ સત્યથી સભાન બનતા રહો કે તમે બે રાજ્યોના નાગરિકો છો – આ દુન્યવી રાજ્યના અને ઈશ્વરના રાજ્યના. આમ તમારે આ બંને રાજ્યની બેવડી જવાબદારીઓ નિભાવવાની જરૂર છે. પ્રભુ ઈસુએ કહ્યું છે, 'જે બાદશાહનું છે તે બાદશાહને આપો અને જે ઈશ્વરનું છે તે ઈશ્વરને આપો' (માર્ક ૧૨:૧૭).

૯. અમુક પ્રસંગમાં જો તમને ખાતરી થાય કે તમારા રાજ્યાધિકારીઓનો હુકમ ઈશ્વરના પ્રેમની આજ્ઞા વિરુદ્ધ છે ત્યારે તમે ઈશ્વરની આજ્ઞા પ્રમાણે જીવવાનું પસંદ કરો.

પ્રજાના અધિકારીઓને પીતર અને યોહાને આપેલો જવાબ છે : 'અમે ઈશ્વરને બદલે તમારું કહ્યું કરીએ એ ઈશ્વરની નજરમાં યોગ્ય ગણાશે કે કેમ? તમે જ નક્કી કરો. અમે તો જે જે જોયું અને સાંભળ્યું છે તેને વિશે બોલ્યા વગર રહી જ શકીએ તેમ નથી' (પ્રેષિતોનાં ચરિતો ૪:૧૯-૨૦).

૧૦. જો તમને એક રાજ્યાધિકારી બનીને સમાજની સેવા કરવા માટે ઈશ્વર હાકલ કરે તો તેનો સ્વીકાર કરી, યોગ્ય તાલીમ મેળવી (દા.ત. IASનો અભ્યાસ, Political Scienceનો અભ્યાસ, સામાન્ય જ્ઞાન મેળવવામાં રસ વગેરે) પ્રભુ ઈસુના મૂલ્યો અનુસાર જીવનાર એક ઉત્તમ અધિકારી બનો! ●


## હાર્દિક શુભેચ્છાઓ







**ચિ. રેનીસન**
MBA (Fin), ITM, Mumbai
જ. તા.: ૦૫-૦૨-૧૯૯૧

**ચિ. રેચેલ**
B.E (Elect), M.S. Uni.
જ. તા.: ૦૧-૧૦-૧૯૯૨

**"મિત્રો કથની બધાંને એક જ કહેવાની;**
**શ્રદ્ધાની ફસલ બસ મધઝરતી રહેવાની."**

મુંબઈ સ્થિત 'Transparent Value' (New York) કંપનીમાં 'Equity Research Analyst' તરીકે નિમણૂક બદલ **ચિ. રેનીસન**ને તથા મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, આણંદમાં જુ. ઈજનેર તરીકે નિયુક્તિ બદલ **કુ. રેચેલ**ને અભિનંદન તથા શુભેચ્છાઓ. બંનેની કારકિર્દીમાં વરસાવેલ અઢળક આશિષ બદલ ઈશ્વરપિતાનો અંતઃકરણપૂર્વક આભાર!

**સ્મિતા - બકુલ મેકવાન**
**તથા સમગ્ર પરિવાર**
**મો. ૯૯૯૮૦ ૨૩૫૫૩**



# તારાપુર ધર્મવિભાગના નવા દેવળ માટે ઉદાર હાથે દાન કરો



*પ્રાર્થના અને આભાર સહ,*
સભાપુરોહિત, સંત યોસેફ દેવાલય, તારાપુર, તા. તારાપુર, જિ. આણંદ - ૩૮૮ ૧૮૦

બેન્ક દ્વારા દાન મોકલવા માટેની માહિતી:

BANK A/C NAME : CATHOLIC CHURCH, AMOD (TARAPUR)
BANK A/C NO. 34830100004418
BANK OF BARODA, TARAPUR
IFSC CODE - BARB0TARAPUR



# શબ્દવિહોણી ખ્રિસ્તઘોષણા

✍ બ્રધર જોબિન ઈ.સ.

દરેક ખ્રિસ્તીજન એક મિશનરી છે અને હોવો જોઈએ. ખ્રિસ્તીજનનું મિશન શું છે? સ્વર્ગારોહણ પહેલાં ઈસુએ પોતાના શિષ્યોને દર્શન આપીને છેલ્લી સૂચના આપી હતી કે “તમે દુનિયામાં બધે જઈને આખી સૃષ્ટિને શુભસંદેશ સંભળાવો” (માર્ક ૧૬:૧૫). “મેં જે જે આજ્ઞાઓ આપી છે તેનું પાલન કરવાનો ઉપદેશ આપો” (માથ્થી ૨૮:૨૦). “તમે આખી દુનિયામાં, ઠેઠ ધરતીના છેડા સુધી મારે વિશે સાક્ષી પૂરશો” (પ્રે.ચ. ૧:૮). એટલે શિષ્યો નીકળી પડ્યા અને સર્વત્ર શુભસંદેશની ઘોષણા કરવા લાગ્યા (જુઓ માર્ક ૧૬:૨૦). શિષ્યોના આ કામનું પરિણામ શું છે એ આપણે આપણી આંખોથી જોઈ શકીએ છીએ.

જે આદેશ ઈસુએ પોતાના શિષ્યોને આપ્યો હતો એજ આદેશ ઈસુ દરેક ખ્રિસ્તીજનને આજે પણ આપે છે : શુભસંદેશની ઘોષણા કરવી, ઈસુની આજ્ઞાઓનું પાલન કરવાનું લોકોને શીખવાડવું અને ઈસુની સાક્ષી પૂરવી. ઈસુના આ આદેશને અનુસરીને જિવન જીવવું એ દરેક ખ્રિસ્તીજનની ફરજ છે.

‘શુભસંદેશ’ શું છે? દરેક ખ્રિસ્તીજન માટે શુભસંદેશ એ છે કે ઈસુખ્રિસ્ત સજીવન થયા છે. જે ખ્રિસ્તને ક્રૂસ પર ચઢાવીને મારી નાખવામાં આવ્યા હતા એજ ખ્રિસ્ત સજીવન થયા છે અને આપણી સાથે જીવે છે અને આપણી મધ્યે હાજર છે એ છે શુભસંદેશ. “જે ઈસુને તમે ક્રૂસે ચડાવ્યા તેમને ઈશ્વરે ફરી સજીવન કર્યા છે, એના અમે બધા સાક્ષી છીએ.” (પ્રે.ચ. ૨:૩૨-૩૬). આ જ શુભસંદેશ છે અને આનાથી મોટો શુભસંદેશ છે જ નહીં. શુભસંદેશની ઘોષણા કરવા માટે આપણને બોલાવવામાં આવ્યા છે.

આપણું બીજું પણ એક કામ છે, ઈસુની આજ્ઞાઓનું પાલન કરવાનું લોકોને શીખવાડવું. ઈસુની આજ્ઞા શું છે? “પરમેશ્વર પ્રભુ પર પૂરા હૃદયથી, પૂરા જીવથી, પૂરી શક્તિથી અને પૂરા મનથી પ્રેમ રાખવો અને માનવબંધુ ઉપર જાત જેટલો પ્રેમ રાખવો” (લૂક ૧૦:૨૭). એ આપણે બધાં જાણીએ છીએ. હવે, આપણે લોકોને એ શિખવાવવું છે. આ છે આપણા માટેનો ઈસુનો આદેશ. આપણે ક્યારે બીજાને કંઈક શીખવવી શકીએ? આપણે બરાબર શીખ્યા હોય ત્યારે જ.

ઈસુનો આદેશ છે કે લોકોને આજ્ઞાઓનું પાલન કરતાં શીખવાવવું, આજ્ઞાઓ શીખવવાની નથી. માટે, આજ્ઞાઓનું પાલન કરવાનું શિખવાડવા પહેલાં આપણે પોતે એ આજ્ઞાઓનું પાલન કરવું જોઈએ અને આપણા રોજિંદા જીવનમાં એ આજ્ઞાઓ ઉતારવી જોઈએ. તો જ આપણે ઈશ્વર પ્રભુને પ્રેમ કરવા અને માનવબંધુને પ્રેમ કરવા લોકોને શીખવવી શકીએ. ઈસુની આ બન્ને આજ્ઞાઓને સંત પાઉલ એક જ આજ્ઞામાં સમાવે છે : “તારા બંધુ ઉપર તારી જાત જેટલો પ્રેમ રાખવો, એ એક વાક્યમાં આખી નિયમસંહિતા આવી જાય છે” (ગલાતિયા ૧૪). પણ પોતાના બંધુ પર જાત જેટલો પ્રેમ રાખવા માટે કોઈ પણ વ્યક્તિ એ પહેલા ઈશ્વરને પ્રેમ કરવો પડે. આ બન્ને આજ્ઞા સાથોસાથ અમલમાં મૂકાય છે. બન્નેને અલગ કરી શકાતી નથી. બીજાને પ્રેમ કર્યા વિના પ્રભુને પ્રેમ કરી ના શકાય, તેમ પ્રભુને પ્રેમ કર્યા વિના બીજાને પ્રેમ ન કરી શકાય. ‘મારો બંધુ કોણ છે.’ એનો જવાબ ઈસુ પોતે ‘ભલા શમરુની’ની દૃષ્ટાંતકથા દ્વારા સમજાવે છે. જે વ્યક્તિ મુશ્કેલીમાં હોય, જેને મદદની જરૂર હોય એ જ મારો સાચો બંધુ. (લૂક ૧૦:૨૫-૩૭).

પાઉલને મતે બીજા પરના પ્રેમનો ઉત્તમ દાખલો છે ઈસુનો આપણા પરનો પ્રેમ. આ પ્રેમ માટે ગ્રીક શબ્દ છે ‘અગાપે’. અગાપે એટલે કોઈપણ અપેક્ષા વગરનો પ્રેમ. કોઈપણ મર્યાદા વગરનો પ્રેમ. પ્રેમ કરવાનો હેતુ જ પ્રેમ. ઈસુ પોતે એ પ્રેમ કરી આપણને બતાવે છે કે આપણે પણ એવું જ કરવાનું છે. “મેં જેમ તમારા ઉપર પ્રેમ રાખ્યો છે તેમ તમારે પરસ્પર પ્રેમ રાખવાનો છે” (યોહાન ૧૩:૩૪). પાઉલના મતે આપણને આપણી શ્રદ્ધા દ્વારા સ્વતંત્ર કરવામાં આવ્યા છે અને સ્વાતંત્ર્ય એકબીજાની સેવા કરવા માટે જ છે (ગલાતિયા ૫:૧૩). જે શ્રદ્ધા આપણને સેવા તરફ લઈ જાય એ જ સાચી શ્રદ્ધા. કર્મ વગરની શ્રદ્ધા નકામી છે (યાકોબ ૨:૧૪-૨૬) અને પ્રેમ દ્વારા સક્રિય બનેલી શ્રદ્ધા જ કામમાં આવે છે (ગલાતિયા ૫:૬). આપણો બીજા પરનો પ્રેમ, કોઈ પણ પ્રકારના શારીરિક કે માનસિક દબાણ અથવા ગમે તે પ્રકારની બીકને લીધે નહીં પણ આપણો બીજા પરનો પ્રેમ સ્વતંત્ર અને સ્વૈચ્છિક હોવો જોઈએ (ગલાતિયા ૫:૧૩). આપણા પ્રેમનો પાયો છે ખ્રિસ્ત પરની આપણી શ્રદ્ધા.

આવું કાર્ય કે મિશન એકવીસમી સદીમાં શક્ય છે? ૨૦૦૦ વર્ષો પહેલાંની ઈસુના આદેશને આજે જીવનમાં ઉતારવો શક્ય છે? મારો જવાબ છે, ‘હા’. મારા અનુભવોને આધારે હું જવાબ આપવા ઈચ્છું છું. હું ધર્મવિદ્યાનો વિદ્યાર્થી છું. હું દર શનિ-રવિ દોન બોસ્કો, સ્નેહાલય, વડોદરા જાઉં છું. અનાથ, માતાપિતા વગરનાં, ઘર વગરનાં, ગરીબ અને જોખમ ભરપૂર પરિસ્થિતિઓમાં શેરીઓમાં રખડતાં બાળકો માટેનું ઘર છે ‘સ્નેહાલય’ (શેલ્ટર હોમ). શરૂઆતમાં ત્યાં ગોઠવાતાં મને સમય લાગ્યો કારણ કે મારે મન મિશન અને ખ્રિસ્તીધર્મ સરખાં હતાં; એટલે મારું કામ માત્ર ખ્રિસ્તીજનો માટે હોવું જોઈએ એવું હું માનતો. તેથી આવા પ્રકારની સેવા કે મિશન મારા માટે પડકારરૂપ હતાં. ધીમે ધીમે મારી સમજનો વિકાસ થવા લાગ્યો. ધર્મવિદ્યાના અભ્યાસની સાથે આપણી શ્રદ્ધા અને આપણા ધર્મનો સાચો અર્થ હું સમજવા લાગ્યો. સાચા ખ્રિસ્તીજન તરીકે આપણો ધ્યેય હોવો જોઈએ આ પૃથ્વી પર ઈશ્વરના રાજ્યની સ્થાપના કરવાનો. વિવિધ સાંસ્કૃતિઓ અને વિવિધ ધર્મના સંદર્ભમાં આપણા દેશમાં ઈશ્વરના રાજ્યની સ્થાપનાનું કામ ખાસ અગત્યનું છે; કારણ કે આપણા

દેશમાં માનવનું મૂલ્ય તેની જાતિ, ધર્મ, સત્તા, કે હોદ્દાથી આવે છે. માનવને માનવ હોવાને કારણે માન-સન્માન મળતું નથી. એટલે જ 'ઈશ્વરનું રાજ્ય' ફેલાવવું અગત્યનું છે જેમાં સ્વતંત્રતા, નીતિન્યાય, પ્રેમ, સેવા જેવાં મૂલ્યો હોય. પૃથ્વી પર ઈસુનું કાર્ય એ જ હતું. ઈસુના અનુયાયીઓ તરીકે આપણું કામ પણ એ જ છે. ઈસુએ શરૂ કરેલું એ કામ - ઈશ્વરના રાજ્યની સ્થાપના. ઈસુના દુન્યવી જીવન દરમિયાન પૂર્ણ થયું નહોતું એટલે એ કામ ચાલુ રાખવું એ આપણા દરેકનું કર્તવ્ય છે. આ કામ દોન બોસ્કો સંસ્થાના ધર્મગુરુઓ 'સ્નેહાલય' દ્વારા ચાલુ રાખે છે. સંસ્થામાં બાળકોને દાખલ કરવા માટે કાયદેસરની કાર્યવાહી તો છે જ. સંસ્થા જોખમ ભરપૂર પરિસ્થિતિઓમાં રહેતાં બાળકોને શોધવા જાય છે. કાયદા પ્રમાણે કાર્યવાહી પતાવ્યા પછી બાળકોને 'સ્નેહાલય'માં દાખલ કરે છે. બાળક ૧૮ વર્ષની વયનો પુખ્ત થાય ત્યાં સુધી બાળકોની બધી જરૂરિયાતો - શારીરિક, માનસિક, શૈક્ષણિક, આધ્યાત્મિક-પૂરી પાડીને ઉછેરવામાં આવે છે.

પહેલા દિવસે હું 'સ્નેહાલય' પહોંચ્યો ત્યારે છોકરાઓનું શિસ્તબદ્ધ ને સારું વર્તન જોઈને હું અચંબો પામ્યો. મારા મનમાં પ્રશ્ન થયો. ખરેખર આ બધા પછાત ને ગરીબ પરિસ્થિતિમાંથી આવ્યા હશે? 'સ્નેહાલય'ના બધા બાળકો અભ્યાસ કરે છે. તેમાંથી સર્વાધિક બાળકો ઔપચારિક (શાળા-કોલેજમાં) શિક્ષણ અને બાકીના અનૌપચારિક (અનુભવ આધારે) શિક્ષણ પ્રાપ્ત કરે છે. એ માટેની બધી વ્યવસ્થા સંસ્થા કરે છે.

'સ્નેહાલય' બાળકોને ઈશ્વર ભક્તિમાં ઉછેરે છે અને પ્રભુમાં માનતા કરે છે. બાળકો વિવિધ ધર્મના હોવા છતાં તેઓ અલગ અલગ ધર્મમાં મર્યાદિત થઈ જતા નથી પણ એનાથી ઊલટું, બધા ધર્મનાં મૂલ્યો બાળકો શીખે છે. 'સ્નેહાલય'ના પ્રતીકમાં ભારતના અલગ અલગ ધર્મના મૂલ્યો દર્શાવવામાં આવ્યાં છે. એમાં હિન્દુ, ઈસ્લામ, ખ્રિસ્તી, શીખ, બૌદ્ધ, જૈન, યહૂદી અને તેઓ ધર્મમાંથી પ્રેમ, શાંતિ, ક્ષમા, આશા, આનંદ, ધૈર્ય, એકતા, ભલાઈ જેવાં મૂલ્યો વણી લેવામાં આવ્યાં છે. આ મૂલ્યો પોતાના જીવનમાં ઉતારવા બાળકોને શીખવવામાં આવે છે.

બાળકો ૧૮ વર્ષની ઉંમરે 'સ્નેહાલય' છોડે છે ત્યારે, નવું વ્યક્તિત્વ ધારણ કરીને દુનિયાનો સામનો કરવા જાય છે. તેઓના મનમાં શાંતિ અને આનંદ છે, બીજા પ્રત્યે, દુનિયા પ્રત્યે અને પોતા પ્રત્યે પ્રેમ છે. ઘણી વખત મને વિચાર આવે છે. કેમ આ સંન્યાસીઓ આ કામ કરે છે? તેઓને આ કામ માટે પ્રેરણા ક્યાંથી મળે છે?

મારા પ્રશ્નનો જવાબ મને મળી ચૂક્યો છે - ઈસુ પરનો તેઓનો વિશ્વાસ. ઈસુના સાચા અનુયાયીઓ તરીકે આપણે ઈસુના સાક્ષીઓ થવાનું છે. આપણે ઈસુની ઘોષણા કરવાની છે; માત્ર આપણી વાણી કે આપણા શબ્દો દ્વારા નહિ, બલકે, આપણાં વર્તન અને વ્યવહાર દ્વારા, આપણાં સારાં કામ જોઈને લોકોને ખબર પડવી જોઈએ કે આપણે ખ્રિસ્તના અનુયાયીઓ છીએ.

શબ્દવિહોણી ખ્રિસ્તઘોષણા માટે આપણે શું કરવું જોઈએ? પવિત્ર આત્મા, જે પિતા પરમેશ્વર અને પ્રભુ ઈસુનું વરદાન છે, તે આપણામાં વાસ કરે છે. આપણને દોરવણી આપતા રહે છે. આપણા જીવનમાં પવિત્ર આત્માને કાર્યરત થવા દઈએ. આપણને માર્ગદર્શન મળે એ માટે આપણા અંતરનો દરવાજો ખોલી નાખીએ. કારણ, "આપણા જીવનનો આધાર પવિત્ર આત્મા છે એટલે પવિત્ર આત્મા ચલાવે તેમ આપણે ચાલવું જોઈએ." (ગલાતિયા ૫:૨૫). પવિત્ર આત્મા પ્રેમમાં વ્યક્ત થાય છે. પવિત્ર આત્મા આપણને પ્રેમપૂર્વક એકબીજાની સેવા કરવા પ્રેરશે. ઈસુની આજ્ઞાઓને પોતાના જીવનમાં ઉતારવા શિષ્યોને પવિત્ર આત્માએ શક્તિ આપી હતી. એ જ પવિત્ર આત્મા આપણને પણ મદદ કરશે જો આપણે ઈસુના શુભસંદેશની ઘોષણા કરવા, એમની સાક્ષી પૂરવા પૂરા મન અને હૃદયથી તૈયાર રહીએ. આપણે એમ કરીએ તો જ ઈસુનું કામ આગળ વધશે અને ઈશ્વરનું રાજ્ય આ દુનિયામાં સ્થપાશે. ●




congratulation

**to Rev. Fr. Joseph Wilson**
**Principal & Staff**

St. Aloysius English Medium School,
Gomtipur, Ahmedabad

Result 96%
First batch in S.S.C. Board March, 2015

*A well Wisher*



**Since : 2009** **Reg. No. : E20710**

**નર્સિંગ એડમીશન ૨૦૧૫-૧૬**

**MAC EDUCATION**

| | | |
|---|---|---|
| ANM નર્સિંગ | ૨ વર્ષ | ૧૨ પાસ |
| GNM (જનરલ નર્સિંગ) | ૩.૫ વર્ષ | ૧૨ પાસ |
| B.Sc નર્સિંગ | ૪ વર્ષ | ૧૨ પાસ (Sci-B) |
| Post B.Sc. | ૨ વર્ષ | GNM પાસ |
| M.Sc. નર્સિંગ | ૨ વર્ષ | B.Sc./Pc B.Sc. |

★ S.C. / S.T. માટે મફત* ★ ઉત્તમ હોસ્ટલની સુવિધા
★ ફ્રી મર્ટીરીયલ્સ ★ ગુજરાતી ભોજન
★ ૧૦૦% જોબ ★ એજ્યુકેશન લોન

**:: Head Office ::**
ફસ્ટ ફ્લોર, સ્વરૂપ કોમ્પલેક્ષલ મહેન્દ્ર શાહ હોસ્પિટલ પાસે,
ભાલેજ રોડ, આણંદ. ગુજરાત.
મો. ૦૯૯૨૫૭ ૮૮૮૬૩
**ઉમરેઠ : 096243 22314 ખંભાત : 095107 77584 વડોદરા : 088660 60013**
**પેટલાદ : 099243 34392 અમદાવાદ : 084607 43914**



# આંતરરાષ્ટ્રીય જમીનવર્ષ

✍ જેનેટ જૉન્સન ફાર્મર

સેંટ ઝેવિયર્સ - ગાંધીનગર

થોડાંક વર્ષ પહેલાં, કોલેજના એક વરિષ્ઠ અધ્યાપક 'તરુમિત્ર આશ્રમ'માં (પટના-બિહાર) ટૂંકા રોકાણ માટે પધાર્યા. તેઓના પગે, ચામડીમાં વિકૃતિ જોવા મળી હતી. વિલાયતી દવાઓથી હારી થાકીને હવે તેમણે દવા કરવાનું જ બંધ કર્યું હતું, પણ ચામડી બદત્તર બની હતી.

આશ્રમવાસીઓ એક દિવસ એક ખાબોચિયું ખોદી રહ્યા હતા, અધ્યાપક તેમને મદદ કરવા લાગ્યા. ખાબોચિયામાં ખોદકામ કરતાં તેમના બન્ને પગ કલાક જેટલો સમય કાદવમાં ખૂંપેલા રહ્યા હતા. બીજા દિવસે તેમણે જોયું કે ચામડીમાં રૂઝ આવવા લાગી છે. તેમણે માન્યું કે કાદવે કમાલ કરી છે! હવે તો એકાદ અઠવાડિયા સુધી કાયમ નિયમિતપણે તેઓ પગને કાદવમાં ખૂંપેલા રાખતા. બધાના આશ્ચર્યની વચ્ચે, બન્ને પગ સાજાનરવા થઈ ગયા હતા. તેમના જીવનમાં અચાનક આનંદ આનંદ વ્યાપી ગયો.

અદ્યતન ટેક્નોલોજીની આ દુનિયામાં, ધરતીનો સંપર્ક સ્વાસ્થ્ય આપી શકે એમ છે, એ વાત સહજ રીતે કોઈ ન સ્વીકારે, પણ વાસ્તવિકતા છે. 'ધરતી મૃત છે, માનવજાત માટે ફાયદાની- વેચવા કે ખરીદવાની એક જણસ છે' એવી વિચારધારા જ આપણને શંકાશીલ બનાવે છે. પૂર્ણવિરામ. સંયુક્ત રાષ્ટ્રસંઘે (UN) આ વાસ્તવિકતાથી ગંભીર નોંધ લીધી, બે વર્ષની સઘન તૈયારી કરી અને રાષ્ટ્રસંઘની ૬૮મી સામાન્ય સભાએ ૨૦૧૫ના વર્ષને 'ઈન્ટરનેશનલ ઈયર આફ સોઈલ' (આંતરરાષ્ટ્રીય જમીન વર્ષ) તરીકે જાહેર કર્યું.

'ફુડ એન્ડ એગ્રિકલ્ચર ઓરગેનાઈઝેશન' (FAO)ના જણાવ્યા પ્રમાણે : 'પ્રદૂષણ મુક્ત ધરા એ માત્ર આપણા ખોરાક, ઈંધન, વસ્ત્ર અને ઔષધિ ઉત્પાદનનો આધાર નથી, તદ્દુપરાંત આપણી આર્થિક વ્યવસ્થા, કાર્બન ચક્રમાં ચાવીરૂપ ભૂમિકા, પાણીનું શુદ્ધીકરણ અને સંગ્રહ તેમજ પૂર અને દુકાળ જેવી આફતોના નિયંત્રણકાર્યમાં ગતિરૂપ છે.'

જ્યાં જમીનનું સંપૂર્ણ ખવાણ થયું છે ત્યાંના લોકોને હવે ધરાનું મૂલ્ય સમજાયું છે! ખેતીને મદદરૂપ બનનાર છ ઈંચના ટોપસોઈલનું સર્જન કરવામાં ધરતી ૧૨૦૦ વર્ષ લે છે, એવું વૈજ્ઞાનિકો માને છે.

યુનાઈટેડ નેશન સોઈલ સાયન્સ સોસાયટી ઓફ અમેરિકા (SSSA) એ આંતરરાષ્ટ્રીય જમીન વર્ષ નિમિત્તે પ્રત્યેક મહિનાના એક હેતુ લેખે બાર હેતુની યાદી બહાર પાડી છે, જે દરેક, વર્ષ દરમિયાન ઉજવણીની અલગ રૂપરેખા આપે છે.

| મહિનો | પ્રયોજન/આદર્શ |
|---|---|
| જાન્યુઆરી | જીવનનો આધાર માત્ર ધરા |
| ફેબ્રુઆરી | ધરા-શહેરી જીવનનો મદદગાર |
| માર્ચ | ધરા-ખેતીનો પ્રમુખાધાર |
| એપ્રિલ | જળનું શુદ્ધિકરણ અને સંગ્રહ કરનાર ધરતી |
| મે | ઈમારત અને માળખાનો પાયો - ધરા |
| જુન | પુનઃસર્જનનો એકમાત્ર વિકલ્પ ધરતી |
| જુલાઈ | જીવંત વસુંધરા |
| ઓગસ્ટ | ધરતી-સ્વાસ્થ્યની જનેતા |
| સપ્ટેમ્બર | કુદરતી પર્યાવરણનો સંરક્ષક ધરા |
| ઓક્ટોબર | ઉપયોગી ઉત્પાદનની ખાણ |
| નવેમ્બર | વાતાવરણ અને ધરા |
| ડિસેમ્બર | માતૃભૂમિ, પ્રજા અને સંસ્કૃતિ |

**ધરતી એક સમાજ :** 'ધરતી એક જીવંત સંગઠન છે' એવું વલણ, પહેલાં કરતાં આજકાલ વિજ્ઞાનીઓમાં વધારે માત્રામાં વિકસી રહ્યું છે. એક સંસ્થા તરીકે સંવેદના અનુભવવા અને નિર્ણાયક ભૂમિકા રજૂ કરવા ધરતી હૈયું ધરાવે છે! પરસ્પરાવલંબી ઈન્દ્રિયોવાળી સંખ્યાબંધ રચના ધરાવતી પૃથ્વીની આ ધરા છોડ-ઝાડ વગેરેને આધાર તેમજ જીવન આપે છે, જે માનવજાતને પ્રાણવાયુની લહાણી કરે છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં, ઘરની નાજુકાઈથી ઓક્સિજનની યોગ્ય માત્રાનું આપમેળે નિયંત્રણ કરે છે.

'ધરતી આપણી અર્થવ્યવસ્થાનો મોભ છે, કાર્બન ચક્રના નિયંત્રણમાં મહત્ત્વની ભૂમિકા અદા કરે છે, પાણીના શુદ્ધિકરણ અને સંગ્રહનો મુખ્ય નાયક છે, અતિવૃષ્ટિ અને દુકાળની પરિસ્થિતિને અટકાવે છે તેમ છતાંયે આપણા આ મૌનમૂક સાથી-જન્મદાત્રી પ્રત્યે, આપણે લગીરેય પરવા કરતા નથી, ધરતીની આ દોસ્તી જ આપણને વળી વળી તેના વિશે વિચારવા આહ્‌વાન કરે છે.' એમ એફ.એ.ઓ. આગળ જણાવે છે.

અદ્યતન ઉપકરણથી સુસજ્જ પ્રયોગશાળામાં પણ તૈયાર ન કરી શકીએ એવો ૯૫% ખોરાક આપણને સીધેસીધો ધરતીમાંથી ઉપલબ્ધ છે! આદિવાસી પ્રજામાં આજે પણ ધરતી પ્રત્યે એટલો જ આદર પ્રવર્તે છે. કાપણી-લણણી જેવી બાબતો તેમના સામાજિક- ધાર્મિક તહેવારોની ઉજવણીનું મૂળ કારણ છે. 'ડુવામીશ ઇન્ડિયન્સ પ્રજાના વડા ચીફ સીઆટલે ૧૮૫૪ની સાલમાં અમેરિકન સરકારને

એક પત્ર લખ્યો હતો. પત્રમાં તેમણે ઈશ્વરનો સઘળે વાસ છે એની ઊંડી સમજ આપી છે. એમને આપણા પ્રદેશની ભૂમિને ખરીદવી છે. ધરતી કે આકાશને ક્યારેય ખરીદી કે વેચી શકાય ખરાં? પવનની હૂંફ અને પાણીના ચળકાટના અમે કંઈ થોડા માલિકો છીએ કે તેને અમારી પાસેથી તમે ખરીદી શકો? અમારી ભૂમિનો કણેકણ અમારા લોકોને માટે પવિત્ર ને પૂજનીય છે. પ્રત્યેક પાઈન વૃક્ષની ચળકાટ મારતી સોય, નદીઓના રેતાળ કિનારા, ગાઢ જંગલોમાંનાં ધુમ્મસ, લીલોછમ હરેક ચારો ને ગુંજન કરતું હરેક જીવજંતુ; બધું જ મારા લોકોને મન પવિત્રતમ છે. અમે ધરતીના અંશ છીએ અને ધરતી અમારા અસ્તિત્ત્વનો અંશ છે.'

**જોખમમાં ધરતી :** વૈજ્ઞાનિકોના મતાનુસાર જમીનના કુલ વિસ્તારના ત્રીજા ભાગે તેની સહજ ગુણવત્તા ગુમાવી દીધી છે! અવિચારીભર્યું ખનન, આડેધડ બાંધકામ, ઝેરી રસાયણોનો નિકાલ, બેરોકટોક પ્રદૂષણે ધરતીની દુર્દશા કરી છે! હજુપણ ધરતીના સંરક્ષણનાં વલણમાં પરિવર્તન ન થાય તો ભારે હાલાકીના દિવસો હવે દૂર નથી! રાસાયણિક ખાતરનો અમર્યાદ ઉપયોગ, ઉદ્યોગો દ્વારા ફેલાતું પ્રદૂષણ, ખેતીવાડીમાં ઝેરી દવાઓનો બેફામ વપરાશ વગેરેથી ધરતી નૂર ગુમાવી રહી છે. જાણે કે વર્તમાન ખેતી, ધરતીનાં શોષણ અને સર્વનાશનો વ્યવસ્થિત તમાશો બની રહી છે! સાઈઠના દાયકામાં પંજાબની ધરતી હરિયાળી ક્રાન્તિનો આદર્શ ગણાતી આજે તે પણ રાસાયણિક આધાર ખેતીથી ખરડાયેલી છે અને લગભગ ભારતના અન્ય ભૂભાગની પણ આજ દશા છે!

**ધરા આદરની આધ્યાત્મિકતા :** ધરતી પ્રત્યે પૂજ્યભાવના વલણની આધ્યાત્મિકતાના વિકાસની હાલમાં તાતી જરૂરિયાત છે. 'સર્જનની કદર, એ સર્જકના વંદન સમાન છે' એમ વડાધર્મગુરુશ્રી સંત જોન પોલ બીજાએ પર્યાવરણની માવજતની વાત કરતાં ઉમેર્યું હતું: 'ટેકનોલોજીના આ યુગમાં માનવજીવન વધારે ને વધારે ખતરામાં હોમાતું જાય છે, પરિણામે ક્રમશઃ માનવ, બ્રહ્માંડના સર્જનમાં રહેલા સૌંદર્યને જોવાનું-માણવાનું વિસરી જાય છે!'

વડાધર્મગુરુ ફ્રાન્સિસે ટ્વીટ કરતાં કહ્યું હતું કે, 'સર્જનની સંભાળ એ ઇતિહાસના આરંભે કહેલી પુરાણી વાત નથી, પરંતુ તેમના આયોજન પ્રમાણે પ્રત્યેક માનવને વિશ્વાસપૂર્વક સોંપાયેલી જવાબદારી છે.' પોતાના પ્રથમ આરંભના ખ્રિસ્તયજ્ઞમાં શ્રદ્ધાળુઓને સર્જનના રક્ષક બનવા અનુરોધ કર્યો હતો. ●

*('તરુમિત્ર'ના સ્થાપક ફાધર રોબર્ટ એસ.જે.ના 'Healthy Soils for Healthy life'નો ભાવાનુવાદ)*


## Wanted Teachers

**Maths & Science teacher : M.Sc., B.Ed.**

Application invited for the above from :

a) Females only
b) Those with fluency in English and minimum experience of 3 years

*Send your application with complete bio-data within a week.*

**To, The Principal, St. Ursula School, N.H.No.-8, Dabhan-387 320**
**Ta – Nadiad, Dist : Kheda Ph : 0268-2581819**

HAPPY



RENEE
DOB: 14-07-2014

BIRTHDAY

"હમારે ઘર આઈ એક નન્હી પરી"

આનંદ અને નેન્સીની લાડલી
Renee - રીને (કેનેડા)
જશવંત પપ્પા અને ઈન્દુમમ્મીની દુલારી,
નીકી, રીચી, રીયાની વ્હાલી,
મહેન્દ્ર, સંકેત, કેયુરની પ્યારી,
મા-બાપુ અને સિસ્ટર સુસાનના
આશિષ સહ....
ખૂબ ખૂબ પ્રેમ અને દુઆ અમારી,
Birthday તારી અને ખુશી અમારી,
અયાન અને યુગ વાટ જુએ
રાખડીની તારી...



# આધ્યાત્મિક સફરમાં યાત્રા

✍ ફાધર એન્થની વેદમ એસ.જે.

**એક મહિનાની દીર્ઘ આધ્યાત્મિક સાધનામાં પરમેશ્વર મારી જીવનસફરને યાત્રામાં પલટાવી દીધો!**

(૧)

હા, એ જ પરમાત્માએ,
મારી અપાત્રતાને ધ્યાનમાં લીધા વગર
પ્રત્યેક પળે મને ભરપટ્ટે પ્રેમ કર્યો છે;
એટલું જ નહીં,
પેઢી દર પેઢી સમગ્ર માનવજાતને
અને અજોડ એવા મને,
છુટા હાથે પ્રેમની લહાણ કરી છે!

'એક અણમોલ મોતી'ની
જેમ મારી ખોજ કરી તેણે,
ક્રુસારોહણ થકી કિંમત ચૂકવી તેણે,
આશ્ચર્યથી દિગ્મૂઢ બની રહ્યો હું!

ખુદ પરમાત્મા પુત્રએ
કેમ અસહ્ય, સહન કર્યું?
'કેવળ તારા પરના પ્રેમને કારણે'
જવાબ આપ્યો હતો મને તેણે!

પડખે બેસી, મારી સુપાત્રતા (!) નો
ક્યાસ કાઢી જોયો મેં,
કબરમાં તેનો નિસ્તેજ દેહ
સ્વચ્છ લિનનમાં વિંટાળ્યો હતો,
શરીર પરના તાજા ઘા જાણે,
વેદનાનો ચિતાર આપતા રહ્યા
પુનઃ મારી જાતને પ્રશ્ન કર્યો
પ્રેમના દેહાવતારે
ક્રૂર મૃત્યુ વહોરવાની હતી જરૂર?
ક્રૂસારોહણ સ્વીકારી,
સર્વને પાત્ર બનાવી
નિર્વ્યાજ પ્રેમની ઘોષણા કરી તેણે!

ક્યાંક અંતરાલના ઉંડાણમાં,
મારી યોગ્યતા-અયોગ્યતાનો ખ્યાલ કરતાં
સાંભળું છું હું કાનમાં મારા,
'તું મારા માટે અણમોલ છે.
માટે જ ચાહું હું કેવળ તને'
એ જ રાહ પર છું હું!

'હા એ જ ઈશ્વરપુત્ર,
પ્રેમનો માનવઅવતાર;
ચાહતનું ક્રુસારોહણ!
ક્યાંક મારા ખાલીપણાની બખોલ
તેના જીવનથી સભર થતાં
હેતને અનુભવું છું અપરંપાર!

એક વખત આ સત્યનો
વાસ્તવિક ઓળખનો અવિષ્કાર થતાં
સુદૃઢ એકતામાં અંકુરણ પામતાં
માવજત મેળવતાં,
દેહાવતાર પ્રેમ અને
પ્રેમના ક્રુસારોહણ સાથે
હરહંમેશ શાશ્વતજીવન માટે
મારી જાતને એકાકાર થતાં નિહાળું છું હું!

હિંમતવાન બની પ્રાર્થું છું
તેના માનવીય અને દિવ્યપ્રેમથી સિંચાયેલ
હું સાક્ષીરૂપ છું!
મારા કૃપાપાત્ર જીવનથી
તેના નામ-મૂલ્યનો પ્રસાર કરતાં
આજે અને સર્વદા
આમીન.

(૨)

તેના વચન પ્રમાણે
ત્રીજા દિવસની પ્રભુવાર પરોઢે
ક્રુસે ટીંગાયેલ પ્રેમ વિજય પામ્યો,
નફરત અને અનિષ્ટ પરાજિત થયાં!
અસીમ પ્રેમની વિજયપતાકા લહેરાવતાં
આનંદ-શાંતિની કૃપાવૃષ્ટિ કરી તેણે!

હતાશા, મુંઝવણ અને ભયગ્રસ્ત
શિષ્યગણ અને અનુયાયીઓને
અચાનક ભેટો થતાં તેણે
નવજીવનનો સંચાર કર્યો
જાણે સમળગું રૂપાંતર થયું!
પુનરુત્થાન પરમેશ્વરપુત્રના
પ્રૈષિતિક કાર્યને વેગ આપવા
પવિત્ર આત્માએ જોમ પ્રગટાવ્યું!

મેરી માગ્દાલનાની જેમ
ઈચ્છાઓ, ઉત્સુક વિચારો, ખ્યાલો સાથે
મેં પણ કબર તપાસી જોઈ
પણ તે ખરેખર ખાલી હતી!

ખુશીની વાત, તેમ છતાંયે
મારી આસપાસ અને ભીતરમાં
રોજબરોજ જે કંઈ છે તેના પરિવર્તનમાં
હું તેમને ઓળખી કાઢું છું!
મારી શંકા-કુશંકાઓ અને ડરને
આશા અને શ્રદ્ધામાં રૂપાંતર કરું છું હું.
નબળાઈઓને શક્તિ અને નિષ્ઠામાં
સામાન્ય વલણને
શ્રદ્ધેય ઈસુસંઘી જીવનમાં,
સ્થાપકના આશયને સાકાર
કરવા તત્પર બનું છું હું!

મારી અનાસ્થા અને ગાઢનિદ્રામાંથી
ઉંચકી લીધો છે મને તેણે
જીવનદાન ઝરણામાં ઝબોળ્યો મને તેણે
નામ દઈ બોલાવ્યો
મારા જીવનભરના વણરૂઝાયેલા ઘાને
રૂઝવવા મને તેણે!

તિબેરિયસ સરોવર કાંઠે
પીતરને ત્રણ વાર એક જ પ્રશ્ન પૂછીને
ઈસુ વળ્યા'તા મારી તરફ
આંખોમાં આંખ પરોવીને
એજ પ્રશ્ન પૂછ્યો મને તેણે!
'આ બધા કરતાં વધારે
ચાહે છે તું મને?'
મારી કંગાલિયતની પરવા કર્યા વિના
'જી પ્રભુજી' પ્રત્યુત્તર વાળ્યો વિલંબ વિના!

સ્વર્ગીય મહિમા-સ્વર્ગારોહણ પહેલાં
આદેશ આપ્યો મને તેણે
હવે પછી નજરે જોશો નહીં મને,
પણ જેવો પ્રેમ મેં કર્યો તને
એવો જ પ્રેમ કરીશ અન્યને
અરે તારા જાની દુશ્મનને
પ્રજા નિહાળશે તારામાં મને

અને હું તારામાં
મબલક ફળ આપતાં દુનિયાને.

પોતાની પસંદગી અને પોતાની છબીમાં
પ્રેમથી ઘડતર કર્યું મારું તેણે
દિવ્ય પ્રેમથી સભર કર્યો મને તેણે
આજે અને પ્રત્યેક પળે
હૃદયના પ્રત્યેક ધબકારે
સતત અનુભવ્યા કરું છું હું
ક્ષણેક્ષણ પ્રેમ પાંગર્યા કરે.

એકવાર પ્રેમમાં ગળાબૂડ બન્યા બાદ
મારી સામે-દુનિયા સામે જોયું મેં.
દિવ્યાત્મા અદકેરા અનુભવ માટે
આમંત્રણ પાઠવ્યા કરે છે મને
પાંચમા સપ્તાહે,
સાક્ષાત્કારના આરંભે
શુષ્ક-તુચ્છ મારી જીવનરીતિને
પ્રેમની પાંખો પર લાદીને
નમ્ર હૃદયે પ્રાર્થીને
'શક્તિ ઉતારો નાથ,
પ્રેમસેવાનાં ફળ ઉતર્યા કરે અથાક'
આમીન.

## મહાધર્માધ્યક્ષશ્રીને પ્રણામ

**વેટિકન :** ૧૨ જૂન, ૨૦૧૫ના રોજ સાંજના ૩.૩૦ કલાકે વેટિકન રેડિયો પરથી સમાચાર જાહેર થયા : 'વડાધર્મગુરુ ફ્રાન્સિસે, ગુજરાત-ગાંધીનગર મહાધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષશ્રી તરીકે, અમદાવાદ ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષશ્રી થોમસ મેકવાનની પસંદગી કરી છે. અભિનંદન.' સાડાબાર વર્ષ સુધી ધર્માધ્યક્ષશ્રી થોમસ મેકવાને અમદાવાદના ધર્માધ્યક્ષશ્રી તરીકે યશસ્વી સેવા આપી છે. આભાર.

૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ગાંધીનગર ખાતે વેટિકનના ભારત (ન્યુ દિલ્હી) ખાતેના રાજદૂત આર્ચબિશપ સાલ્વાતોરે પિનાકિયોના વરદ્‌હસ્તે, ગાંધીનગર મહાધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષશ્રી તરીકે તેઓશ્રીની પદારોહણ વિધિ સંપન્ન થશે. અમદાવાદ ધર્મપ્રાંતના નવા ધર્માધ્યક્ષશ્રીની વરણી સુધી મહાધર્માધ્યક્ષશ્રી થોમસ મેકવાન અમદાવાદ ધર્મપ્રાંતના ધર્મપ્રાંતીય વ્યવસ્થાપકશ્રી તરીકે પણ, વડાધર્મગુરુના આદેશ પ્રમાણે સેવા આપશે.

મહાધર્માધ્યક્ષશ્રી થોમસ મેકવાનને હાર્દિક શુભેચ્છાઓ. 'દૂત' પરિવારના પ્રણામ.

— શૈલેષ ક્રિસ્ટી




PUSHPAK TOURS & TRAVELS

### પુષ્પક ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

### દિવાળી વેકેશન પ્રવાસ

**વેલાંગની-સંત આલ્ફોન્સા-સંત કુરીયાકુસના દર્શનાર્થે રેલ્વે તેમજ બસ દ્વારા** — લકઝરી બસ દ્વારા સાઈડ સીન સાથે

સાથે : પોંડીચેરી, કન્યાકુમારી, કોવાલમ, એલ્લપી, થેક્કડી, મુનાર, કોચીન

| દિવસ | આખી ટીકીટ | અડધી ટીકીટ | ઉપડવાની તારીખ | રહેઠાણ વ્યવસ્થા |
|---|---|---|---|---|
| ૧૫ | રૂા. ૧૭૫૦૦/- | રૂા. ૧૦૫૦૦/- | ૧૩-૧૧-૨૦૧૫ | હોટલ તથા ગેસ્ટ હાઉસ |

**ગોવા રેલ્વે પ્રવાસ** — લકઝરી બસ દ્વારા સાઈડ સીન સાથે

| દિવસ | ટીકીટ | ઉપડવાની તારીખ | રહેઠાણ વ્યવસ્થા |
|---|---|---|---|
| ૫ | રૂા. ૫૮૦૦/- | ૧૩-૧૧-૨૦૧૫ | કોમન રહેશે. |

**દક્ષિણ ભારત પ્રવાસ રેલ્વે તેમજ બસ દ્વારા** — લકઝરી બસ દ્વારા સાઈડ સીન સાથે

ચેન્નાઈ, વેલાંગની, કન્યાકુમારી, મદુરાઈ, કોડાઈ કેનાલ, ઊટી, મૈસુર, બેંગલોર

| દિવસ | આખી ટીકીટ | અડધી ટીકીટ | ઉપડવાની તારીખ | રહેઠાણ વ્યવસ્થા |
|---|---|---|---|---|
| ૧૫ | રૂા. ૧૭૫૦૦/- | રૂા. ૧૦૫૦૦/- | ૧૩-૧૧-૨૦૧૫ | હોટલ તથા ગેસ્ટ હાઉસ |

**માઉન્ટ મેરીનો મેળો સાથે મુંબઈ નગરીના દર્શન** — લકઝરી બસ દ્વારા સાઈડ સીન સાથે

| દિવસ | આખી ટીકીટ | અડધી ટીકીટ | ઉપડવાની તારીખ | રહેઠાણ વ્યવસ્થા |
|---|---|---|---|---|
| ૩ | રૂા. ૨૫૦૦/- | રૂા. ૨૦૦૦/- | ૧૧-૯-૨૦૧૫ | કોમન રહેશે |

-: નિયમો :-

★ રેલ્વે રીઝર્વેશન સમય મર્યાદામાં કરાવવાનું હોવાથી પૂરુનામ સરનામુ - ઉંમરનો દાખલો, ફોન નંબર - મોડામાં મોડુ રેલ્વે પ્રવાસની તારીખના ૧ ૨૦ દિવસ પહેલા અમોને મોકલી આપવાનું રહેશે. પ્રવાસ કરનારે રૂા. ૫૦૦૦/- ડીપોઝીટ આપવાની રહેશે.
**પ્રવાસમા આવનાર પ્રવાસીએ અમારા નિયમોનું ફોર્મ અવશ્ય ભરવાનું રહેશે.**

**-: બુકીંગ અને વધુ વિગત માટે મળો :-**

**(બ્લેસી) ફ્રાન્સીસ સાયમન**
**M. 9825303840, 9426615840, 7874427019**

| પુષ્પા ડીકોસ્ટા | પ્રિમુસ મેકવાન<br>ઈન્કમટેક્ષ પ્રેક્ટીશનર | કાન્તિભાઈ ચૌહાણ | અંબાલાલ મેકવાન<br>લોચલા-થલતેજ પેરીસ |
|---|---|---|---|
| M. 9879581840 | M. 98244 29883 | M. 98790 59036 | M. 9925168904 |

ઓફિસ : ૭, મારૂતીનંદન કોમ્પ્લેક્ષ, ખોખરા, મણીનગર (પૂર્વ), અમદાવાદ-૮

# સહકારનો માર્ગ

✍ શ્વેતા ડી. ક્રિશ્ચિયન

*સેંટ ઝેવિયર્સ, હાંસોલ – અમદાવાદ*

એક વખત દેવો અને દાનવો વચ્ચે, બન્નેમાંથી મોટું કોણ? બાબતે વિવાદ થયો. એટલે તેઓ બ્રહ્મા પાસે ગયા. નિર્ણય આપતાં પહેલાં બ્રહ્માજીએ બન્નેની પરીક્ષા કરવાનું નક્કી કર્યું. બન્નેને નિશ્ચિત દિવસે ભોજન માટે આમંત્રણ પાઠવ્યું, તેમને ભોજન કરતાં નિર્ણયમાં રસ હતો. બન્ને માટે અલગ અલગ ખંડમાં ભોજનનો પ્રબંધ કરવામાં આવ્યો પણ ભોજન કરવાની શરત સમાન હતી : 'ભોજન કરતી વખતે કોણીથી હાથ વાળવો નહીં' શરત જાણી બન્ને વિમાસણમાં પડ્યા. દાનવોએ ખોરાકના કોળિયા હવામાં ઉછાળી, મોઢામાં ઝીલવા કોશિશ કરી જ્યારે દેવો એકબીજાના મોઢામાં કોળિયા મૂકતા. દાનવોનો ખંડ અહીંતહીં ખોરાકના બગાડથી પગ મૂકવા જેવો ન રહ્યો અને અડધા ભૂખ્યા રહ્યા જ્યારે દેવો ભોજનથી તૃપ્ત થયા, બગાડ બિલકુલ નહીં. નિર્ણય સ્પષ્ટ હતો.

દેવોની જીત પાછળ 'સહકાર' પ્રમાણભૂત બાબત હતી. સ્વાર્થી બનવાને બદલે સહકાર કર્યો, બીજાને જમાડ્યા અને સૌ તૃપ્ત થયા. આ જ બાબત ઘર, સમાજ, સરકાર સૌને માટે એટલી જ ઉપયોગી છે, એથી વધારે કહી શકાય કે સહકાર જ વિકાસનો માર્ગ છે. 'બાર ગાઉએ બોલી બદલાય'ના જમાનામાં માનવનું વિશ્વ નાનું હતું, જરૂરિયાત ઓછી હતી પણ આજે એક જ ભાષા - અંગ્રેજી, આંતરરાષ્ટ્રીય સ્તરે છવાઈ ગઈ છે, વિશ્વ નાનું બન્યું છે, માનવ જરૂરિયાત અસીમિત બની છે ત્યારે 'વિના સહકાર નહીં ઉધ્ધાર'નું મૂલ્ય જ માનવજાતને સુખી-સંતોષી શકે એમ છે!

'સહકારી પ્રવૃત્તિ સર્વના સમર્થ વિકાસનો પાયો છે.' સામાજિક હિત એ સહકારી ચળવળનો મૂળભૂત એકમ છે. સામાજિક રહેણીકરણીના ઉત્થાનમાં જ સહકારી કામકાજની ફ્લઃદ્રુપ અને ભાવિ પ્રગતિનો આધાર છે. આંતરરાષ્ટ્રીય સહકાર દિન, વિશ્વભરના સહકારી સમુદાયના વાર્ષિકદિન તરીકે, ૧૯૨૩થી જુલાઈના પ્રથમ શનિવારે ઉજવવામાં આવતો હતો અને સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભા (૧૬ ડિસેમ્બર, ૧૯૯૨)ના ઠરાવ પ્રમાણે હવે સયુંક્ત રીતે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે, જેમાં વૈશ્વિકસ્તરે કાર્યક્રમનું આયોજન થાય છે, વળી દરેક વર્ષે ઉજવણી માટે એક નિશ્ચિત સૂત્રવિધાનની પણ ઘોષણા કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય સહકાર દિનની ઉજવણી, સહકારી પ્રવૃત્તિ અંગે જનજાગૃતિ કેળવવી, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે તેની સફળતા તથા વિશ્વસનિયતાની ખાતરી દર્શાવવી, આર્થિક સદ્ધરતા, સમાનતા અને વિશ્વશાંતિ જેવા હેતુઓને ચરિતાર્થ કરવા માટે કરવામાં આવે છે.

માનવજાતના ઉજ્જવળ ભાવિ તરફ પ્રયાણ કરવાના શુભ આશયથી સયુંક્ત રાષ્ટ્રસંઘ પ્રત્યેક દેશ, સરકારને, પ્રત્યેક વર્ષે 'આંતરરાષ્ટ્રીય સહકાર દિન'ની ઉજવણી માટે આગ્રહ રાખે છે.

સાંપ્રત વિશ્વ આજે ગંભીર કટોકટીમાંથી પસાર થઈ રહ્યું છે! સંપન્ન ગણાતી પ્રજા પણ આતંકવાદ જેવા માનવનિર્મિત કોપ તેમજ ધરતીકંપ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ત્સુનામી, વાવાઝોડુ જેવી કુદરતી આફતથી પરેશાન છે, ત્યારે સહકારની સમૂહ ભાવના જ આપદ્ગ્રસ્તને મદદરૂપ બની શકે એમ છે. ઘર કે બહાર, દેશ કે પરદેશ કોઈપણ એકલો માણસ કે એકલું રાષ્ટ્ર, એકાકીપણે વિકાસ સાધી શકતો નથી, સહકારની આવશ્યકતા રહે છે. ઘર આંગણાની સહકારી મંડળીઓથી માંડી વિશ્વસ્તરની આંતરરાષ્ટ્રીય કંપનીઓ તેનાં જ્વલંત ઉદાહરણ છે. ભારોભાર દુશ્મનીભર્યા આ જગત વ્યવહારમાં કુદરતી આફતનો ભોગ બનેલી પ્રજાને મદદરૂપ બનવા સહુ કોઈ દોડી જાય છે, એ જ બતાવી આપે છે કે માનવતા જીવે છે, સહકારની ભાવના પ્રગટે છે. તાજેતરમાં નેપાળના ભૂકંપ સમયે વિશ્વના મોટાભાગના દેશો મદદ માટે આગળ આવ્યા હતા અને કેટલાક હજુ પણ કાર્યરત છે.

આપણા દેશના પૌરાણિક ગ્રંથોમાં ઠેરઠેર સહકારને અનુમોદન આપતા કથાપ્રસંગો અચૂક મળી આવે. બાઇબલના નવા કરારમાં સંત પાઉલના પત્રમાં, આરંભના ખ્રિસ્તીઓને સંઘજીવન - અરસપરસના સહકાર માટે વારંવાર અનુરોધ કર્યા છે. ધર્મસભા/ રાષ્ટ્રનું પાયાનું એકમ કુટુંબ છે, બાળકમાં સહકારનો ગુણ વિકસાવવાની જવાબદારી માબાપની છે, ત્યારપછી શાળામાં સમૂહજીવનમાં સહાધ્યાયીઓ-ગુરુજનો થકી તેને પોષણ મળે છે, સમાજ/સરકાર/ધર્મસંઘ તેને પ્રતિપોષણ આપી સમૃદ્ધ કરે છે, જો ક્યાંય પણ કચાશ રહી ગઈ હોય તો અસહકારની વિકૃતિ સ્વને તેમજ સર્વસ્વને પાયમાલ કરી શકે એમ છે!

ત્રીજા વિશ્વયુદ્ધ તરફ આંધળી દોટ મૂકનાર માનવ સતત યુદ્ધના ઓથાર નીચે જીવી રહ્યો છે. તેના મૂળમાં આ વિકૃતિ જ કારણભૂત છે. દુનિયામાં રોજ રાતદિવસ યુદ્ધ થાય છે, વિજેતા રાષ્ટ્રની પરિસ્થિતિ પરાજિત રાષ્ટ્ર કરતાં બહેત્તર નથી હોતી! આજે પ્રત્યેક માનવી/રાષ્ટ્ર ચિંતિત છે, ડરે છે. ભવિષ્યનો ડર, યુદ્ધનો ભય, જે દેશના લોકો આપણને પસંદ નથી કરતા અને જેમને આપણે પસંદ નથી કરતા તેનો ડર. આ ડર વાસ્તવિક હોવા છતાં અસહકારની એક હલકી મનોભાવના છે જે ખૂંખાર લડાઈને છંછેડે છે! અને એટલે જ માનવજાતને ત્રીજા વિશ્વયુદ્ધના સર્વસ્વ સંહારમાંથી બચાવવાનો એકમાત્ર ઉપાય છે સહકાર. જ્યાં પણ આવશ્યકતા ઉભી થાય ત્યાં સહકાર આપીએ એ જ ઉજવણીની સાર્થકતા એજ માર્ગ સહકારનો. ●

**DEDICATE TO ✝ JESUS & MARY**

**"MUSICAL ORCHESTRA"**માં પ્રવેશ જોઈએ છે.

VOICE OF MUKESH

**જાને કહાં ગયે વો દિન કહતે થે તેરી રાહમેં**

**સંપર્કઃ** સેમ્યુલ પેઈન્ટર મેકવાન, Mob. 99247 41799
લોટીયાભાગોળ, ૩-જીસસનગર, આણંદ

Distributors "આપણી મા"



# છૂટાછેડા–શું એકમાત્ર વિકલ્પ?




✍ જેન્સી પી. મેકવાન

*લીગલ આસિ. ટુ હાઈકોર્ટ જર્જ, ગુજરાત હાઈકોર્ટ – અમદાવાદ*

*મોટાભાગની સમગ્ર ખ્રિસ્તી મંડળીઓ અને સમુદાય ‘લગ્ન’ને ઈશ્વર દ્વારા નિર્મિત, નિર્ધારીત રચના માને છે અને પુરુષને એક પતિ તથા સ્ત્રીને એક પત્ની તરીકે સ્વીકારી જીવનપર્યંત સંબંધમાં જોડે છે. પ્રોટેસ્ટન્ટ્સ સમુદાય લગ્નને પવિત્ર, દેવાર્પિત અને સામાજિક રીતે તેને ‘વિશ્વાસના મધ્યસ્થી’ તરીકે જુએ છે. તેવી જ રીતે કેથલિક અને ઓર્થોડોક્સ ક્રિશ્ચિયન લગ્નને ‘ધાર્મિક સંસ્કાર’ માને છે.*

*બાઇબલ અનુસાર, “સૌ કોઈ લગ્નનું ગૌરવ સાચવો અને દાંપત્યશૈયાનું પાવિત્ર્ય અખંડ રહો.” (હિબ્રુ : ૧૩:૪) “એટલે પછી પતિ-પત્ની બે નહીં રહેતાં એક જ બની જાય છે, આથી ઈશ્વરે જેમને સાથે જોડ્યાં છે, તેમને માણસે છૂટાં ન પાડવાં.” (માથ્થી ૧૯:૬)*

છેલ્લા ઘણા વખતથી લગ્ન પછીના દાંપત્યજીવનને લઈને સમાજમાં ઘણા વિકટ પ્રશ્નો ઉદ્ભવી રહ્યા છે જે ખરેખર સમાજમાં વડીલો, આગેવાનો, ધર્મગુરુઓ, માબાપ દરેક માટે, ચિંતાનો વિષય છે. લગ્નજીવનમાં પ્રશ્નો તો ઉદ્ભવવાના જ, પણ અહીં વાત છે પ્રશ્નના ઉકેલની. આજે પતિ કે પત્ની એકબીજાને અતિ ક્ષુલ્લક, નજીવી બાબતમાં સમાધાનકારી વલણ અપનાવવાને બદલે કંઈક બતાવી દેવાની વૃત્તિથી કે પોતાનો કક્કો ખરો સાબિત કરવા કોર્ટ-કચેરીના દરવાજા ખખડાવતાં અચકાતાં નથી! આખરે બદલામાં મળે છે કોર્ટના ધક્કા, કમાણીના પૈસાનો વ્યય, મૂલ્યવાન સમયની બરબાદી અને સાથેસાથે વ્યક્તિગત સ્વાસ્થ્ય અને તંદુરસ્તીનો ભોગ તો ખરો જ. શું આજ એકમાત્ર વિકલ્પ છે? જવાબ છે ‘ના’.

**આપણું લગ્ન જીવન આપણા હાથમાં :**

- જે કંઈ ખોટુ થયેલું છે તેનો અંદાજ કાઢીએ અને તેનું શાંત ચિત્તે આત્મનિરીક્ષણ કરી ભૂલ સુધારવાનો પ્રયત્ન કરીએ.
- વિચારીએ કે જે કંઈ વિવાદિત બની ગયું છે તે કેટલા અંશે પુનઃ સ્થાપિત થઈ શકે એમ છે?
- પરસ્પર (પતિ-પત્ની) સાથે મુક્ત મને ચર્ચા કરીએ જેમાં અન્ય કોઈ ત્રાહિત પક્ષનો હસ્તક્ષેપ ન હોય.
- બદલાવ માટે સમયની રાહ જુઓ. સમય બધું જ ઠીક કરી દેશે.
- લગ્નજીવનનું વ્યક્તિગત મૂલ્યાંકન કરીએ, કે

– આપણા લગ્નનો હેતુ શું છે?
– એક યુગલ તરીકે આપણી ઓળખ શું હોવી જોઈએ?
– આપણે આપણું વ્યક્તિગત જીવન કેવું ઈચ્છીએ છે?
– આપણને આપણા લગ્ન-સંબંધથી શું અપેક્ષા છે?
– આપણે આપણાં પોતાના કુટુંબની કેવી ઝંખના કરેલી છે?
– આપણે બન્નેએ એક માબાપ તરીકે શું મેળવવું છે?
– આપણે એકબીજા સાથે કેવો વ્યવહાર કેળવવો છે?
– આપણે આપણાં બાળકો પાસેથી કેવા વ્યવહારની અપેક્ષા રાખીએ છે?
– આપણે આપણા ઘરનુ વાતાવરણ કેવું ઊભું કરવું છે?
– બેસીએ અને વિચારીએ કે, અત્યારે આપણી મુશ્કેલી શું છે? તેનો શું ઉપાય/વિકલ્પ છે? માનનો અભાવ? નાણાંકીય સ્થિતિ? ઘરમાં અન્ય પરિવારજનો સાથેનો વ્યવહાર? વ્યસન?

**લગ્ન સંબંધિત કેસ માટે કોર્ટનો અભિગમઃ**

અતિ સંવેદનશીલ ગણાતા લગ્ન સબંધિત કેસમાં કોર્ટનો અભિગમ શું હોવો જોઈએ તે અંગે દેશની સર્વોચ્ચ અદાલતે (સુપ્રિમ કોર્ટ) તેના કે. શ્રીનિવાસ રાવ વિરુદ્ધ ડી. એ. દીપાના કેસમાં વિસ્તૃત છણાવટ કરીને નોંધ્યું છે કે,

અ) ફેમિલી કોર્ટ એક્ટની કલમ ૯ અન્વયે બધી જ ફેમિલી કોર્ટ લગ્ન સંબંધિત કેસમાં ‘મધ્યસ્થી’ (Mediation) બનીને પક્ષ વચ્ચે સમાધાનના તમામ અને પૂરતા પ્રયત્નો કરશે. જો સલાહકાર સમાધાન કરવામાં નિષ્ફળ જાય અને ‘ફેઈલ્યોર રિપોર્ટ’ રજૂ કરે તો પણ ફેમિલી કોર્ટ પક્ષકારોની સંમતિથી કેસને મીડિએશન સેન્ટરમાં સોંપશે અને ફેમિલી કોર્ટ મીડિએશન દ્વારા થતી સમાધાનની પ્રક્રિયાનો એક ચોક્કસ સમય નક્કી કરશે અને જો ફેમિલી કોર્ટના મતાનુસાર સમાધાન માટે વધારે સમયની જરૂર જણાય તો તે પોતાની અબાધિત સત્તા અનુસાર વધારે સમયની ફાળવણી કરશે.

બ) ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮-અ હેઠળની ફરિયાદમાં ક્રિમિનલ કોર્ટ કોઈપણ તબક્કે, ખાસ કરીને ફરિયાદ સાંભળવા ઉપર આવે તે પહેલાં, જો કોર્ટના મતાનુસાર કેસમાં સમાધાનની શક્યતા જણાય અને જો બન્ને પક્ષકાર સંમત હોય તો કેસને મીડિએશન સેન્ટરમાં મોકલી સમાધાનના પ્રયત્ન કરશે પરંતુ કોર્ટ એ કાળજી રાખીને ચાલશે કે, આ સમાધાનની પ્રક્રિયામાં કલમ ૪૯૮ –(અ) નો ઉદ્દેશ અને તેની અસરકારકતા મંદ ન પડે.

ક) તમામ મીડિએશન સેન્ટર એક પ્રિ-લીટીગેશન ડેસ્કની સ્થાપના કરશે અને તેનો બહોળી માત્રામાં પ્રચારપ્રસાર કરશે. અને તમામ લગ્નસંબંધિત કેસનો સમાધાનકારી ઉકેલ લાવી નિકાલ કરવાનો પૂરતો પ્રયત્ન કરશે.

અંતે, સફળતાનો સાથે વિજ્યોત્સવ કરીએ અને નિષ્ફળતાનો અરસપરસ દિલાસો આપી જીવનને માણી લઈએ. જીવન એ ઈશ્વરની બક્ષિસ છે. દરેક જીવન ઊતારચઢાવથી ભરપૂર હોય છે. દરેક જીવનમાં ચડતીપડતી આવવાની જ. બન્નેનો પ્રેમથી સ્વીકાર કરી જીવનને માણીએ. દરેક વ્યક્તિની વ્યક્તિગત નબળાઈ અને નિપૂણતા હોય છે, કોઈ વ્યક્તિ ક્યારેય સર્વગુણસંપન્ન નથી હોતું. માટે જ બન્નેનો પ્રેમથી સ્વીકર કરી લગ્નજીવનને ભરપૂર માણીએ. ●

M. 94263 40887 / email: johnsey-83422003@yahoo.com



# પ્રકૃતિ

✍ સ્નેહલતા ભાટિયા

*સુરત મહિલા પ્રમુખ - નેશનલ હ્યુમન રાઇટ્સ, ફ્રી લેન્સ કન્સલ્ટન્ટ અને કથક નૃત્યાંગના.*

રવિવાર શબ્દનો એક જાદુ હોય છે. કોઇને માટે મોડેથી ઉઠવાનો, કોઇને માટે આરામનો, કોઇને માટે ફરવાનો ને કોઇને માટે ઢીંચવાનો! આજે સવારથી આકાશ ઢીંચવામાં મસ્ત હતો. તેને માટે તો રવિવાર હોય કે શનિવાર બધાં જ સરખા. પીવા સિવાયનો બીજો કોઇ કાર્યક્રમ નહિ.

કેટલો સમય વીતી ગયો તેનું તેને ધ્યાન નહોતું. ફક્ત આંગણાના તડકાને હતું. જે હવે જતાં જતાં ઘડીભર રોકાઇને જાઉં-ન-જાઉં કરતા અસ્પષ્ટ આવરણ ઉભું કરતો તેને જોઇ રહ્યો હતો.

પ્રકૃતિને લાગ્યું કે તે 'ઘણા સમય'થી પોતાની જાતને કોશેટામાં બંધ કરીને બેઠી છે. આકાશે સવારે પીધું તે સાથે જ તેનું મન ખાટું થઇ ગયું હતું.

"આ આલીશાન મકાન, નોકરો શું કામના?"

"ઘણા સમય"નું એણે એક અનુમાન લગાવવાનું વિચાર્યું પરંતુ સમયની પગદંડી ઉપર એટલું બધું ઘાસ ઉગ્યું હતું કે તેને સમયનાં પગલાં ના મળ્યાં. તેને જાણે કે વર્ષોનો થાક લાગ્યો. તેને લાગ્યું કે તે પોતાના જ ગળે વળગીને રડી રહી હતી. તેને બહાર નીકળી ખુલ્લી હવામાં શ્વાસ ભરવા હતા. આખી ધરતી અને આખા આસમાનને ગળે લગાડી રડવાનું મન થયું.

'લલ્લા લલ્લા લોરી.... દારૂ કી કટોરી'

શબ્દો કાને વાગ્યા. પ્રકૃતિના ચહેરા પર મ્લાન સ્મિતની રેખા ખેંચાઇ. હોઠ પોતાના જ સ્મિતથી છોલાઇ ગયા.

આકાશ લથડિયા ખાતો 'પીર, મંગલ, બુધ, જુમેરાત, જુમા, હફ્તા ઔર ઇતવાર' ગણગણતો ઘરમાં પ્રવેશ્યો. આકાશ નશામાં ચૂર હોય ત્યારે હિન્દી, ઉર્દૂમાં બોલતો.

એક અસહ્ય ગંધ પ્રકૃતિના ગળામાં ઉતરી ગઇ. તેનો શ્વાસ તેના ગળામાં વધુ તીવ્ર બની ગયો. જાણે કે શ્વાસ લેવા માટે ઓરડામાં હવા જ ખલાસ થઇ ગઇ હતી!

આકાશ ઓરડામાં પ્રવેશ્યો, પ્રકૃતિ દીવાલને ટેકો દઇ સીધી ઉભી રહી ગઇ. આકાશે એક ગડથોલું ખાધું અને ખાટલામાં પટકાયો અને પછી તેના સર્વે અંગો જાણે કે બેહોશ થઇ ગયા. કદાચ તેની ઊંઘતી આંખોમાં ઊંઘ વધારે ગાઢ થઇ ગઇ.

પ્રકૃતિની મોટી કાળી આંખો એકીટશે આકાશના ચહેરા સામે જોતી રહી. પછી લાગ્યું કે તેની આંખોમાં કશું ભરાઇ આવ્યું.

"શું?" "ખબર નથી"

"આંસુ જેવું કશું હતું?"

પ્રકૃતિએ આકાશ તરફ વેધક અને નિષ્ફળ નજર નાખી.

સામેના અરીસામાં પોતાનું પ્રતિબિંબ નિહાળ્યું, આંખો કોરી હતી, ક્યાંય તળિયું નહિ, ક્યાંય આધાર નહિ, ગહન આંખોના અગાધ શ્યામ સમુદ્રમાં ફરિયાદોએ કબજો જમાવ્યો હતો.

જેની સાથે લગ્ન કરીને આવી તે આ આકાશ!!! પૈસાદાર ઘરની દોલત પગની આગળ-પાછળ પથરાતી હતી પરંતુ....

તેને લાગ્યું છાતીમાં કશું ગૂંચવાય છે.

તેણે પોતાના નિર્ણય પર ફરી એકવાર "મક્કમ"ની મહોર મારી. સવારે ઘર છોડી દેવાના નિર્ધાર સાથે તે ઘરની અગાસીમાં ચાલી ગઇ.

ઉપર આસમાનમાં નજર કરી, વાદળો ઘેરાયાં હતાં. પછી થોડીવારમાં વાદળ દૂર થતાં-થતાં એક પાતળા ધૂમાડાંની જેમ ફેલાઇ ગયાં.

સવારે ઘર છોડી માબાપની પાસે જવા કરતાં પૃથ્વી પાસે જવું, વિચાર આવતાં તેણે એક લાંબી નિરાંતનો શ્વાસ લીધો.

પૃથ્વી તેના બાળપણનો મિત્ર. ફરીથી લાગ્યું કે છાતીમાં કશું હલે છે. જાણે કોઇ ચીજ. સૌ કોઇથી છુપાવીને મૂકી રાખેલી કોઇ ચીજ.

સવારે આકાશ ઉઠે તે પહેલાં પ્રકૃતિએ ઘર છોડી દીધું. પૃથ્વીના ઘરનો દરવાજો ખુલ્લો હતો. પ્રકૃતિ પોતાની બેગ સાથે ઉંબર પર ઉભી રહી. ચિર-પરિચિત વાસે નાકમાં ઘસારો કર્યો. પૃથ્વી એકલો બેસીને વ્હીસ્કી પી રહ્યો હતો. પ્રકૃતિ ફાટી આંખે જોઇ રહી. દારૂડિયા પતિથી ત્રાસીને તેને છોડી આવી અને અહીં મિત્ર પણ તે જ લતનો ભોગ?

પૃથ્વીને પ્રકૃતિનો અવાજ સંભળાયો. લાગ્યું, વ્હીસ્કીની અસર છે.

પણ અવાજ દારૂની કરામત નહોતી. પ્રકૃતિ સાચે જ ઉંબરથી અંદર આવી પૃથ્વી પાસે જ ઉભી હતી.

પૃથ્વીએ ઉભા થઇ પ્રકૃતિને આવકાર આપ્યો.

તેને સોફા પર બેસવા કહ્યું પરંતુ તે બેઠી નહિ, વ્હીસ્કીની ગ્લાસ તરફ વેધક નજર નાખી.

"તું.... દારૂ પી રહ્યો છે? દારૂ ના પી"

"અચ્છા?" પૃથ્વી હસવા લાગ્યો.

"આ દારૂથી કેટલા લોકો પાયમાલ થયા છે, ઘર બરબાદ થયાં છે. અને તું..."

પ્રકૃતિના ચહેરા ઉપર ભય ધસી આવ્યો.

પૃથ્વી ફરી હસી પડ્યો.

"તું તો એમ વાત કરે છે જાણે.... કદી ઘૂંટ ભરેલો?"

"દારૂનો નહિ તેના પરિણામનો" કહી પ્રકૃતિ સોફા પર બેસી ગઈ.

"દારૂના કારણે જ મારા બાપે મારી માની જિંદગી તબાહ કરી દીધી, માનું જીવન ગીરવે મૂકી દીધું." પ્રકૃતિ મંદ સ્વરે લગભગ સ્વગત બોલી.

"પ્રકૃતિ, એક સમય હતો જ્યારે આપણે મિત્રો હતાં. બાળપણમાં આપણે શાળાના વર્ગખંડમાં સાથે બેસતાં. શાળામાંથી મળેલું ઘરકામ સાથે કરતાં. મોટાં થયાં ત્યારે એકબીજા માટે જીવ આપી દેવા તૈયાર હતાં અને તું...?" "તું જે હતી.... મારો કહેવાનો અર્થ...."

સમજી ગઈ, 'એ જ ને કે આકાશને કેમ પરણી ગઈ?'

"હું એવું કહેવા નથી માંગતો" "પરંતુ તે સાચું છે"

"કહી તો રહી છું કે મારા બાપે મારી માની જિંદગી નરક બનાવી દીધી."

પૃથ્વીને કશું કહેવું અઘરું લાગ્યું, તે પ્રકૃતિ સામે જોઈ રહ્યો.

પ્રકૃતિએ આગળ ચલાવ્યું "મા પછી મારો વારો હતો... લગ્ન તો એવી ચીજ નથી કે જેમાં ગીરવે મૂકીને પછી છોડાવી શકાય તેથી ખૂબ રૂપિયા લઈને મને વેચી દીધી, વેચી જ નહિ મારો સોદો કર્યો, જેથી જ્યારે જરૂર પડે રૂપિયા લઈ શકાય. આ બધું જ દારૂનું પરિણામ."

પૃથ્વીના હાથનો ગ્લાસ હજી હાથમાં જ હતો. પ્રકૃતિને પૃથ્વીના હાથમાના ગ્લાસ તરફ હારેલી આંખોથી જોયું.

"પૃથ્વી તું પીવાનું છોડી ના શકે?" પ્રકૃતિને પોતાના શબ્દો ખાલી લાગ્યા.

"એક શર્ત પર" "શું?"

"કે તું રોજ એકવાર આ વાત કહીશ...."

"અને જો ના કહું તો?" "તો હું પીશ..."

પ્રકૃતિ કહેલી શર્તનો અર્થ બરાબર સમજતી હતી.

"જો, તેં કહ્યું કે "મને વેચી દીધી", તો હું તને વચન આપું છું કે, "હું તને છોડાવીશ, કોઈપણ કિંમતે..."

પ્રકૃતિને લાગ્યું કે દિલમાં ક્યાંક ઠેસ વાગી. એવી જગ્યા પર જ્યાં લાગવી જોઈતી ના હતી. ઠેસનું દર્દ શરીરના કણકણમાં ઉતરી ગયું.

પ્રકૃતિએ તરત જ પોતાની જાતને સંભાળી લીધી.

"તું ખોટું સમજ્યો પૃથ્વી"

પ્રકૃતિ લાંબા સમય સુધી ચૂપ રહી પછી ક્ષીણ સ્વરે બોલી, "હવે ખૂબ મોડું થઈ ગયું છે."

પ્રકૃતિ ઉભી થઈ, પોતાની બેગ લઈ ઘરના મુખ્ય દરવાજા તરફ ફરી.

"પ્રકૃતિ" પૃથ્વીએ તેની સાથે વાત કરવી હતી પણ સમજ પડતી ન હતી.

"પ્રકૃતિ, બેસને હું ચ્હા બનાવું."

પ્રકૃતિને ગંભીર ચહેરો મલકી ઉઠ્યો. તે પાછી ફરી.

"ચાલ! હું બનાવું."

પ્રકૃતિ હાથમાં પોતાનો ચ્હાનો કપ લઈ દીવાનમખંડ જ્યાં પૃથ્વી બેઠો હતો ત્યાં આવી. ચોતરફ મૌન છવાયેલું રહ્યું. ઘણાં દિવસો આ ક્ષણમાં સમાયેલાં હતાં.

પૃથ્વીએ પહેલીવાર કેમેરાવાળો મોબાઈલ ફોન ખરીદ્યો હતો ત્યારે પ્રકૃતિના અસંખ્ય ફોટાઓ તેમાં કેદ કરી લીધા હતા. તેને ઢાંકીને, છુપાવીને રાખ્યાં હતાં.... પછી ન જાણે ક્યારે, કેવી રીતે ફોનનો અકસ્માત થઈ ગયો. તેનું સ્થાન સ્માર્ટ ફોને લઈ લીધું. ફોટાઓ 'સેલ્ફી' થઈ ગયા... પૃથ્વી આંખો સુધી આવી ગયેલા રુંદનને રોકી રહ્યો હતો.

પ્રકૃતિએ દરવાજા તરફ ડગ ભર્યા, પૃથ્વીએ તેને રોકવી હતી, પોતાના "સ્માર્ટ ફોન"માં કેદ કરવી હતી. પોતાની સાથે "સેલ્ફી" લેવા હતા. તેમની એક એક વાતો યાદ કરી ફરીથી તે પળો જીવવી હતી પરંતુ....

"પ્રકૃતિ આજનો દિવસ રોકાઈ જા."

"પૃથ્વી આ દારૂથી હું ઉંબકી ગઈ છું. પહેલા બાપ, પછી પતિ અને હવે તું..."

"હું છોડી દઈશ આ દારૂ, તેં મારું સંકલ્પબળ જોયું નથી."

"મારા બાપે સેંકડો વાર સંકલ્પ કર્યા અને તોડ્યા. આકાશે અનેકવાર સોગંધ ખાધા અને તોડ્યા. તું પણ અજમાવી લે તારું સંકલ્પબળ!! પણ હું ખાતરીથી કહું છું કે એ તારો ભ્રમ પૂરવાર થશે."

"હવે હું ફરીથી છેતરાવા માટે તૈયાર નથી. પૃથ્વી તે મૃગજળની તો વાત સાંભળી છે ને? મૃગલાંઓ રેતીમાં પાણીનો ભ્રમ જુએ છે અને એક બુંદ માટે આખી જિંદગી તેના ઉપર દોડ્યા કરે છે". "હું પણ તેઓમાંની જ એક હતી, જે આશામાં દોડ્યા કરતી હતી પરંતુ હવે હારી ગઈ છું." પ્રકૃતિ જાણે પોતાના જ ગળામાં પોતાના અવાજની તાકાત શોધતી રહી.

"નહિ પ્રકૃતિ, કોઈ નશો કરે છે તેની પાછળ કોઈ કારણ તો હશે જ ને?"

"એવું તે કેવું કારણ હોય, જેથી નશો કરવો પડે? એવું શું કારણ હોય જેનો ઉકેલ ન હોય?"

હું તો અહીં તારું સાન્નિધ્ય મેળવવા આવી હતી અને... પ્રકૃતિના ચહેરા પર દર્દ ડોકાઈ આવ્યું. "કોઈ વાત એવી હોય છે કે તેને શબ્દોની સજા ન આપવી જોઈએ પૃથ્વી", કહી, પ્રકૃતિ ઘરની બહાર નીકળી ગઈ. ●



# ઘરડાં ગાડાં વાળે

✍ ફાધર જેમ્સ બી. ડાભી ઈ.સં.

**૨૫ જુલાઈ, પેરેન્ટ્સ ડે નિમિત્તે વાલી-સંતાનોને બે શબ્દ.**

એક કહેવત : ઘરડાં ગાડાં વાળે, અર્થાત્ વાલી અથવા વડીલ માર્ગદર્શન આપે. કહેવતમાં વાલીની પ્રશંસા કરવામાં આવી છે, તો સાથોસાથ સંતાનને વાલીની સલાહ લેવાની ભલામણ પણ કરવામાં આવી છે. આ તો એક કાંકરે બે પક્ષી મારવાની વાત થઈ. પ્રસ્તુત લખાણ દ્વારા વાલીમંડળને અને સંતાનગણને એમ બન્ને વર્ગને સંબોધવાનો લાભ લઈએ.

હોસ્ટેલનો વાલીદિન ઉજવાય છે, યુવકમંડળનો વાલીદિન ઉજવાય છે. વાલીઓ ઉંમર અને જીવનવ્યવહારને કારણે બહોળો અનુભવ ધરાવે છે. જીવનની તડકીછાંયડીમાંથી પસાર થયેલાં હોઈ વાલીઓ ઊંડી કોઠાસૂઝ ધરાવે છે. પોતાના નકારાત્મક અથવા હકારાત્મક અભિગમને કારણે ઊગતી પેઢીના ઉત્તમ શિક્ષક પૂરવાર થઈ શકે છે. નકારાત્મક અભિગમનો એકાદ દાખલો સાંભળવા મળેલો. દારૂના વ્યસનમાં બરબાદ થઈ ગયેલા એક વાલીએ યુવકમંડળના એક વાલીદિનમાં યુવાપેઢીને ટૂંકો ને ટચ ઉપદેશ આપેલો, “મારા યુવામિત્રો, દારૂ ના પીશો; નહિ તો મારા જેવા થશો.” ઘણા યુવાનોને એ ઉપદેશ હૃદયસોંસરવો ઊતરી ગયો હતો. હકારાત્મક અભિગમના તો અસંખ્ય દાખલાઓ છે. ગામડાંના દરજીનો દીકરો બેંક મેનેજર બની ગયો છે. જમીનવિહોણા મજૂરની દીકરી ડોક્ટર બની શકી છે. આ બેંક મેનેજર, આ ડોક્ટર આજે વાલીમંડળનાં સભ્યો છે. વાલીઓ કોઈપણ અભિગમ ધરાવતાં હોય, પણ તેઓ પોતાનાં સંતાનો માટે દીવાદાંડીરૂપ છે. વહાણ હંકારનાર ખલાસી માટે દીવાદાંડી પથદર્શક છે. વડીલ લાલ લાઈટ બની શકે છે અને સંતાનને ચેતન ચઢાવી શકે છે, કે જે માર્ગે તેઓ ગયા છે તે માર્ગે જવું સંતાન માટે શક્ય છે અને સંતાન ઓર પ્રગતિ કરી શકે એમ છે, કારણ સંતાનને વાલીની તુલનામાં સગવડ વધારે છે.

વાલી કદી બિનઅસરકારક ન હોઈ શકે. સંતાન કાં તો એમણે ચાતરેલા માર્ગ પર ચોકડી મારશે અથવા એ માર્ગે આગળ વધશે. વાલીએ શબ્દો દ્વારા ઉપદેશ આપવાની પણ જરૂર નથી પડતી. વાલીનું જીવન જ સંદેશ છે. અંગ્રેજીમાં કહેવાયું છે કે, Gospel must be preached, if necessary use words. આ તથ્યથી પ્રત્યેક વાલીએ સભાન રહેવાની જરૂર છે. અન્ય એક અંગ્રેજી કહેવત શીખવે છે કે, Silence Speaks Louder than Words. વાલીનો વ્યવહાર સંતાન માટે ઘડારૂપ બની શકે છે. તનતોડ મહેનત કરતા વાલીના સંતાનને મહેનત કરવાની સલાહ આપવાની જરૂર નહિ પડે. સંતાન વાલીનું અનુકરણ કરતાં હોય છે. એટલે જ વાલીની જવાબદારી બેવડાઈ જાય છે. વાલીએ પોતાનું જીવન સુઘડપણે જીવવાની જવાબદારી તો છે જ, સાથે સાથે સંતાન માટે નમૂનારૂપ બનવાની જવાબદારી પણ છે.

સાંપ્રત સમયને ધ્યાનમાં રાખીને વાલીએ પોતાની રીતરસમમાં કેટલાક ફેરફારો લાવવાની જરૂર છે. ભૂતકાળમાં વડીલનો બોલ છેલ્લો ગણાતો. આજનું સંતાન જ્ઞાન, આવડત અને ચાતુર્યમાં વાલી કરતાં બે ડગલાં આગળ છે. એટલે વાલી પોતાના શબ્દને છેલ્લો ન ગણી શકે. વાલીએ સંતાન સાથે, વડીલે ચિરંજીવી સાથે સંવાદમાં ઊતરવાની જરૂર છે. આજે ઘણાં મમ્મીપપ્પાને પોતાનાં સંતાનો સાથે મિત્રભાવે સંવાદ કરતાં સાંભળ્યાં છે. સંતાન કમ્પ્યુટર જાણે છે, મોબાઈલ વાપરે છે, અદ્યતન સંચાર માધ્યમોથી માહિતગાર છે અને કાર ડ્રાયવિંગ કરે છે. આવા પ્રતિભાસંપન્ન સંતાન સાથે વાલીનો વ્યવહાર નવા જમાનાને અનુરૂપ હોવો ઘટે. આજનું સંતાન પોતાની કારકિર્દી સંબંધે, લગ્ન બાબતે પોતાને અનુકૂળ નિર્ણયો લે છે. વડીલે મિત્રભાવે સંતાનના આ નિર્ણયને ચકાસવાનો છે અને પછી વધાવી લેવાનો છે. પપ્પાની ઘણીય ઈચ્છા હતી કે દીકરો ડોક્ટર બને પણ દીકરાને એન્જિનિયરીંગમાં રસ છે. મમ્મીની જરાય ઈચ્છા નથી કે દીકરી ફલાણા યુવક સાથે લગ્ન કરે પણ દીકરીને એ યુવકમાં સાચા જીવનસાથીનાં દર્શન થાય છે. વાલીએ દરિયાય દિલ બનીને સંતાનના નિર્ણયને આવકારવાનો છે. આવું શક્ય ત્યારે જ બને જ્યારે મમ્મીપપ્પા ખભા સુધીની ઊંચાઈ ધરાવતાં સંતાનો સાથે મિત્રભાવ શરૂ કરે અને એવા વિશ્વાસનું વાતાવરણ પેદા કરે, જેમાં સંતાન હળવાશથી દિલની સઘળી વાતો વ્યક્ત કરી શકે. નવા જમાનાનો નવી પેઢીનો વાલીમંડળને આ મીઠો પડકાર છે.

હવે સંતાનગણને સલાહનો શબ્દ: ભણવામાં અને ગણવામાં તફાવત છે. હોટેલ મેનેજમેન્ટમાં ડિગ્રી પ્રાપ્ત કરી ચૂકેલ સંતાન મમ્મીની માફક ઘર મેનેજ નહિ કરી શકે. પપ્પાએ મમ્મીને પાંચ હજાર રૂપિયા આપ્યા તો મમ્મીએ પાંચ હજારમાં ઘર ચલાવ્યું, દસ હજાર રૂપિયા આપ્યા તો તેટલામાં સઘળું સંભાળ્યું. ઓર્થોપેડિક થયેલા પૌત્રને સૂઝ ન પડી પણ મચકોડ મટાડવામાં માહિર એવા અભણ દાદાએ નિદાન આપી દીધું. ગામમાં દાયણની સેવા આપતી વડીલ બહેનો નોર્મલ ડિલિવરી કરાવી શકતી હતી, આજે ગાયનેકોલોજિસ્ટ સિઝેરિયનની જ સલાહ આપે છે. એટલે જ સંતાન ભલે ડિગ્રી ધરાવતાં હોય, તેઓએ પોતાની ભલાઈ માટે વાલીની વાતને વિચારવાની છે અને યોગ્ય લાગે તો આચરવાની છે. ડ્રાયવિંગ લાયસન્સ ધરાવતું અને શહેરની ભરચક ભીડમાં ડ્રાયવિંગ કરવું એ બે બાબતમાં તફાવત છે. અનુભવી વાલીની સલાહનો લાભ લેવો એ સંતાનના હિતમાં છે.

સંતાન અને વાલી વચ્ચે ગજગ્રાહ લગ્નસંબંધે નિહાળવા મળે છે. વાલી સંસ્કૃતિ, મૂલ્યો અને ધર્મને ખૂબ મહત્ત્વ આપે છે.

સંતાન એકમેક વચ્ચેની પરિચિતતા અને આત્મીયતાને વધુ મહત્ત્વ આપે છે. પરિચિતતા અને આત્મીયતા ક્યારેક ક્ષણજીવી બની શકે છે. સંસ્કૃતિ, મૂલ્યો અને ધર્મ લગ્નસંબંધને ટકાવી રાખવા જબરું જોમ પૂરું પાડી શકે છે. એટલે જ અનુભવે વડીલો પરપ્રાંતીય અને પરધર્મી સાથે પોતાનું સંતાન સંબંધ જોડે એ સંદર્ભે હચમચી ઊઠે છે. પરધર્મી સાથેના લગ્નથી ભાવિપેઢી ક્યો ધર્મ અપનાવશે એ બાબતે વડીલો ચિંતિત થાય છે. આજનાં સંતાનોએ વાલીઓની આ ચિંતાને ગંભીરતાથી લેખામાં લેવાની જરૂર છે. વાત સાચી કે લગ્નજીવન સંતાને જીવવાનું છે, એટલે લગ્ન બાબતે સંતાને જ નિર્ણય કરવાનો છે. પણ આંધળુકિયાં કરવાનું ટાળવાનું છે. વાલીઓને Ultimatum અથવા આખરી ધમકી આપવાની જરૂર નથી. વાલીઓને વિશ્વાસમાં લેવાની જરૂર છે. વાલીઓ સાથે પેટછૂટી વાત કરવાની જરૂર છે. વાલીઓને હૈયાધારણ આપવાની જરૂર છે કે જેઓ ચિંતા સેવે છે એવું કશું જ થવાનું નથી. વાલીઓને પોતાના પ્રેમથી અને આદરથી જીતી લેવાનો આજની સંતાનપેઢીને પડકાર છે. સંતાન પાસેથી એટલી અપેક્ષા તો રાખી શકાય કે પેટે પાટા બાંધીને તેમને વર્તમાન પાયરીએ પહોંચાડનાર વાલીના હૃદયને ઠેસ પહોંચે એવું સંતાન ન જ કરે.

ઘરડાં ગાડાં વાળે એ ન્યાયે વાલીએ સંતાનના માર્ગદર્શક બનવાનું છે, માર્ગ નથી બનવાનું, માર્ગ તો સંતાને જાતે જ કંડારવાનો છે, પણ એમ જાતે માર્ગ કંડારવામાં વાલીનો ભોગ ન લેવાઈ જાય એ જોવાની ફરજ સંતાનની. ●


## નર્સિંગ પ્રવેશ વર્ષ ૨૦૧૫-૨૦૧૬ માટે મળો

ભારત સરકાર માન્ય કોર્સીસ

INC, KNC, KSNEB માન્ય કૉલેજ

| કોર્ષનું નામ | મુદ્દત | લાયકાત | ફી |
|---|---|---|---|
| GNM નર્સિંગ | 3½ વર્ષ | ૧૨ પાસ (આર્ટસ, કોર્મસ, સાયન્સ) | રૂા. ૫૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |
| પોસ્ટ બેઝિક B.Sc. નર્સિંગ | ૨ વર્ષ | GNM પાસ | રૂા. ૭૦,૦૦૦/- (પ્રથમ વર્ષ) રૂા. ૬૦,૦૦૦/- (દ્વિતીય વર્ષ) |
| B.Sc. નર્સિંગ | ૪ વર્ષ | ૧૨ પાસ (સાયન્સ, બી-ગ્રુપ) | રૂા. ૫૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |

* હપ્તેથી ફી ભરવાની સગવડ.
* SC/ST તથા લઘુમતીના વિદ્યાર્થીને સરકારી સ્કોલરશીપ.
* ઉત્તમ સગવડ સાથેની હોસ્ટેલ તથા કૉલેજ/સ્કૂલ.
* ઉપરોક્ત ફીમાં રહેવા-જમવા અને ટીકીટના ખર્ચનો સમાવેશ થયેલો છે. (ફક્ત GNM નર્સિંગ અને પોસ્ટ બેઝિક નર્સિંગ કોર્ષ માટે.)
* B.Sc. નર્સિંગ (૪ વર્ષ) માટે કૉલેજની હોસ્ટેલમાં રહેવું ફરજીયાત છે. જેનો દર મહિને ખર્ચ રૂા.૩,૦૦૦/- અલગથી છે.

**સંપર્ક કરોઃ- રેચલબેન સી. મેકવાન**

એ/૩/૧ લાલભાઈ સેન્ટર, લક્ષ્મીનારાયણ ચોકડી રોડ,
એદન પાર્કની સામે, ખોખરા, મણીનગર,

**મો. ૭૮૭૪૫ ૨૫૨૯૯ / ૯૮૨૫૧ ૧૭૮૯૬ / આણંદઃ ૭૩૮૩૫ ૦૦૧૧૫**



# ST ANN'S GROUP OF INSTITUTIONS

**Mulki, Mangalore - 574 154**

Ph: 0824 - 2293880, 2293881, 2290505 Fax: 0824 - 2293882
Website: www.saintanns.in E-mail: saintanns2003@gmail.com

**Recognized by Indian Nursing Council, Karnataka State Nursing Council & Govt. of Karnataka, Directorate Medical Education**
**Affiliated to KSDNED, Bangalore & Rajiv Gandhi University of Health Sciences, Bangalore.**

## Admission Notification

- **DIPLOMA IN MEDICAL LABORATORY TECHNOLOGY (DMLT)**
- **DIPLOMA IN X-RAY TECHNOLOGY WITH CT SCAN AND MRI (DXRT)**
- **B.Sc. IN MEDICAL LABORATORY TECHNOLOGY**
- **B.Sc. IN MEDICAL IMAGING TECHNOLOGY**
- **B.Sc. IN OPERATION THEATRE TECHNOLOGY**
- **DIPLOMA IN GENERAL NURSING (GNM)**
- **B.Sc. NURSING (BASIC) • P.C. B.Sc. NURSING**
- **M.Sc. NURSING - MEDICAL SURGICAL, OBG, PSYCHIATRY PAEDIATRIC & COMMUNITY**

**નોંધઃ** ૧) જે વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ અથવા ધોરણ ૧૧ અને ૧૨ આર્ટસ/કોર્મસ સાથે પાસ કરેલું છે તેઓ Allied Health/Paramedical કોર્ષમાં એડમીશન મેળવી શકે છે.
૨) Open Schooling (NIOS)માં પાસ કરેલ વિદ્યાર્થીઓ પણ એડમીશન મેળવી શકે છે.

**પૂરક પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીઓને પણ એડમીશન મળશે.**

For Admission: Contact Our Local Representative
Anand : 99257 88863 Vadodara: 88660 60013

**Eric C. Lobo** Chairman **Mob.: 09845105181**

**Prof. Helen D'Souza** Principal **09591476770**

**Sr. Emma Joseph** Vice Principal **09845720782**

Estd: 1993 **LOBO TEACHERS FOUNDATION** ® Redg: 2003

**Jos Villa, D. No. 15-13-785, Kadri Coconut Garden Road, Mangalore - 575 002**
**Ph: 0824 - 2215488 Mobile: +91 9900254880**

# સાચુ સુખ સર્જનહારની શ્રદ્ધામાં

✍ રાજુભાઈ ગોપાલભાઈ મેકવાન

*મ.શિ. સરદાર પટેલ વિનયમંદિર (ઉ.મા. વિભાગ) વાસદ.*

સુખ એટલે શું? ઘણો અઘરો પ્રશ્ન છે કારણ કે પ્રશ્ન એક જ છે, તેના જવાબ અનેક છે! સામાન્ય રીતે એક પ્રશ્નનો એક જ જવાબ હોઈ શકે. પરંતુ અહીં પ્રશ્ન એક, જવાબ અનેક. આપણે બધાને પૂછીએ છીએ. "કેમ છો, મજામાં." બધાં જ જવાબ "હા"માં આપે છે. પણ કેટલા મજામાં છે તે આપણને ખબર નથી, કારણ 'મજા'નું કોઈ માપ નથી. તેમ 'સુખ'નું પણ કોઈ માપ નથી. જોડણીકોશ અનુસાર 'સુખ એટલે તન-મનને ગમે તેવો અનુભવ'. અલબત સુખ શબ્દની વ્યાખ્યા આપવી મુશ્કેલ છે, કારણ બધાના સુખની સમજ, ખ્યાલ, ધારણા અલગ અલગ છે. મેં કોઈક જગ્યાએ વાંચ્યુ છે. 'સુખ એટલે ફૂલોમાંથી ગજરો બનાવવાની કળા'. ફૂલોમાંથી ગજરો બનાવવો સહેલો છે પણ ફૂલ લાવવાં, તોડવાં અઘરાં છે. અર્થાત્ ફૂલ પ્રાપ્ત કરતાં પહેલાં, કાંટાની વેદના સહન કરવી પડે. જે કાંટાની વેદના સહન કરી શકે, તે ફૂલ પ્રાપ્ત કરી શકે, જે ફૂલ મેળવી શકે છે. તેની પાસે ગજરો બનાવવાની કળાની જાણકારી જોઈએ, સોયદોરો હોવાં જોઈએ; તો જ સુંદર ગજરો બનાવી શકાય. આખું જીવન, આપણે ગજરો બનાવવામાં પૂર્ણ કરીએ છીએ. કોઈની પાસે ફૂલ છે, તો કળા નથી, કોઈની પાસે ફૂલ અને કળા છે, તો સોયદોરો નથી. દુનિયામાં ઘણા ઓછા માણસો છે, જેઓ ગજરો બનાવી શકે છે. જો કે 'સંતોષી નર સદા સુધી' એમ કહેવાય છે ખરું, પણ સંતોષ નથી. આપણે તરસ્યાં હરણની જેમ સુખની પાછળ પડીએ છીએ! કોઈને પૈસા પ્રાપ્તિમાં, તો કોઈને જ્ઞાન પ્રાપ્તિમાં, કોઈને પ્રભુ ભક્તિમાં, તો કોઈને દીનજનોની સેવામાં, કોઈને ઈચ્છા પ્રાપ્તિમાં, તો કોઈને દીનતામાં સુખ પ્રાપ્ત થાય છે.

ઉપદેશમાળાના ગ્રંથમાં સુખનાં મોતી પડેલાં છે. (૧૪:૨) "જે માણસનું હૃદય તેને ડંખતુ નથી. જેણે કદી આશા છોડી નથી, તે ખરો સુખી છે" (૧૪:૨૦). "જે માણસ જ્ઞાનની સાધના કરે છે અને બુદ્ધિપૂર્વક વિચારે છે તે પરમસુખી છે" (૩૫:૧૫). "પ્રભુથી ડરીને ચાલનાર પરમસુખી છે, કોના પર આધાર રાખવો તેની એને ખબર છે". ઉપદેશમાળાનાં વચન અનુસાર સહૃદયી, જ્ઞાની અને ઈશ્વરથી ડરીને ચાલનાર પરમસુખી છે. આપણે આપણી જાતને પ્રશ્ન પૂછીએ. આપણે સુખી છીએ? કેટલાંકનો જવાબ "હા" અને કેટલાંકનો જવાબ "ના". જવાબ બંને સાચા છે. કારણકે સુખનો ખ્યાલ માનસિક છે. મારી પાસે કશુંજ નહોતુ, ત્યારે હું સુખી હતો, સાઈકલ આવી એટલે સુખી થયો, બાઈક આવી એટલે સુખી થયો. કે ગાડી આવી એટલે સુખી થયો. આ બધુ હોવા છતાં પણ આપણે ઈશ્વર પાસે સુખ માગીએ છીએ -

"પ્રભુ નમીએ પૂરી પ્રીતે, સુખી કર તું, સુખી કરતું,
સ્તુતિ કરીએ રૂડી રીતે, સુખી કર તું, સુખી કરતું."

વર્ષોથી માણસ સુખની અભિલાષા કરતો આવે છે પણ સુખ તેને સુમન સૌરભની જેમ છેતરી જાય છે. અર્થાત્ સુખની પરિકલ્પના કહી શકાય પણ તેને અનુભવી ન શકાય. ગરીબ માણસ સૂઈ જાય અને ધનવાન પણ સૂઈ જાય છે. ફરક એટલો જ છે, કે ગરીબ આરામથી સૂઈ શકે છે અને ધનવાન ગોળી લઈને સૂઈ જાય છે. વળી પ્રશ્ન થાય કે આ બંનેમાં સુખી કોણ? કોઈક કવિએ કહ્યું છે કે,

"કિસ્સો કેવો સરસ મજાનો છે, બેઉ વ્યક્તિ સુખી થયાનો છે
પલ્લુ તારી તરફ નમ્યાનો તને, મુજને આનંદ ઉંચે ગયાનો છે."

એક વખત એક માણસ રાત્રે અંધારામાં દરિયા કિનારે ફરવા નીકળે છે. રસ્તામાં તેના પગે એક ભરેલી થેલી અથડાય છે. તે થેલી લઈને એક પથ્થર પર બેસે છે અને થેલીમાંથી એક એક પથ્થર દરિયામાં નાખે છે. આખી રાત આ રીતે પસાર થાય છે. સવાર થવાની તૈયારીમાં છે, સૂર્ય ઉગે છે અને સૂર્યનું પ્રથમ કિરણ છેલ્લા પથ્થર પર પડે છે, પથ્થર ચમકી ઉઠે છે, પેલા માણસને ખબર પડે છે કે, આ તો સુંદર મોતી છે. પણ હવે શું? ખૂબ અફસોસ કરે છે. બધાં જ મોતી તેણે પથ્થર સમજીને દરિયામાં નાખી દીધાં!. હવે, એક જ મોતી છે.

આ દૃષ્ટાંતકથામાં જે મોતી પાણીમાં ગયા છે, તેના દુઃખમાં જે મોતી છે, તેનું સુખ ભુલાય જાય છે. માણસની પ્રકૃતિ છે. તેની પાસે જે છે, તેમાં તે સુખી થતો નથી પણ જે નથી અથવા જે ગયું છે, તેના દુઃખનાં રોદણાં રડે છે. પરિણામે સુખી થતો નથી. અને ઈશ્વર અથવા નિયતિનો વાંક જુએ છે. ઈશ્વર પરની સાચી શ્રદ્ધા એ જ સુખનું પ્રથમ પગથિયું છે. દુઃખને વિસરીને, સુખને સ્મરીને, શ્રદ્ધાની ચાવીથી, જીવનના તાળાને ખોલવાનું છે. કારણ લૂકના શુભસંદેશમાં કહ્યું છે કે (૧:૪૫) "અને શ્રદ્ધા રાખનારી તું પરમસુખી છે, કારણ પ્રભુ તરફથી તને મળેલાં વચન પૂરાં થશે." પવિત્ર મારિયા વિશે કહેવાયેલા આ શબ્દો આપણા માટે પણ યથાર્થ ઠરે છે.

પવિત્ર શાસ્ત્ર બાઇબલમાં માથ્થીકૃત શુભસંદેશમાં (૫:૩-૧૧) સુખની સરસ વ્યાખ્યાઓ આપેલી છે :

"અંતરના દીન પરમસુખી છે, ઈશ્વરનું રાજ્ય તેમનું છે.
શોકમાં ડૂબેલાઓ પરમસુખી છે, તેમને સાંત્વન મળશે.
નમ્ર પરમસુખી છે, તેઓ ધરતીના ધણી થશે.
ધર્મની જેમને ભૂખતરસ છે, પરમસુખી છે, તેઓ તૃપ્તિ પામશે.
દયાળુ પરમસુખી છે, તેઓ દયા પામશે.
ચોખ્ખા દિલના પરમસુખી છે, તેમને ઈશ્વરનાં દર્શન થશે.
શાન્તિના સ્થાપકો પરમસુખી છે, ઈશ્વરનાં સંતાન કહેવાશે.
ધર્મને ખાતર જુલમ વેઠનારા પરમસુખી છે,
ઈશ્વરનું રાજ્ય તેમનું છે.

મારે કારણે લોકો તમારી નિંદા કરે, તમારા ઉપર જુલમ ગુજારે, અને જાત-જાતના આળ મૂકે ત્યારે તમે પોતાને પરમસુખી માનજો એ વખતે તમે અપાર આનંદ અને ઉલ્લાસ માનજો. કારણ સ્વર્ગમાં તમને મોટો બદલો મળનાર છે. તમારી પહેલાંના પયંગબરોને પણ એ જ રીતે રંજાડ્યા હતા."

દુન્યવી સુખ કરતાં આધ્યાત્મિક સુખનું પલ્લુ ઉંચે જાય છે. માનવજાત દુન્યવી રીતે વિચારે છે. માટે દુઃખ અનુભવે છે. જો કે આપણે સૌ કાળા માથાના માનવી દુન્યવી રીતે જ વિચારવાના અને દુઃખી થવાના. કારણ આપણે શ્રદ્ધા રૂપી કાલવારીનો પહાડ ચઢી શકતા નથી. થોડે દૂર ચાલીને થાકી જઈએ છીએ. આપણે એ ન ભૂલવું જોઈએ કે ઈશ્વર આપણા પ્રયત્નને જુએ છે અને આપણા પરના પ્રેમને કારણે આપણને સુખના પ્રદેશમાં લઈ જશે. કારણ પ્રભુ તો ભલો ભરવાડ છે.

"પ્રભુ છે મારો ભલો રે ભરવાડ
તેની દયા અપાર - ચિંતા મને કદી નવ થાય."

ઈશ્વરે માણસને પોતાની પ્રતિમૂર્તિરૂપ બનાવ્યો છે અને તેમાં પ્રાણ પૂર્યો છે. તે દુઃખપ્રાપ્તિ માટે નહિ પણ સુખપ્રાપ્તિ માટે પણ અફસોસ એ વાતનો છે કે માણસ પોતે જ પોતાનું દુઃખ ઉભું કરી લે છે. દુનિયામાં કોઈની તાકાત નથી કે તમને દુઃખી કરી શકે, સિવાય કે તમે પોતે દુઃખી થાવ. આપણે દુઃખના દરિયામાં ડુબેલા રહીએ છીએ અને બીજાને પણ દુઃખી કરીએ છીએ. એક લેખકે લખ્યું છે કે —



"સુખની આખી અનુક્રમણિકા, અંદર દુઃખનાં પ્રકરણ,
તમે જિંદગી વાંચી છે, વાંચો તો પડશે સમજણ"

બહારથી સુખી દેખાતો માણસ અંદરથી દુઃખી હોઈ શકે છે પણ એક બાબત સત્ય છે કે એક સુખી માણસ જ બીજાને સુખી કરી શકે, સુખ એ સમયની સાથે આવે છે અને સમયની સાથે ચાલ્યું જાય છે. સમયને આપણે બાંધી શકતા નથી. સમય આપણને બાંધે છે. એવી રીતે સુખ આપણને સુખી કરી શક્યું નથી. આપણે સુખી થઈશું તો સુખ આપણી સાથે જ રહેવાનું છે. પુનઃ એ જ પ્રશ્ન થાય છે કે સુખ એટલે શું? સુખ એટલે સર્જનહારની શ્રદ્ધામાં, ઈશ્વરના માર્ગમાં, બધાંને ખુશ કરી, જાતે સુખની અનુભૂતિ કરી, હૃદયવાડીમાં ઈશ્વરનું આગમન એટલે સુખ. ઈશ્વરના આગમનથી બધાં જ સુખોની પ્રાપ્તિ થાય છે. પછી તે સાંસારિક હોય કે આધ્યાત્મિક. આપણે સૌ એ જ પ્રાર્થના કરીએ કે —

"ઈસુ આવો તમે મારી આ જીવન વાડીમાં." ●



# શ્રદ્ધાંજલિ

✍ ફાધર પાબ્લો ગિલ એસ.જે.

**સ્વ. ફાધર લુઈસ દાસ્તિસ ઈ.સ.**

(૧૦ ડિસેમ્બર ૧૯૩૦ - ૦૨ મે ૨૦૧૫)

ફાધર દાસ્તીસનો જન્મ-ઉછેર કેથોલિક પરંપરાના સંપૂર્ણ પરિપાલનવાળા પરિવારમાં અને મહાન ઈસુસંઘીઓ જોસેફ પિગ્નાતેલ્લિ, ફ્રાન્સિસ બોગિયા અને આલોઈસ ગોન્ગાઝાના નગર ઝારાગોસામાં થયો હતો. નવદીક્ષિત પુરોહિતના રૂપમાં, એક યુવાન અને ઉત્સાહી દેવવિદ્યાના અભ્યાસી તરીકે ઓન્યા (સ્પેન) ના 'દેવવિદ્યા વિહાર' (થિયોલોગેટ)માં હું સૌ પ્રથમ વાર ફાધર દાસ્તિસને મળ્યો હતો. તેઓ ભારત આગમન માટે વિઝાની રાહ જોઈ રહ્યા હતા. ભારત આવવાનો તેમનો વિશેષ પ્રકારનો ઉત્સાહ અને ઉંમગ શબ્દમાં ઉતારવા માટે મુશ્કેલ હતો! એકાદ બે વર્ષ પછી હું એક ખજાનચી (પ્રોક્યુરેટર)રૂપે આણંદમાં તેમને મળ્યો. બરાબર એજ ઉત્સાહ તેમનામાં હતો, તેમાં જરા પણ ઓટ આવી ન હતી. વળી તેમનો અતિ ઉત્સાહ ચેપી હતો, તેઓ અન્યનામાં પણ ઉત્સાહ પ્રેરતા. તે વખતે તેમની ઉમર ત્રીસની આસપાસની હતી. આ ઉંમરે ગુજરાતી પંડિત બનવાની તેમનામાં ખેવના જાગી હતી. નવી ભાષા શીખવા માટે ઉત્સાહ કરતાં બીજો મોટો કોઈ ગુરુ નથી, બધાને આશ્ચર્ય પમાડે તે રીતે તેઓ ખૂબ જ ટૂંકા ગાળામાં ગુજરાતી શીખ્યા હતા!

આણંદથી તેમની નિમણૂક, ફાધર ઓદોનેઝની જગ્યાએ ગોઠડામાં થઈ, તેમ છતાંયે મબલક પાક લણનારું તેમનું કાર્યક્ષેત્ર કલોલ હતું. અહીં વર્ષો સુધી તેમણે નીતિશિક્ષણ ભણાવ્યું હતું. જેના પરિણામે તેઓ અનેક બિનખ્રિસ્તી પરિવારના સંપર્કમાં આવ્યા. આ પ્રૈષિતિક કાર્યને કારણે તેઓ એક લોકપ્રિય ઈસુસંઘી તરીકે કલોલ હાઈસ્કૂલમાં જાણીતા બન્યા હતા. તેમની વડોદરા બદલી થઈ ત્યારે આજ પદ્ધતિથી કામ કરતાં તેઓ ઝાઝા સફળ રહ્યા નહીં. વયમર્યાદા, હતાશા તરફનો ઝોક વગેરેએ તેમને પારાવાર પરેશાન કર્યા, આખરે સારવાર માટે તેમને સ્પેઈન મોકલવામાં આવ્યા. સ્પેઈન જતાં પહેલાં જ્યારે થોડા સમય માટે તેમને મળ્યો ત્યારે સ્પેનિશ પુરોહિતગણમાં



ફાધર વાલેસ, ફાધર ક્વેલી પછી ગુજરાતી ભાષાના જાણકાર-વક્તા તરીકે તેમનો ક્રમ આવે જ તેમ ગૌરવભેર તેમણે જણાવ્યું હતું. તેઓ ભારતને તેમજ ભારતમાંના પ્રૈષિતિક કાર્યને ચાહતા હતા, એટલે જ સારવાર માટે પણ તેઓ સ્પેનમાં રહેવા આનાકાની કરતા હતા, માટે તેઓ પરત આવવાની ટિકિટ લઈને સ્પેન ગયા હતા, પણ ઝારાગોઝા રુગ્ણાલયમાં તેમણે લાંબો સમય સારવાર લેવી પડશે, તે વાતે તેઓ નારાજ હતા. ત્રણ વર્ષ પહેલાં મારી સ્પેનયાત્રા વખતે હું તેમને મળ્યો, ત્યારે ગુજરાત વિશે લાંબો સમય સુધી વાતો કરી હતી. ઈસુસંઘ ગુજરાત પ્રાંતની નાનામાં નાની વિગતો વિશે તેમણે પૂછપરછ આદરી હતી. તેમના સ્મરણપટ પર ગુજરાત જ હતું, તેમણે અસંખ્ય પ્રશ્ન કર્યા હતા. જો કે કેટલાક જવાબથી તેમને સંતોષ ન હતો, તે તેમના ચહેરા પરથી પરખાતું હતું.

ફાધર દાસ્તીસ પ્રેમાળ પુરોહિત હતા. માણસ કરતાં મૈત્રી તેમના માટે મહત્ત્વની હતી. વાતચીત કરવાનો ગજબનો ઉત્સાહ તેમનામાં હતો, લાગણી વ્યક્ત કરવામાં તેઓ પાવરધા હતા. જ્યારે તેઓ જબાન ખોલે ત્યારે સૌ અવાક્ થઈ જતા, બધા મુગ્ધ બની તેમને સાંભળતા હતા. સર્વોપરિ સિદ્ધ થવાની તેમની આવડત હતી, તેમાંથી તેઓ ભાગ્યે જ પાછા વળી શકતા હતા.

ઈસુસંઘ ગુજરાત પ્રાંતમાં ફાધર દાસ્તીસની સ્મૃતિઓ સદાયે ચિરંજીવી બની રહેશે. કારણ તેમણે ગુજરાત અને ગુજરાતની પ્રજાને અનહદ પ્રેમ કર્યો હતો. પોતાની માતૃભૂમિમાં પરાયાપણાનો અનુભવ કરનારનો ગુજરાતપ્રેમ અગાધ હતો. એટલે સુધી કે તેમને ગુજરાતની ભૂમિમાં છેલ્લો શ્વાસ લેવો હતો પણ... પરમાત્મા ફાધર દાસ્તીસના આત્માને શાશ્વત શાંતિ આપે. ગુજરાતી સ્વજનોને આશ્વાસન આપે એ જ પ્રાર્થના. એક ઈસુસંઘી તરીકે તેમનું જીવન જુવાન ઈસુસંઘીઓ માટે નમૂનેદાર સદાને માટે રહેશે. ●

**૧૦ આજ્ઞાઓ**

પ્રભુ અને પીતર વચ્ચે ચર્ચા નીકળી. પીતરે કહ્યું, "પ્રભુ દસ આજ્ઞાઓને અપડેટ કરવા જેની નથી લાગતી? થોડું એડિશનલ પણ કંઈક હોવું જોઈએ."

પ્રભુ કરુણાભરી નજરે પીતરને તાકી રહ્યા, પછી પ્રતિપ્રશ્ન કર્યો, 'મતલબ'?

"મતલબ કે થોડી વધારે આજ્ઞાઓ. જેમકે, કોઈનો અશ્લીલ એસ.એમ.એસ.ના બનાવ. હદબહારનો ફેસબૂક, વોટ્સઅપ્નો ઉપયોગ ના કર. માબાપનું ના માન એ તો ઠીક છે, પણ ઓછામાં ઓછું અપમાન તો ના કર..." પીતર બોલતા બોલતા અટકી ગયા. તેમને થયું કે કંઈક વધારે તો નથી બોલાઈ ગયુંને? બે પાંચ પળની ખામોશી પછી પીતરે પાછું ડેરિંગ કર્યું, "ઊમેરવી છે થોડી આજ્ઞાઓ?"

"લોકો દસ આજ્ઞાઓ પૂરેપૂરી પાળે છે ખરા?" પ્રભુએ પ્રશ્ન કર્યો. પીતરે નકારમાં માથું હલાવ્યું.

"તો વધારાની આજ્ઞાઓ ઊમેરીને શું કરીશું?" નિરાશાજનક સ્વરે પ્રભુએ પ્રશ્ન કર્યો.

પીતર ખામોશીથી પ્રભુને તાકી રહ્યા!

— અજ્ઞાત

# કિશોરમિત્ર

## ખુશી : બાળપણનો અધિકાર

જુલાઈ, ૨૦૧૫

### ફુરસદનો સદ્‌ઉપયોગ :

પ્રિયાબેન મિશનરી શાળામાં શિક્ષિકાં હતાં. તેઓ વિદ્યાર્થીઓને ખૂબ સારી રીતે ભણાવતાં. વિષયની તેઓ પહેલાં જાતે કાળજીપૂર્વક તૈયારી કરતાં અને પછી જ વિદ્યાર્થીઓને ભણાવતાં. પ્રિયાબેન સાચે જ શાળા માટે આર્શીવાદ સમાન હતાં, આથી તેઓ બાળકોમાં ખૂબ પ્રિય હતાં. પ્રિયાબેનની નિષ્ઠાથી તેમના સાથી શિક્ષકો તેમની અદેખાઈ કરતા. કેટલાંક વિદ્યાર્થીઓ પ્રિયાબહેનની આગવી શિક્ષણ પદ્ધતિ સમજી શકતા નહીં પરંતુ મહ્‌દઅંશે બાકીના વિદ્યાર્થી તેમની ભણાવવાની રીતથી ખૂબ ખુશ હતા. અને તેમને સહકાર આપતાં.

એક દિવસ વર્ગ પૂરો કર્યા પછી તેમણે બાળકોને જીવનમાં ખુશીનું મહત્ત્વ સમજાવ્યું, “બાળકો તમને શામાંથી ખુશી મળે છે?” બહેને વિદ્યાર્થીઓને પૂછ્યું, પ્રિયાબહેનના પ્રશ્નનો દરેક વિદ્યાર્થીએ અલગ અલગ ઉત્તર આપ્યો. કોઈકને ક્રિકેટ રમવામાં, તો વળી કોઈકને તરવામાં ખૂબ મજા પડતી હતી. કોઈકને વળી પિકનિકની મજામાં તો બીજાને પર્વતારોહણમાં ખુશી મળતી હતી. પ્રિયાબહેને બધાં બાળકોના ઉત્તર સાંભળ્યા પરંતુ તેમણે એવી ખુશી જણાવવા કહ્યું જેમાં આનંદ, જ્ઞાન અને સ્વાવલંબનના પાઠ શીખવા મળે.

કેથરિન અને પ્રકાશ પર પ્રિયાબેનની વાતની ઊંડી અસર પડી. કેથરિને લોકનૃત્ય શીખવાનું જણાવ્યું જ્યારે પ્રકાશે વેસ્ટર્ન  સંગીત શીખવા મન મનાવ્યું.

પ્રિયાબહેન બંનેના ઉત્તરથી ખુશ થયાં. તેમણે જણાવ્યું કે, ‘આવા પ્રયત્નો સ્વ અને સમાજને લાભદાયી નીવડે છે.’



### જીવદયાઃ

શાળાના દરવાજા પાસે મેકમિલન એક ગલુડિયાના ઘા ઉપર મલમ લગાડતો હતો. દરવાજે ઉભેલા ચોકીદાર અને ત્યાં હાજર બાળકો તેની મજાક ઉડાવવા લાગ્યા. મેકમિલને આ બધાંની મજાક ગણકારી નહીં. ગલુડિયાને,  રસ્તે જતી એક મોટરસાયકલે અડફેટે લીધું હતું અને તેના પગે ઈજા થઈ હતી.

મેકમિલન રોજ ગલુડિયાના ઘાને સાફ કરી મલમ ચોપડતો. પોતાના ટિફિનમાંથી રોજ એક રોટલી ગલુડિયાને ખવડાવતો. બીજા વિદ્યાર્થીઓ; ખાસ તો મનુ નામના વિદ્યાર્થીની મજાકની અવગણના કરી તેણે ગલુડિયાનું નામ ‘શેરુ’ પાડ્યું. થોડાં દિવસોમાં શેરુ સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયો. મેકમિલનની શાળાની બાજુમાં જ પ્રાથમિક શાળાનું મકાન હતું. મેકમિલનની સાથે ભણતા મનુની નાની બહેન સુશીલા ત્યાં ચોથા ધોરણમાં ભણતી હતી. એક દિવસ એક અજાણ્યો માણસ રિસેસના સમયે પ્રાથમિક શાળાના કંપાઉન્ડમાં દાખલ થયો. તેણે સુશીલા સાથે થોડી વાત કરી અને પછી અપહરણના ઈરાદે સુશીલાને શાળાની બહાર ખેંચી જવા લાગ્યો. ડરના માર્યે સુશીલા બૂમો પાડવા લાગી. સુશીલાની ચીસ સાંભળી શેરુ દોડ્યો. જોર જોરથી ભસીને

શેરુએ અજાણ્યા માણસ પર હુમલો કર્યો અને તેને કરડવા લાગ્યો. આ જોઈ શાળાનો ચોકીદાર અને બીજા લોકો દોડી આવ્યા અને પેલા અપહરકારને પકડી લીધો.

આ ઘટના પછી મનુ, મિત્રો, બીજા વિદ્યાર્થીઓ પણ શેરુની સમયસૂચકતા અને ચપળતાના વખાણ કરવા લાગ્યા. શેરુની કાળજી લેવા બદલ બધાંએ મેકમિલનની પીઠ થાબડી. હવે શાળામાં શેરુ બધાંનો પ્રિય બની ગયો.

**સાર :** પ્રાણી માત્ર પર દયા દાખવો....

તેઓ પણ આ સૃષ્ટિનાં સહભાગી છે.

## મગ્દલાની મરિયમ:

ઉત્તર ગાલીલ પ્રાંતના મગ્દલાની મરિયમ એક કુખ્યાત સ્ત્રી હતી. તેણે પોતાનું જીવન પાપમય પ્રવૃત્તિમાં વીતાવ્યું હતું. દેખાવમાં તે અત્યંત સુંદર હતી. જ્યારે તેની મુલાકાત પ્રભુ ઈસુ સાથે થઈ તે પછી તેનું જીવન બદલાઈ ગયું. તેણે તેના પાપમય જીવન બદલ પસ્તાવો કર્યો.



એક વખત પ્રભુ ઈસુ બેથાનિયા ગામે સિમોનના ઘેર પોતાના શિષ્યો સાથે ભોજન માટે ગયા હતા. મગ્દલાની મરિયમ ત્યાં આવી. ઈસુના પગ પાસે બેસીને પસ્તાવાથી તે રડવા લાગી. તેનાં આંસુ ઈસુના પગ પર પડ્યાં. મરિયમે તેના સુંદર લાંબા વાળ વડે પ્રભુના પગ લૂછ્યા. અને પોતે લાવેલ કિંમતી સુંગધીદાર અત્તર ઈસુના માથે લગાડ્યું. એક પાપી સ્ત્રી પ્રભુ ઈસુને અડકી. તે જોઈ ત્યાં હાજર લોકો નારાજ થયા. ઈસુ આ લોકોના મનની વાત જાણી ગયા અને બોલ્યા, "આજે આ સ્ત્રીનાં પાપ માફ થયાં છે કારણ તેણે પ્રેમ દર્શાવ્યો છે." પછી મરિયમને ઉદ્દેશીને કહ્યું, "તારી શ્રદ્ધાએ તને નવજીવન બક્ષ્યું છે. શાંતિમાં જા" (માર્ક ૧૪:૩-૯).

આ ઘટના પછી મરિમયનું હૃદય પરિવર્તન થયું. તેણે પાપમય જીવન છોડી દીધું. તેણે હંમેશા પ્રભુ ઈસુ અને તેમના શિષ્યોની સેવા કરી. પ્રભુ ઈસુના ક્રોસ પરના મૃત્યુ વખતે માતા મરિયમની સાથે મગ્દલાની મરિયમ કાલવારી પર્વત પર હાજર હતી. (યોહાન ૧૯:૨૫). ઈસુના મૃત્યુના ત્રીજા દિવસે વહેલી સવારે મગ્દલાની મરિયમ ઈસુના પાર્થિવ શરીરે સુગંધી દ્રવ્યો ચોપડવા કબરે ગઈ હતી ત્યાં કબરમાં ઈસુની લાશ ન જોતાં આકુળવ્યાકુળ થઈ રડી પડી હતી. પરંતુ ઈસુનો પુનઃ સજીવન થયા હતા. મરિયમ તેમને ઓળખી શકી નહીં અને તેમને માળી ધારી લીધા અને તેમને ઈસુ વિશે પૂછપરછ કરી હતી. ઈસુએ "મરિયમ" એમ સાદ પાડતાં જ તે ઈસુને ઓળખી ગઈ હતી (યોહાન : ૨૦:૧૧-૧૮).

પાપનો માર્ગ ત્યજીને પસ્તાવો કરનાર મગ્દલાની મરિયમને પ્રભુ ઈસુએ પુનરુત્થાન પછી સૌ પ્રથમ દર્શન આપ્યાં હતાં.

નોંધ : ધર્મસભા ૨૨ જુલાઈના રોજ મગ્દલાની મરિયમનું પર્વ ઉજવે છે.

## યહોશુઆએ જોયેલું દિવ્યદર્શન:

યહોશુઆ પયગંબર મોશેનો ઉત્તરાધિકારી ગણાય છે. એક સાંજે યહોશુઆ પ્રાર્થના કરવા ગયો. ભવિષ્યમાં આવનાર મુશ્કેલીઓ વિશે તેને જાણ હતી. આથી તે અત્યંત વ્યથિત હતો. તેણે યરીખો શહેર અને તેની કોટ પર ઊભેલા સૈનિકો જોયા. આ એવા લોકો હતાં, જેઓ યુદ્ધ વિશે કશું જાણતા નહોતા. આવા દુષ્ટ અને નિર્દયી લોકોના હાથે યહોશુઆએ યરીખોનો વિનાશ નિહાળ્યો.

તેણે ત્યાં અત્યંત ઊંચા, સીધા અને ચઢાણવાળા પહાડો જોયા. તેણે વિચાર્યું કે, તે તેની પ્રજાને આ પર્વતોની પેલે પાર કેમ કરીને લઈ જશે? યહોશુઓ હતાશ થયો. તેણે ઈશ્વરને પ્રાર્થના કરી. તેણે પોતાને જ્ઞાન આપવા વિનંતી કરી. જેથી તે સાચું પગલું ભરી શકે. યહોશુઆ યરીખો નજીક પહોંચ્યો તો તેણે જોયું કે એક માણસ હાથમાં ખૂલ્લી તલવાર લઈ ઊભો હતો. યહોશુઆએ તેને પૂછ્યું, "તું અમારા પક્ષનો છે કે દુશ્મનના?"



પેલા માણસે કહ્યું, "હું તો એકે પક્ષનો નથી. હું તો પ્રભુની સેનાના સેનાપતિ તરીકે આવ્યો છું."

'પ્રભુની સેનાનો સેનાપતિ' – આ વિચાર યહોશુઆના મનમાં મથામણ કરવા લાગ્યો. શું તે પોતે ઈસ્રાયેલી પ્રજાનો સેનાપતિ ન હતો? યહોશુઆને જ્ઞાન લાધ્યું કે આ તો ઈશ્વર પોતે જ છે. ઈસ્રાયેલી પ્રજાના સાચા સેનાપતિ દર્શન દઈને પરમેશ્વરે યહોશુઆને જ્ઞાન, હિંમત અને નીડરતા બક્ષી. યહોશુઆની પ્રાર્થના ફળી. અને જમીન પર લાંબા થઈને યહોશુઆએ પરમેશ્વરને દંડવત્ પ્રણામ કર્યા.

(પ્રવૃત્તિ : આ વિવરણ વાંચો,
જૂનો કરાર - યહોશુઆ ગ્રંથ. અધ્યાય ૫ : કલમ ૧૩ થી ૧૫)

**અલગ દષ્ટિકોણ :**



જંગલમાં એક શિયાળ તેનાં બે બચ્ચાં સાથે રહેતું હતું. એક દિવસ બચ્ચાં ખૂબ ભૂખ્યાં થયાં હતાં. તેમણે માતા પાસે ખાવાનું માંગ્યું. માતા બચ્ચાને જંગલની બાજુમાં આવેલ દ્રાક્ષના ખેતરે લઈ ગઈ. ખેતરમાં દ્રાક્ષના માંડવા લાગેલાં હતાં. પાકી મીઠી દ્રાક્ષના ઝૂમખાં લટકતા હતાં. શિયાળ અને તેનાં બચ્ચાં દ્રાક્ષ તોડવા કૂદવા લાગ્યાં પરંતુ દ્રાક્ષનો માંડવો ઊંચો હોવાથી તેમના મોંમાં દ્રાક્ષ આવી નહીં. આથી કંટાળીને શિયાળ બોલ્યું, 'દ્રાક્ષ તો ખાટી છે!'

અહીં સુધીની વાર્તા તો આપણે સહુ જાણીએ છીએ. હવે વાર્તા આગળ વધારતાં જાણીએ કે શિયાળના બચ્ચાંએ શું કર્યું....

શિયાળના બચ્ચાંઓએ શાંતિથી વિચાર્યું. પછી તેમણે મોટા મોટા પથ્થરો લાવી એક ઉપર એક દ્રાક્ષના વેલાની નીચે ગોઠવ્યા. પછી પથ્થર પર ચઢીને ત્રણેયે ધરાઈને દ્રાક્ષ ખાધી. બચ્ચાંની બુદ્ધિપૂર્વકની મહેનત જોઈ માતા શિયાળની ખુશીથી ઝૂમી ઊઠી.

**સાર :** પ્રયત્નો કદી છોડશો નહીં. હિંમત હારશો નહીં. અલગ રીતે વિચારો અને કોશિશ કરો, એ જ સફળતાનું પ્રથમ પગથિયું બનશે.



**રમૂજી ઘટના અને બોધપાઠ:**

અંકલ : બાબુ તને શાળાએ જવાનું ગમે છે?

બાબુ : જરૂર અંકલ, ફક્ત શાળાએ જવાનું જ નહીં; મને તો શાળાએથી ઘેર પાછા ફરવાનું પણ બહુ ગમે છે. નથી ગમતો તો આ બે વચ્ચેનો સમયગાળો....

સાર : આવા જોક્સ વિદ્યાર્થીઓમાં ખૂબ પ્રચલિત હોય છે, તેઓ આ રીતે પોતાની લાગણી વ્યક્ત કરતા હોય છે.





પરંતુ આવા વ્યવહારથી ચેતવું જોઈએ. શાળા અને તેમાં ભણાવતા વિષય પ્રત્યે ગમો કેળવવો પડશે, તો જ અભ્યાસમાં તેજસ્વી સફળતા મળશે.

માતા : (રસોડામાંથી બૂમ પાડતાં) બાબુ, તારો નાનો ભાઈ શા માટે રડે છે?

બાબુ : કોઈ તેનું બિસ્કીટ ખાઈ ગયું એટલે....

માતા : કોણ ખાઈ ગયું? એને રોકવાને બદલે તું શું કરે છે?

બાબુ : હું જ તો એ બિસ્કીટ ખાઈ રહ્યો છું.

સાર : આ જોક એક નકારાત્મક સંદેશ આપે છે. પોતાની ભૂલ કબૂલવી એ સાચી રીત ગણાય. જ્યારે ભૂલ છૂપાવવી એ કાયરતા ગણાય. વહાલાં બાળમિત્રો, તમે કેવું વલણ દાખવશો?

**ત્યાગથી મળેલ ખુશીઃ**

નાનકડી લિઝી તેના દાદા જોકિમભાઈ સાથે રહેતી હતી. લિઝીના માતાપિતા બંને સોફ્ટવેર એંજિનિયર હતાં અને અમેરિકામાં નોકરી કરતાં હતાં. લિઝીના અભ્યાસ માટે દાદા જોકીમભાઈ પાસે ભારતમાં રાખી હતી. દાદા અને પૌત્રી બંને વચ્ચે ખૂબ પ્રેમ અને આત્મીયતા હતી.


જોકિમભાઈ નાનકડી લિઝીને ખૂબ લાડ લડાવતા. તેની બધી જરૂરિયાત પૂરી પાડતા. રોજ સાંજે સૂતા પહેલાં તેને સુંદર મજાની વાર્તા પણ સંભળાવતા. લિઝીને તેના માતાપિતાની ગેરહાજરી જરા પણ સાલતી નહીં.

જોકિમભાઈ લશ્કરમાંથી ઉચ્ચ પદેથી નિવૃત્ત થયા હતા. એક્ષેન્જ પ્રોગ્રામ હેઠળ સરકારી ખર્ચે દુનિયાની સફરે જવા જોકીમભાઈની પસંદગી થઈ. જોકીમભાઈએ વિશ્વભ્રમણની બધી તૈયારી કરી લીધી. વીઝા અને પ્લેનની ટિકિટ પણ આવી ગઈ હતી. થોડાં દિવસ માટે નાનકડી લિઝીની જવાબદારી પોતાની બહેનને સોંપવા જોકિમભાઈએ નક્કી કર્યું. જ્યારે લિઝીએ આ વાત જાણી તો તે ખૂબ દુઃખી થઈ અને રડવા લાગી. જોકિમભાઈએ લિઝીને શાંત પાડવા ઘણાં પ્રયત્નો કર્યા. પરંતુ લિઝી ખૂબ નિરાશ રહેવા લાગી, વારંવાર રડ્યા કરતી પૌત્રીને દુઃખી જોઈ દાદા જોકિમભાઈએ વિદેશ સફરે જવાનું માંડી વાળ્યું. જ્યારે નાનકડી લિઝીએ આ જાણ્યું તો તે ખુશીથી ઊછળી પડી અને દાદાને ગળે વળગી પડી.

## ચિંતન પુષ્પઃ

એક નિષ્ફળતાથી બીજી નિષ્ફળતા વચ્ચે પણ
સતત પ્રયત્ન કરતાં રહેવાથી જ અંતે સફળતા પ્રાપ્ત થાય છે.

– વિન્સ્ટન ચર્ચિલ (બ્રિટીશ વડાપ્રધાન)



– રાજેશ ક્રિશ્ચિયન
rajesh.christian@yahoo.co.in






# બાઇબલમાં ઈશ્વરદર્શન

## (ગ્રંથ પરિચય)



✍ ડૉ. થોમસ પરમાર

*'દૂત' પૂર્વ તંત્રી*

*બાઇબલના પ્રખર પંડિત કાર્મેલ સંઘના ધર્મગુરુ કાર્લોસ મેસ્ટર્સ દ્વારા લિખિત God Where are you? Rediscovering The Bibleનો સુંદર અનુવાદ પ્રસિદ્ધ અનુવાદક રેમંડ આર. પરમાર 'બાઇબલમાં ઈશ્વરદર્શન' નામે કર્યો છે. મૂળકૃતિ પોર્ટુગિઝ ભાષામાં લખાઈ હતી. જોન દુરાઈ અને ફ્રાન્સિસ મેકડોનાથે કરેલા તેના અંગ્રેજી અનુવાદમાંથી ગુજરાતી અનુવાદ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ એક રીતે કહીએ તો તે બાઇબલ પરનું ભાષ્ય છે.*

બીજી વેટિકન વિશ્વપરિષદની ઘોષણા પ્રમાણે બાઇબલનું પઠન એ ધર્મસભાનો આત્મા છે. ગુજરાતની ધર્મસભામાં કરિશ્માઈ ચળવળને લીધે ધર્મજનોમાં ઈશ્વરની વાણી તરીકે બાઇબલના ઊંડા જ્ઞાન માટે તરસ જાગી છે તેવા યોગ્ય સમયમાં યોગ્ય ગ્રંથનું અવતરણ થયું છે તે ધર્મસભા અને ધર્મજનો માટે જૂના કરારમાં ઉલ્લેખિ 'મન્ના' સમાન છે. બાઇબલ ભલે ભૂતકાળની રચના હોય પણ તેનું પઠન વર્તમાનકાળને પણ સ્પર્શે છે. બાઇબલ ફક્ત ભૂતકાળના ઇતિહાસ તરીકે નહિ. પણ આજના બનાવો અને આજના વૃત્તાંતોના સંદર્ભને કેન્દ્રમાં રાખીને જીવતા જીવનને સ્પર્શે છે. મૂળ લેખક ધર્મગુરુ કાર્લોસ મેસ્ટર્સે બ્રાઝિલ દેશના સ્થાનિક ધર્મપરિવારો પાસે જઈને બાઈબલનું પઠન કરીને તેનું મહત્ત્વ સમજાવ્યું છે. તે પઠન દ્વારા તેમના જીવનસંદર્ભ સાથે સાંકળી લેવાનો જે બહોળો અનુભવ તેમને થયો તેનો નિચોડ એટલે પ્રસ્તુત ગ્રંથ. મૂળમાં તો આ પુસ્તક ઈશ્વરવિદ્યા (Theology)નો અભ્યાસ કરનાર ઉમેદવાર-પુરોહિત (નોવિસિએટ)ને કેન્દ્રમાં રાખીને લખાયું હોવાથી વિચારોની રજૂઆત અને ભાષા ઘણી ઊંચા પ્રકારની છે, છતાં બાઇબલમાં રસ ધરાવતાં સૌ કોઈને ઉપયોગી નીવડે તેવું છે.

લેખકે ગ્રંથની પ્રસ્તાવના 'બાઇબલમાં ઈશ્વરની ખોજ' શીર્ષક હેઠળ લખી છે. તેનાં કેટલાંક અંશો જોઈએ :

બાઇબલ, પરિવારના એક જૂના આલ્બમ જેવું છે. તારીખ નોંધાયા વિનાના આ ફોટાઓ કુટુંબના વિવિધ બનાવોના છે. બધાં જ ફોટા આડાઅવળા હોય તો પણ કુટુંબનું એક સંકલિત ચિત્ર ઊભું કરે છે. આલબમનો એકે એક ફોટો મહત્વનો છે. તેમાં કૌટુંબિક જીવનનો ધબકાર ઝીલાયેલો છે. આવું જ બાઇબલનું છે. એમાં થોડું થોડું પણ બધું જ છે. બાઇબલ જનસમુદાયનો સંપૂટ-આલ્બમ રજૂ કરે છે; જે આમ તો કોઈ ક્રમ કે સંકલન વિનાનો છે, છતાં વ્યવસ્થિત છે. બાઇબલમાં લોકો જે માર્ગે ચાલ્યા તેને ખ્રિસ્તીઓ સાચો માર્ગ માને છે. આથી ખ્રિસ્તીઓ બાઇબલનો મનન-ચિંતન કરવા માટેનો એક આવશ્યક આધાર માને છે. બાઇબલના ઇતિહાસની આટલી બધી ઝીણવટથી વૈજ્ઞાનિક તપાસ અગાઉ ક્યારેય નહોતી થઈ. બાઇબલના અર્થઘટનનું જોડાણ રોજબરોજના જીવન સાથે કરવામાં જ નહોતું આવ્યું. અર્થઘટનનો આખો અનુબંધ વીતી ગયેલા ભૂતકાળ સાથે જ રહ્યો. લેખકનું લક્ષ્ય તો આપણી દૃષ્ટિ પરિવર્તનનું છે. આપણે જે ચશ્મા ચઢાવીને બાઇબલ વાંચીએ છીએ તેને બદલી નાખવાનું છે. લેખકને બતાવવું છે કે બાઇબલની આડે આવતી મસમોટી આડખીલી આપણી આંખ આડે આવતી એક રજકણ સિવાય બીજું કશું નથી. હકિકતમાં આપણે અહીં છીએ એ જ આપણને 'ઈશ્વર તમે ક્યાં છો?' એ પ્રશ્ન પૂછવા પ્રેરે છે.

ગ્રંથ બે વિભાગમાં વિભાજીત છે. ભાગ-૧ જૂના કરારનો છે જેમાં ૧૦ પ્રકરણો છે. ભાગ-૨ નવા કરારનો છે જેમાં ૮ પ્રકરણો છે.

ગ્રંથનો પ્રારંભ 'આનંદ વાટિકા' નામના પ્રથમ પ્રકરણથી થાય છે જેમાં ઉત્પત્તિના ગ્રંથની ચર્ચા કરવામાં આવી છે. ઈડન ગાર્ડનને આનંદવાટિકાનું રૂપાળું નામ આપવામાં આવ્યું છે. આદમ અને હવાની કથા પાછળ ઉત્પત્તિના ગ્રંથકર્તાનું દૃષ્ટિબિંદુ ધર્મગુરુ કાર્લોસે પૂરી છણાવટ સાથે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. એ માટે તેમણે પાંચ મુદ્દા રજૂ કર્યા છે. બાઇબલમાં વર્ણવેલ આનંદવાટિકા એ જ છે ઈશ્વરે ઈચ્છેલી દુનિયા. આનંદ-વાટિકા આજે પણ આપણું સુખધામ બની રહે તેમ ઈશ્વર ચાહી રહ્યો છે.

ઈશ્વરનો કાનૂન જ સર્વેસર્વા છે. આદમહવાએ મના કરેલું ફળ ખાધું એટલે તેમણે પોતાને મળેલ સ્વતંત્રતાનો દુરુપયોગ કર્યો. આદમ અને હવા તો એક રીતે એ કાળનાં તમામ 'સ્ત્રીપુરુષો'નું પ્રતિનિધિત્વ કરનારું એક યુગલ છે. તે બંને સૌની આગળ ધરેલ એક દર્પણ જેવાં સ્ત્રીપુરુષ છે. જ્યારે આપણે ઈશ્વરના પ્રકાશ તથા શક્તિના દોર્યા દોરાઈએ છીએ ને એ માર્ગે જ્યારે સંપૂર્ણ સંવાદિતા તથા શાંતિનો આપણે અનુભવ કરીએ છીએ ત્યારે આનંદવાટિકા શક્ય છે. એની આપણને ખાતરી થાય છે. ડાર્વિનના ઉત્ક્રાંતિવાદ વિશે ઉત્પત્તિના ગ્રંથમાં કોઈ હકારાત્મક કે નકારાત્મક અણસાર નથી. બાઇબલને તો માત્ર માનવની મૂળભૂત સમસ્યા સાથે નિસ્બત છે. દંડરાજ વિનાનું સંવાદિતાપૂર્ણ એવું નિરાળું જગત એટલે જ આપણી મધ્યેની ૨૧મી સદીની આનંદવાટિકા. આનંદવાટિકાનું વૃત્તાંત તો છે એક જાહેર એક સરનામું. અનિષ્ટના પ્રતિકારક અર્થેનું

એક ઘોષણાપાત્ર. આશાભર્યા કંઠમાંથી ઊઠેલો એક પોકાર, આજની પ્રવર્તમાન દુનિયાની કાયાપલટ કરી દો - એ છે આનંદવાટિકાનો પ્રધાન લલકાર.

અબ્રાહામના પ્રકરણમાં લેખકે અબ્રાહામની ઐતિહાસિક્તા સમજાવતાં પહેલાં ઇતિહાસ વિશેની સ્પષ્ટ સમજણ આપી છે. આ વાંચતા જણાય છે કે લેખકે ઇતિહાસની વિભાવના સાંગોપાંગ પચાવી જાણી છે. જેમ કોઈ ઈમારત એક જ તબક્કે ઊભી થતી નથી તેમ ઇતિહાસની રચનામાં બનાવોની તબક્કાવાર ગૂંથણી થયેલી હોય છે. આમ અબ્રાહામની જીવનનકથાની આખરી આવૃત્તિ વચ્ચે બારસો-તેરસો વર્ષનો ગાળો વહી ગયો છે.

અબ્રાહામના જીવન દ્વારા ઈસ્રાયલીઓને સમજાયું કે તેઓ ઈશ્વરની પ્રજા છે. તેઓ પોતે ઈશ્વરનાં જ છે. અબ્રાહામના જીવનમાં ઈશ્વરનો પ્રવેશ કેવી રીતે થયો તે બાઇબલ આપણને જણાવે છે, વધુમાં એમ પણ જણાવે છે કે કોઈપણ મનુષ્યના જીવનમાં પ્રવેશીને ઈશ્વર એની જીવનદિશ બદલી નાખે છે. ઈશ્વર કાંઈ જેના પર 'સર્જનહાર' લખ્યું હોય એવું 'બિઝનેસ-કાર્ડ' લઈને આપણી પાસે આવતો નથી. એને બદલે ઈશ્વર પોતાને અછતો રાખે છે, આદરભાવે આપણી જોડે આપણા જીવનમાર્ગની ધારે ધારે ચાલે છે અને આખરે આપણાં હૈયાં હરી લે છે. આજે આપણને અબ્રાહામની પેઠે ઈશ્વરનો ભેટો કેમ થતો નથી? એનું કારણ એ છે કે આપણા સૌની દૃષ્ટિ ધૂંધળી બની બેઠી છે!

મહાપ્રસ્થાન (પ્ર.૩)ના ગ્રંથો જુદાજુદા લોકોના હાથે, ઇતિહાસના જુદાજુદા તબક્કે લખાયા છે. તેમાં ઘટનાઓનું વારંવાર પુનરાવર્તન થયું છે ક્યારેક ઘટનાઓના આંકડાઓમાં અચોક્કસતા જણાય છે. જેમકે મરકીના આંકડા ૭,૫ અને ૧૦ દર્શાવ્યા છે. મહાપ્રસ્થાનનું વૃત્તાંત એ બનેલ ઘટનાઓનો અક્ષરશઃઅહેવાલ નથી, એ તો બનેલ ઘટનાઓનું એક અર્થઘટન છે. ઈસ્રાયેલી લોકો આગળ ઈશ્વર સ્વયં પ્રગટ થયો અને તે તેમનો ઈશ્વર બન્યો તે જાણવા મળે છે. આ પ્રકરણમાં બાઇબલ અને ઇતિહાસ તથા આધુનિક વિજ્ઞાન અને બાઇબલ જેવા ગહન વિષયની પણ લેખકે ઊંડાણથી ચર્ચા કરી છે. મહાપ્રસ્થાનનો ગ્રંથ મુક્તિનાં એવાં પરિણામો નિપજાવનારી ઈશ્વરની મોજુદગી પર દૃષ્ટિપાત કરવાનું આપણને એલાન કરે છે. મહાપ્રસ્થાન દરમ્યાન લોકોને જે આધ્યાત્મિક અનુભવ થયો હતો તેના પર બાઇબલ ભાર મૂકે છે. મુક્તિને નામે જે કાંઈ કરાય છે તે બધું ઈશ્વરે લોકો માટે જે મુક્તિ વિચારી છે તેને હંમેશા અનુરૂપ હોતું નથી, તેનો સંકેત મહાપ્રસ્થાન કરાવે છે. મોશેની શ્રદ્ધા જ મોશેના વિજયનું નિમિત્ત બની હતી એ સત્ય પણ તેમાંથી પ્રગટ થાય છે.

કાજીઓના ગ્રંથની ઇતિહાસના સંદર્ભમાં ચર્ચા કરીને લેખકે પ્ર.૪માં શિમશોન અને દલિલાની કથાનું વિવેચન કર્યું છે આ કથા આજના આપણા જમાનાના લોકોને પડકાર ફેંકતી રહી છે કે યથાર્થ શ્રદ્ધાને જોરે તમે જ ખડી કરેલી પરિસ્થિતિનો મુકાબલો કરો અને ઈશ્વર તમારી આગળ પોતાની શક્તિ પ્રગટ કરે એ માર્ગે આગળ વધો. આ કથા એમ પણ દર્શાવવા માગે છે કે આશા અને હિંમત ટકાવી રાખવાં શક્ય છે.

યશાયાથી મલાખી સુધીના ૧૬ પયગંબરો ઉપરાંત એલિયા અને એલિશા પણ પયગંબરો થઈ ગયા. આમાંના ઘણાંના નામો સિવાય એમના વિશે ઝાઝું જાણવા મળતું નથી. લેખકે પણ આમોસ અને હોશિયાનો જ ઉલ્લેખ કર્યો છે એ સિવાય સર્વ પયગંબરોની સર્વસામાન્ય વિચારસરણી, તેમનાં કાર્યો અને તેમના મહત્ત્વની ચર્ચા કરી છે. પયગંબર ઈર્મિયા વિશે એક સ્વતંત્ર પ્રકરણ લખવામાં આવ્યું છે. તે આવનાર મુક્તિદાતાનો સંકેત દેનાર હતો. તેણે ધર્મ સુધારણાની ચળવળને લીલી ઝંડી આપી હતી.

પયગંબર અધિકારપૂર્વક બોલે છે, કારણ એના શબ્દો ઈશ્વરમાંથી વહી આવે છે. જે છે, જે હોવું જોઈએ, એ બે વચ્ચે પેદા થયેલા સંઘર્ષમાંથી એની હાકલનો ઉદ્‌ભવ થાય છે. ઈસ્રાયેલી પ્રજા જીવનથી વિમુખ બને. વિધિવિધાનો, ધાર્મિક સમારંભોને મેળાવડાઓમાં રાચે, કર્મકાંડના અલગ વિશ્વમાં સરી પડે એ પયગંબરોને મંજૂર નહોતું... આજે આ પયગંબરો આપણી મધ્યે જીવતા હોત તો આ પ્રકારનું ધર્માચરણ સાચે જ 'લોકો'ને ઘેન ચડાવનારું અફીણ છે એમ કહેનારા બેલાશક તેઓ પહેલા હોત. ધર્મગુરુ કાર્લોસનું આ વેધક વાક્ય વર્તમાન ધર્મસભાની સ્થિતિ સામે તીર તો નથી તાકતુંને? લેખકની આ વિચારસરણીને નથી મળતી આવતીને?

રાજા હિઝકિયાથી માંડી રાજા યોશિયાના શાસનકાળમાં જે ધર્મસુધારણા થઈ હતી તેનો રસપ્રદ ઈતિહાસ રજૂ કરવામાં આવ્યો છે. આ પ્રવૃત્તિનો બોધપાઠ આપતાં લેખક ધ્યાન દોરે છે કે, 'જ્યારે આપણે લોકોના દૃષ્ટિકોણને તથા તેમના ધર્માચરણને બદલવાનો પ્રયાસ કરતા હોઈએ ત્યારે એમાં આપણે અતિ ઝડપે આગળ વધવું ન જોઈએ. જો આપણે ખાનાખરાબી થતી રોકવા ઈચ્છતા હોઈએ તો થોડી ધીરજ રાખવી સારી.'

બાઈબલ અંતર્ગત જ્ઞાનસાહિત્યમાં સુભાષિતો, સર્વોત્તમ ગીત, ઉપદેશમાળા, તત્ત્વદર્શી, યોબ અને જ્ઞાનવાણીનો સમાવેશ થાય છે. આ જ્ઞાનશ્રયી ગ્રંથો ઈશ્વર કરતાં જીવનની જ વાત કરે છે. જ્ઞાનશ્રયી ભૂમિમાં જ દિવ્ય પ્રગટીકરણના વૃક્ષનાં મૂળ નંખાયા હતા અને તે વૃક્ષ ફૂલ્યું ફાલ્યું. આ ગ્રંથો સ્પષ્ટ રીત ચીંધે છે કે ઈશ્વર સાથે આપણો મેળાપ આપણા રોજિંદા જીવનની ઘટમાળમાં થાય છે. આપણા નક્કર અનુભવોમાંથી જ ઈશ્વરીય જ્ઞાનનો પાતાળકૂવો ફૂટી નીકળે છે. ઈશ્વરની શોધ આપણા જીવન માંહેથી જ કરીએ - કર્મકાંડોમાં અને વિધિવિધાનોમાં ન કરીએ. મુક્તિના ઇતિહાસનો આખરી સારાંશ આમ લોકોના માપદંડને આધારે રચાયેલ છે, નહીં કે પુરોહિતોના માપદંડોને આધારે. યોબનો ગ્રંથ માનવના જીવનક્ષેત્રે ખડા થયેલા ખૂબ ધ્યાનપાત્ર અને વાસ્તવવાદી દૃષ્ટિકોણને આપણી સમક્ષ રજૂ કરે છે.

સ્તોત્રસંહિતા એ સમગ્ર જૂના કરારનો નિચોડ છે. સંત ઑગુસ્તિને સ્તોત્રોનું અર્થઘટન કર્યું હતું. આપણે કોણ છીએ ને આપણું કર્તવ્ય શું છે એ શોધી કાઢવામાં સ્તોત્રો મદદરૂપ બને છે. ઈશ્વરે ચીંધેલ દિશા ભણી આપણને ધપતાં રાખે છે. સ્તોત્રો આપણા જીવનનું સંનિષ્ઠ દર્પણ છે, આપણી સાચી ઓળખનું પ્રતિબિંબ છે. સ્તોત્રો જીવનને ઈશ્વર સાથે જોડતો એક સેતુ બની ગયાં.

ભાગ-૨ની શરૂઆત 'ચાર શુભસંદેશોના મૂળ'થી થાય છે. ચારે શુભસંદેશોની રચનાનો ઇતિહાસ અને તેમાં જોવા મળતા તફાવતોની અને તેમની તુલનાની વિશદ ચર્ચા કરવામાં આવી છે. શુભસંદેશનું વાંચન આપણા જીવાતાં જીવન સાથે જોડાવું જોઈએ. વાંચવા ખાતર ન વાંચવું જોઈએ. શુભસંદેશને અનુરૂપ જીવન ન જીવાય તે શુભસંદેશના હાર્દને હણી નાંખે છે. શુભસંદેશના કર્તાઓની મુખ્ય ચિંતા, વાંચકોના જીવનમાં ઈસુના ઉપદેશને ઉતારવાની છે. ભાગ-૨માં સૌથી લાંબુ અને છતાં ઉત્તમ પ્રકરણ 'ગિરિપ્રવચન'નું છે. ગિરિપ્રવચનનાં સોનેરી વચનોને આપણે એક સુશોભિત છબિમાં મઢીને આપણા ડ્રોઇંગરૂમમાં મૂકી દીધાં છે. ઈસુની વાણીને આપણે બુઠ્ઠી બનાવી દીધી છે. એ વચનોને આપણે આપણી ફૂટપટ્ટીએ મપાતાં કરી દીધાં છે.

ઈસુએ ગિરિપ્રવચનને એક આદર્શ તરીકે આપણી સમક્ષ રજૂ કર્યું છે. આપણે કેવા હોવું જોઈએ એ ગિરિપ્રવચન આપણને દર્શાવે છે. આદર્શને કાંઈ પાળવાનો હોતો નથી. તેને તો સામે રાખીને કંઈક સિદ્ધ કરવાનો પ્રયત્ન ચાલુ રાખવાનો હોય છે. ઈસુનું જીવન ગિરિપ્રવચનનાં દ્વાર ખોલવાની ચાવી છે. તે ઈસુએ આણેલા પરિવર્તનનો બોધ આપે છે. તેનું પાલન રાતોરાત થતું નથી, તે તો આખા જીવન માટે ઘડી કાઢેલો એક કાર્યક્રમ છે. તે આપણી મર્યાદાઓ અને નબળાઈઓ પ્રત્યે સભાન કરે છે. પોતાના વિચારોની સ્પષ્ટતા માટે કેથલિક ધર્મસભાના વિરોધી માર્ટિન લ્યુથરના વિચારોને પણ લેખકે રજૂ કર્યા છે તે લેખકની તટસ્થતા પુરવાર કરે છે.

ઈસુએ પોતાના ઉપદેશમાં અનેક દૃષ્ટાંતો રજૂ કર્યા છે. આ દૃષ્ટાંતો તેમણે રોજબરોજના જીવનમાંથી લીધાં છે. તે જમાનામાં દૃષ્ટાંતો દ્વારા ઉપદેશ આપવાની પ્રથા હતી. ઈસુએ પોતે પ્રયોજેલાં રૂપકોની લગભગ ક્યારેય સમજૂતી આપી નથી, કે નથી એનું અર્થઘટન કરી બતાવ્યું, "જેને કાન હોય તે સાંભળે" તેમ કહીને શ્રોતાઓ પર અર્થઘટન કરવાનું છોડી દેતા. દૃષ્ટાંતકથાઓ મૂલ્યવાન છે પણ દરેક દૃષ્ટાંતકથામાં બોધ સમાયેલો છે, એટલા જ ખાતર તે મૂલ્યવાન નથી પણ રોજિંદા જીવનમાં દૃષ્ટાંતકથાઓ આપણને નવી દૃષ્ટિ આપે છે એટલા ખાતર અધિક મૂલ્યવાન છે. તેમાંની દરેક બાબત ઈશ્વરના રાજ્યને વાચા આપે છે.

ઈસુના ચમત્કારો વિશેનું પ્રકરણ રસપ્રદ છે. લેખક ચમત્કારની સમજૂતી આપતાં જણાવે છે કે, "જ્યારે આપણા તમામ હાથવગા ઉપાયો અને સાધનો ખલાસ થઈ જાય, જ્યારે બધું જ આપણી પહોંચ બહારનું બની જાય ત્યારે ચમત્કાર થવા પામે છે. ચમત્કાર એટલે જીવનનો અર્થ પામવા સારું ઈશ્વરે ઉઘાડી આપેલી બારી." આમ છતાં લેખક કહે છે કે, તેની કોઈ સ્વાભાવિક સમજૂતી આપી શકાતી નથી. તેની વૈજ્ઞાનિક સમજૂતી આપવી અશક્ય છે. બાઇબલમાં ચમત્કાર મનુષ્યો આગળ ઈશ્વરે ઉચ્ચારેલા એક શબ્દ જેવો છે. શ્રદ્ધા ન હોય એવા માનવને ચમત્કાર કશું જ કહેતો નથી. લોકો ચમત્કારોથી સંતોષ માનીને બેસી રહે એવું ઈસુ ઈચ્છતા ન હતા. ચમત્કાર તો પોતાનાં બાળકો પ્રત્યે કરાય છે એવી ઈશ્વરની એક પ્રેમચેષ્ટા છે.

દિવ્યરૂપ દર્શનનો પ્રસંગ ઈસુના જીવનમાં બનેલો એક સીમાચિહ્નરૂપ પ્રસંગ છે. એ પ્રસંગથી ઈસુના જાહેર જીવનની શેષ પ્રવૃત્તિનો એક નવો ને જુદો જ તબક્કો શરૂ થયો છે. આ વિષયના પ્રકરણનો મુખ્ય ઉદ્દેશ 'દિવ્યરૂપદર્શન'ના અભ્યાસ મારફતે ઈસુના જીવનના આ પાસા તથા એમના વલણ પર પ્રકાશ પાડવાનો છે. દરેક શુભસંદેશકારે આ પ્રસંગને પોતપોતાની રીતે વર્ણવ્યો છે. જોકે માર્કે આ પ્રસંગ આગવી રીતે આલેખ્યો છે. લૂકના શુભસંદેશ અનુસાર દિવ્યરૂપદર્શનનાં જૈતૂન વાડીની વેદના સાથે ઘણાં સામ્યો છે.

સંત પાઉલના પત્રો વિશે લખતાં લેખક જણાવે છે કે યરુશાલેમના ખ્રિસ્તીઓને પાઉલ વધારે પડતા પ્રગતિશીલને સુધારાવાદી જણાયા હતા. આ બાબતે તેમની સામે થયેલા પ્રત્યાઘાતોને બીજી વેટિકન વિશ્વપરિષદ પછી કેટલાંક કેથલિક ગૃહસ્થોએ કરેલા પ્રત્યાઘાતો સાથે સરખાવી શકાય. ધર્માચરણમાં ઈશ્વરને નામે એકવાક્યતા ઠોકી બેસાડવી એને પાઉલે વખોડી કાઢી છે. પાઉલને મન સર્વ ચીજોમાં સૌથી મહત્ત્વની ચીજ છે સ્વતંત્રતા. તેઓ નિયમ સંહિતાના બંધનમાંથી મુક્ત બની ચૂક્યા હતા. પાઉલને મન ઈસુ પરત્વેની પોતાની પ્રતિબધ્ધતા એટલે માનવબંધુઓ પ્રત્યેની પોતાની પ્રતિબધ્ધતા.

પુનરુત્થાનમાં શ્રદ્ધા રાખવાના મુદ્દે ચર્ચા કરતાં લેખક નોંધે છે કે, 'પુનરુત્થાનની તરફેણમાં વૈજ્ઞાનિક દલીલો કરીને એને સાબિત કરવાનો તથા વિરુદ્ધમાં થતી દલીલોને અમાન્ય ઠેરવવાનો પ્રયાસ કરવો નકામો છે! પાઉલના પત્રોમાં પુનરુત્થાનનો વારંવાર ઉલ્લેખ થયો છે, પણ પુનરુત્થાનની ઐતિહાસિક ઘટનાનો એમાં ભાગ્યે જ ઉલ્લેખ થયો છે. પુનરુત્થાન અને શ્રદ્ધા બંને એકબીજા સાથે સંલગ્ન છે. પુનરુત્થાનમાં માનવું એટલે ભાવિ ભણી આશાભરી મીટ માંડવી અને એવી મીટ માંડીને આપણા વર્તમાન જીવનમાંની સઘળી મર્યાદાઓથી પર ઉઠવું. ઈશ્વર જીવંત છે, જીવતાંનો ઈશ્વર છે. આપણે આપણા જીવનમાં ઈશ્વરની આ જીવંત હાજરીની ખોજ કરીએ. આ ખોજ જ પુનરુત્થાનમાંની આપણી શ્રદ્ધાનો ચાવીરૂપ મુદ્દો છે.

છેલ્લા પ્રકરણમાં એક પ્રવેશદ્વારની દૃષ્ટાંતકથા રજૂ કરવામાં આવી છે. આ દૃષ્ટાંતકથા આ પુસ્તકના સંદેશાને સંપૂર્ણપણે આપણી સમક્ષ ખુલ્લો કરી આપે છે. બાઇબલના ઊંડા અભ્યાસીઓ ફાધર (ડો.) આર.એ. કુમાર અને ધર્મગુરુ (ડો.) જેમ્સ બી. ડાભીએ આ ગ્રંથ વિશેના પોતાના અભિપ્રાયમાં ગ્રંથની પ્રશંસા કરી છે. ગ્રંથનો સરળ ભાષામાં અનુવાદ કરવા બદલ પ્રો. રેમંડ આર. પરમાર અભિનંદનના અધિકારી છે. ગુજરાતના વાચકોને સરળ રીતે સમજાવવા માટે તેમણે ક્યાંક પોતાની આગવી રીતે કેટલાક શબ્દો કે વિચાર-ચિંતનની સ્પષ્ટતા કરી છે. બાઇબલનાં કેટલાંક અર્થઘટનો જાણવાને ઉત્સુક જિજ્ઞાસુઓને આ ગ્રંથ ઘણો ઉપયોગી થઈ પડશે. બાઇબલના વાંચનમાં રસ ધરાવતાં સૌ કોઈએ આ ગ્રંથ વાંચવો જ રહ્યો. ●

(**મૂળ લેખક :** કાર્લોસ મેસ્ટર્સ, અનુવાદક : રેમંડ આર. પરમાર, **પ્રકાશક :** ગુજરાત વિદ્યાદીપ અને ગુજરાત સાહિત્ય પ્રકાશ **પૃષ્ઠ :** ૩૪૦, **કિંમત :** રૂ. ૨૫૦)



# મૃત્યુની મારી પસંદગી

✍ ફાધર વર્ગીસ પૉલ એસ.જે.

*'દૂત' પૂર્વ તંત્રી*

વહેલામોડા મૃત્યુ તો એક દિવસ આવવાનું છે. ગમે તે રીતે ગમે ત્યાં મરવાની મારી તૈયારી છે. ટૂંકા કે લાંબા ગાળાની માંદગીથી મરવાનું મારે ફાળે આવે તો તે મને સ્વીકાર્ય છે પણ હું ઈચ્છું છું કે મારું જીવન કૃત્રિમ રીતે જીવતું રાખવામાં ન આવે. મધ્યમ વર્ગના લોકોને ના પોષાય એવી દવાઓ અને વેન્ટિલેટર જેવા યંત્રોથી મારું જીવન લંબાવવામાં ન આવે. ઈચ્છા-મૃત્યુથી પણ મારા જીવનનો અંત આણવામાં પણ હું માનતો નથી. કારણ, હું દૃઢપણે માનું છું કે મારું જીવન મારા માટેની ઈશ્વરની અમૂલ ભેટ છે. હું મને કે અન્ય કોઈને જીવન આપી શકતો ન હોઉં તો મને મારું જીવન લેવાનો પણ અધિકાર નથી. એટલે હું માંદગીથી, અણધાર્યા અકસ્માતથી કે કોઈ પણ કુદરતી રીતે મરણને આવકારવા તૈયાર છું.

સ્વેચ્છા-મૃત્યુ કે ગૌરવપૂર્ણ મૃત્યુની વાત હાલમાં ખૂબ જોરશોરથી ચાલે છે. રેશનલ સમાજના માસિક 'વિવેકપંથી'ના જાન્યુઆરી ૨૦૧૫ના અંકમાં 'સ્વેચ્છા-મૃત્યુનો અબાધિત આજન્મ અધિકાર' નામે ધનસુખ ઢીમરે પોતાના લેખમાં ભૌતિકચંદ્ર ભૂતનાથની વાત કરી છે. લેખકે ભૌતિકચંદ્ર વિશે કહ્યું છે કે, "ભૌતિકચંદ્રનો એવો દાવો હતો કે આ સંસારની તમામ ક્રાંતિકારી યોજનાઓની મૂળ શોધ તેઓએ કરેલી." દુનિયાભરમાં ઘણાં બધાં ક્ષેત્રે ક્રાંતિકારી યોજનાઓ અને સુધારો કરવામાં આવે છે, એ બધી યોજનાઓના મૂળમાં પોતે હોવાનો દાવો કરનાર માણસનું મગજ ઠેકાણે હોય એવું મને લાગતું નથી. એટલે ધનસુખ ઢીમરે ભૌતિકચંદ્રની સ્વેચ્છા-મૃત્યુ વિશે કરેલી વાતથી મને નવાઈ લાગતી નથી.

ધનસુખ ઢીમરે લખે છે, 'સર્વ પ્રથમ તો ભૌતિકચંદ્રે પોતાના સ્વેચ્છા-મૃત્યુની જાહેરાત કરી. એમણે જણાવ્યું કે પથારીમાં કાગડા-કૂતરાની જેમ રીબાઈ રીબાઈને મરવા હું માગતો નથી. હું માણસ છું અને માણસ તરીકે જેમ જીવવા ઈચ્છું છું એજ રીતે માણસ તરીકે જ ગૌરવથી મરવા કટીબદ્ધ છું. મને ઈચ્છા થાય ત્યારે માણસ તરીકે સ્વેચ્છાએ મરવાનો અધિકાર કુદરતે જ આપેલો છે, એમાં માનવીની દખલગીરી હું સ્વીકારતો નથી. તેમણે ભાષણો કર્યા, લેખો લખ્યા, ગૌરવપૂર્ણ મૃત્યુ વિશે એક દળદાર પુસ્તક પણ તેઓએ લખ્યું.'

ભૌતિકચંદ્ર વિશે લેખક ધનસુખ ઢીમરે વધુમાં કહ્યું છે કે, 'એમને અનુયાયીઓ બહું જ ઓછા મળ્યા!' કદાચ એમને એક પણ અનુયાયી મળ્યો ન હોય. કારણ, ભૌતિકચંદ્ર સ્વેચ્છા-મૃત્યુને વરવા માગતા હતા પરંતુ એમાં એમને મદદ કરવા માટે એક પણ અનુયાયી મળ્યો નથી. એટલે ધનસુખ ઢીમરે છેલ્લે કહ્યું છે કે, 'ઘોર નિરાશાથી તેઓ વૃદ્ધાવસ્થાનો સામનો કરી રહ્યા હતા, ત્યાં ઘડપણના રોગોએ હુમલા શરુ કર્યા. અંતે ભૌતિકચંદ્ર નિરાશ થયા અને પથારીવશ પણ થયા."

આત્મહત્યા કાયદાકીય ગુનો છે એટલે છેલ્લાં થોડાં વર્ષોમાં સ્વેચ્છા-મૃત્યુ માટે કેટલાક માણસો કોર્ટ-કચેરીનાં પગથિયાં ચઢ્યા છે. સ્વેચ્છા-મૃત્યુના ચારેક પ્રકાર છે. એમાં આત્મહત્યા ફક્ત એક જ પ્રકાર છે. બીજા પ્રકારમાં સ્વેચ્છા-મૃત્યુ ઈચ્છનાર વ્યક્તિ બીજાની મદદથી મૃત્યુને વરે છે અને ત્રીજા પ્રકારમાં માણસની સ્થિતિ ખૂબ કફોડી હોય, જીવવાની આશા ન હોય અને અસહ્ય દુઃખથી રિબાતો હોય, એવી સ્થિતિમાં બીજો માણસ દયા ખાઈને ચોક્કસ પગલાં લે છે કે જેથી માણસનું મૃત્યુ થાય. હજી એક ચોથા પ્રકારનું મૃત્યુ છે. એ પણ કુદરતી મૃત્યુ નથી. એમાં માણસ એની ચોક્કસ પરિસ્થિતિમાં એના કુટુંબ, સમાજ કે રાષ્ટ્ર માટે 'કોઈ કામના નથી' એમ માનીને એને મારી નાખવામાં આવે છે. માણસના આવા અંતને સ્વેચ્છા-મૃત્યુ કે દયાવધ પણ ન કહી શકાય. કારણ, માણસની ઈચ્છા વિરુદ્ધ એને મારી નાખવામાં આવે છે. એને તો નરી માનવહત્યા જ કહેવી જોઈએ. જર્મનીના અડોલ્ફ હિટલરે લાખો માણસોને સમાજ અને રાષ્ટ્ર માટે નકામા માનીને 'ગ્યાસ ચેમ્બર'માં (કોટડીમાં) બંધ કરીને ઝેરી વાયુથી મારી નાખ્યા. એ રીતે એમણે નરી માનવહત્યા જ કરી છે!

અહીં આપણે બીજાની મદદથી સ્વેચ્છા-મૃત્યુને વરવા માગતાં માણસોની વાત કરીએ છીએ. એને આપણે દયાવધ કહીએ. બે કારણથી આ પ્રકારના સ્વેચ્છા-મૃત્યુ લોકોના ધ્યાન દોરતા રહે છે. ૧) વડી અદાલતે (સુપ્રિમ કોર્ટ) ગયા વર્ષે એટલે ૧૬ જુલાઈ ૨૦૧૪માં બધાં રાજ્યોને નોટિસ આપીને દયાવધ અંગ્રેજીમાં (Mercy Killing or Euthanasia) અંગે અંગે અભિપ્રાય માગ્યો છે. ૨) થોડાં વર્ષ પહેલાં ૭ માર્ચ ૨૦૧૧માં વડી અદાલતે એક નોંધપાત્ર ચૂકાદામાં દયાવધ અંગેના એક અરજદારનો કેસ કાઢી નાખ્યો હતો. એમાં એક પત્રકાર પિન્કી વિરાણીએ વડી અદાલત સમક્ષ અરુણા રામચંદ્ર શાનબોગની દયાવધ માટે માગણી કરી હતી. પિન્કીની અરજી કાઢી નાખતાં વડી અદાલતે કહ્યું કે, જીવન ચાલુ રાખવા માટે આપણે કૃત્રિમ સાધનો દૂર કરવામાં હંમેશા માટે બધી ઈન્દ્રિય શક્તિઓ એક પ્રકારની ક્ષતિ (Omission) છે, કારણ, એનાથી ખોઈ બેઠેલા માણસનું મૃત્યુ થાય છે.

અરુણા રામચંદ્ર શાનબોગ ૨૪ વર્ષની નર્સ હતાં. તેઓ મુંબઈની કિંગ એડવર્ડ મેમોરિયલ હોસ્પિટલમાં કામ કરતાં હતાં. એ હોસ્પિટલમાં ઝાડુંપોતું મારનાર સોહનલાલે ૨૭ નવેમ્બર, ૧૯૭૩ના રોજ અરુણા પર ઘાતકી રીતે બળાત્કાર કર્યો. અને એમને મૃત્યુ સમા વેજિટેટીવ સ્થિતિ (Vegetative State)માં મૂકી દીધાં. એ જ સ્થિતિમાં કિંગ એડવર્ડ મેમોરિયલ હોસ્પિટલનાં નર્સોએ અને દાક્તરો અરુણાની ખૂબ પ્રેમથી સેવાચાકરી કરતાં રહ્યાં. આવી

સ્થિતિમાં રોજેરોજ ફક્ત દ્રવ્યપદાર્થરૂપે અરુણાને ખવડાવવાથી માંડી એમની ખૂબ સમર્પિત સેવાચાકરી કરતાં હતાં કે સતત પથારીમાં પડી રહેવાથી થતાં કોઈ નરું, વ્રણ કે ઘા એમના શરીર પર ન થાય એની કાળજી રાખતાં હતાં.

પિન્કી વિરાણીએ અરુણાની વેજિટેટીવ સ્થિતિ જોઈને ૨૦૦૯માં એટલે ઘાતકી બળાત્કારના ૩૬ વર્ષ પછી વડી અદાલતમાં અરુણા શાનબોગ માટે દયાવધ માટે અરજી કરી. તેમણે વડી અદાલતને જણાવ્યું કે આ રીતે ફક્ત દ્રવ્યરૂપે ખવડાવીને અરુણાને વેજિટેટીવ સ્થિતિમાં જીવતા રાખવાને બદલે એમને ખવડાવવાનું બંધ કરીને અરુણાને શાંતિથી મૃત્યુને વરવા દેવાં જોઈએ. કારણ, માણસ સામાન્ય રીતે જીવવા જોઈએ, એવું જીવન કે એવી હયાતી અરુણાની નથી. એટલે અરુણા હકીકતમાં મરેલાં (Virtually dead) છે.

પિન્કી વિરાણીની આ અરજી સામે હોસ્પિટલમાં અરુણાનાં સાથીદાર નર્સો અને દાક્તરોએ વડી અદાલતમાં સોગંદનામું આપ્યું કે અમે અરુણાને ખોરાક દ્રવ્યરૂપે ખવડાવીએ છીએ. અમે કદી એમને કૃત્રિમ સાધનોની મદદથી ખવડાવતાં નથી. અરુણાને સંગીત સાંભળવાનું ગમે છે. તેઓ પોતાની રીતે પોતાનો આનંદ અને આભારની લાગણી પ્રગટ કરે છે. આટલાં બધાં વર્ષોમાં અરુણા પથારીવશ હોવા છતાં એમને નરું કે વ્રણ પણ થયું નથી. કે.ઈ.એમ. હોસ્પિટલનાં અમારાં બધાં નર્સ અને તબીબો માટે અરુણા પ્રિય વ્યક્તિ છે. એમની સારસંભાળ રાખવામાં અમને કોઈ પ્રશ્ન કે સમસ્યા નથી. અમે સમજતાં નથી કે અરુણા સાથે કોઈ લેવાદેવા નથી એવી ત્રીજી વ્યક્તિ શા માટે એમની ચિંતા કરીને એમને માટે દયાવધ માગે છે! ૪૨ વર્ષ સુધી બ્રેઈન ડેડ હાલતમાં રહ્યા પછી ૧૮ મે, ૨૦૧૫ના રોજ અરુણાનો દેહવિલય થયો.

સ્વેચ્છા-મૃત્યુ ઈચ્છનાર અને દયાવધ માગનાર લોકો પાસે જાતજાતની અને ભાતભાતની દલીલો હોય છે. બીજી બાજુ માનવજીવનની પવિત્રતા અને માનવગરિમામાં માનનારની તરફેણમાં દેશનો કાયદો છે. એમાં સ્વેચ્છા-મૃત્યુ અને દયાવધ માટે કોઈ સ્થાન નથી. પરંતુ આવા કાયદાના વિરોધીઓ કહે છે કે એ અંગ્રેજી કાયદાકાનૂનનો જૂનોપુરાણો વારસો છે. આધુનિક ભારતમાં એવા કાયદાને વળગી રહેવાની કોઈ જરૂર નથી. વળી, તેઓ માને છે કે, આપણો જમાનો તે લોકમત અને લોકશાહી શાસનતંત્રનો જમાનો છે અને લોકશાહી પોતે જાતનિર્ણય પર આધારિત છે. એટલે લોકોને પોતાનું ગૌરવભર્યું મૃત્યુ - સ્વેચ્છા મૃત્યુ - પસંદ કરવાનો અધિકાર હોવો જોઈએ.

આવી દલીલો સામે વડી અદાલતે વારંવાર જણાવ્યું છે કે માનવ-જીવન પવિત્ર છે. આપણે હંમેશા જીવનની પવિત્રતાના સમર્થક બનવા જોઈએ. એટલે કોઈને ગમે તેમ પોતાના જીવનને કાઢી નાખવાનો અધિકાર નથી. માનવજીવનને હણી નાખવાનો કોઈપણ પ્રયત્ન મૂળભૂત માનવહક્ક સામેનો ગુનો છે. એટલે સ્વેચ્છા-મૃત્યુ વરવામાં માનવહત્યાનો ગુનો છે. વળી સ્વેચ્છા-મૃત્યુમાં જાત પર પ્રેમ રાખવાની માનવસહજ વૃત્તિનો ઈન્કાર છે. માનવજીવનને ગમે તે ભોગે વળગી રહેવાની માનવસહજ વૃત્તિનો દયાવધમાં નિષેધ છે. એટલું જ નહિ, પણ એમાં પોતાના ઘરપરિવાર પ્રત્યેની જવાબદારીઓથી માણસનું એક જાતનું પલાયન છે.

દરેક માણસ માટે મૃત્યુ અનિવાર્ય છે. આપણે કહીં શકીએ કે દરેક માણસને ગૌરવભર્યું મૃત્યુનો હક્ક છે. પરંતુ એમાં સીધી કે આડકતરી રીતે સ્વેચ્છા-મૃત્યુને વરવા કે બીજાનો દયાવધ કરવા કોઈને હક્ક નથી, અધિકાર નથી. મૃત્યુનો હક્ક એટલે શાંતિથી ને માનવગરિમાથી મરવાનો અધિકાર છે. એમાં લાંબી માંદગી હોઈ શકે; અસહ્ય દુઃખ અને વેદના હોઈ શકે. મારે ફાળે આવું બધું આવે તો તે ખુશીથી સ્વીકારવાની મારી તૈયારી છે. મારી માન્યતા છે કે, પ્રભુ ઈસુએ સમગ્ર માનવજાતના તારણ માટે ખૂબ રીબાઈને અને અસહ્ય દુઃખો વેઠીને ક્રૂસ પર મૃત્યુને ભેટ્યું હતું. એમાં હું માનવગરિમા જોઈ શકું છું. એવા માનવગરિમાવાળા મૃત્યુની જ મારી પસંદગી છે. ●


**BBR School of Nursing, Sigma College of Nursing**
**Healing Touch School of Nursing**
**(Reconized by APNC, INC)**
**Admission 2015-2016 (હૈદરાબાદ/સિકંદરાબાદ)**
**નર્સિંગ કોર્સીસઃ** જનરલ નર્સિંગ GNM & B.Sc. (N)
**Spot Admission in Gujarat**
**નડીઆદ** : *Justinbhai* **Mob. 98986 80948**
**પેટલાદ** : *Bhupendra* **Mob. 94270 04954**
**વ્યારા** : *Mr. Prabhu Tumada* **Mob. 81417 25834**

# નર્સિંગ પ્રવેશ વર્ષ ૨૦૧૫-૨૦૧૬

ભારત સરકાર માન્ય કોર્સીસ
INC, KNC, KSNEB, RGUHS માન્ય કૉલેજ

| કોર્ષનું નામ | મુદ્દત | લાયકાત | ફી |
|---|---|---|---|
| GNM નર્સિંગ | 3½ વર્ષ | ૧૨ પાસ (આર્ટસ, કોર્મસ, સાયન્સ) ઈંગ્લીશ સાથે | રૂા. ૪૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |
| પોસ્ટ બેઝિક B.Sc. નર્સિંગ | ૨ વર્ષ | GNM પાસ | રૂા. ૭૫,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |
| B.Sc. નર્સિંગ | ૪ વર્ષ | ૧૨ પાસ (સાયન્સ, બી-ગ્રુપ) | રૂા. ૬૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |
| M.Sc. નર્સિંગ | ૨ વર્ષ | B.Sc./P.c.B.Sc. પાસ | રૂા. ૧,૦૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |

* હપ્તેથી ફી ભરવાની સગવડ
* SC/ST તથા લઘુમતીના વિદ્યાર્થીને સરકારી સ્કોલરશીપ
* એજ્યુકેશન લોન મળશે
* ઉત્તમ સગવડ સાથેની હોસ્ટેલ તથા સ્કૂલ
* ગુજરાતી જમવાનું

**સંપર્ક કરોઃ- રાજેશભાઈ**
**રીચ એજ્યુકેશન ગાઈડ**
૧૧, ડૉ. લોરેન્સ એવન્યુ, મેથોડિસ્ટ ચર્ચની પાસે,
સિયોનનગર, મણીનગર(પૂર્વ), અમદાવાદ - ૩૮૦૦૦૮
**મો. ૯૮૭૯૯ ૧૯૦૯૧, ૯૩૨૭૪ ૮૮૫૦૧**

# પરોપકારની ખેતી...

✍ **રાજેશ ક્રિશ્ચિયન**

*'દૂત' તંત્રીમંડળ સભ્ય*

નવું શૈક્ષણિક વર્ષ હમણાં જ શરૂ થયું. માંડ થોડા દિવસો વીત્યા છે, વેકેશનની લાંબી રજાઓ પછી નાનાં નાનાં બાળકો ફરી શાળાએ જવા લાગ્યાં છે. રજાઓ દરમિયાન શાંત શાળા સંકુલો ફરી ઉત્સાહથી ધમધમવા લાગ્યાં છે. વહેલી સવારે યુનિફોર્મમાં સજ્જ, ખભે દફ્તર ભરાવી, પાણીની બોટલ સાથે લઈ ખુશી-ખુશી હસતાં શાળાએ જતાં બાળકોને અનિમેષ આંખે વળી વળી જોવાનું મન થાય! એય ને પોતાની મસ્તીમાં મસ્ત અને સંગાથીઓ જોડે ધિંગામસ્તી કરતાં ભૂલકાંઓને જોતાં મન પ્રફુલ્લિત થઈ ઉઠે.

થોડા દિવસ પહેલાં એક રસપ્રદ સમાચાર વાચવામાં આવ્યાં. ચીનના યાન્જી શહેરમાં શરૂ થઈ છે એક અનોખી બેંક – 'નૈતિકતા બેંક' ચીનના જિલિન પ્રાંતના યાન્જી શહેરમાં થોડા સપ્તાહ પહેલાં શરૂ થયેલી વિશ્વની આ પ્રકારની સૌ પ્રથમ બેંકનું નામ છે – 'Morality Bank' એટલે કે 'નૈતિકતા બેંક' તેમાં સામાન્ય બેંકની જેમ રૂપિયા-પૈસા તો જમા નથી થતા, પણ કોઈએ સારપ કે સામાજિક પરોપકારનું કોઈ કામ કર્યું હોય તો તેને અહીં જમા કરાવી શકાય છે. બેંક તેના બદલામાં અમૂક પોઈન્ટ્સ્ આપશે. જેમકે સ્ટેમ સેલ ડોનેશન માટે ૧૦૦૦ પોઈન્ટ, કોઈનો જીવ બચાવવા બદલે ૩૦૦ થી ૫૦૦ પોઈન્ટ, રક્તદાન માટે ૨૦૦ પોઈન્ટ, ગુમ પર્સ પાછા આપવા માટે ૫૦ પોઈન્ટ, રસ્તા પરથી પ્લાસ્ટિક કે કચરો હટાવવા માટે ૧૦ પોઈન્ટ વગેરે... આમ આ પોઈન્ટમાં એક પ્રકારની પરોપકારની કમાણી રહેશે. અને તેનો ઉપયોગ અમૂક સેવાઓ, જેવી કે સલૂનમાં વાળ કપાવવા, ફ્રી હેલ્થ ચેકઅપ વગેરે માટે વાપરી શકાશે.

ડેનપિંગ સમુદાય દ્વારા શરૂ કરાયેલ આ બેંકમાં થોડા દિવસમાં ૪૬૦૦ કરતાં વધારે લોકોએ પોતાના ભલા કામનો હિસાબ-કિતાબ રાખનાર ખાતાં ખોલાવ્યાં છે અને સેંકડો અન્ય લોકોએ ખાતું ખોલાવવા અરજી કરી છે. ખાતું ખોલતાં પહેલાં દરેક અરજદારની ગહન તપાસ કરવામાં આવે છે. જ્યારે કોઈ ખાતાધારક સામાજિક સેવાનું કામ કરશે ત્યારે તેણે એક ડિપોઝીટ ફોર્મ ભરીને આપવું જોઈએ. બેંકની પેનલ તેણે કરેલાં કામોની તપાસ કરશે. ત્યારબાદ તે વ્યક્તિની ખાતામાં કરેલાં કાર્યની કેટેગરીના હિસાબે પોઈન્ટ જમા થઈ જશે. (વિગત દિવ્ય ભાસ્કર તા. ૨૬ મે, ૨૦૧૫માંથી સાભાર)

ઉપરોક્ત સમાચારની વિગત વાંચતા જ થોડાં વર્ષો પહેલાં શાળામાં 'સમૂહજીવન'નો વિષય ભણાવાતો હતો તે યાદ આવી ગયું. આ પ્રવૃત્તિમાં દરેક વિદ્યાર્થીએ સપ્તાહ દરમિયાન તેણે કરેલ પરોપકાર કે સેવાની પ્રવૃત્તિની નોંધ લખવાની રહેતી. શાળાના વિદ્યાર્થીઓ તેમણે કરેલ સેવાકાર્યોની નોંધ લખતા. જેમ કે... રસ્તા વચ્ચે પડેલ પથ્થર બાજુમાં મૂક્યો, અંધ વ્યક્તિને રસ્તો ઓળંગવામાં મદદ કરી, નાસ્તાના ડબ્બામાંથી ભિખારીને એક રોટલી આપી વગેરે... વગેરે... મહિને એક વખત નીતિશાસ્ત્ર કે ધર્મશિક્ષણના શિક્ષક વિદ્યાર્થીઓએ લખેલ સત્કાર્યની નોંધ તપાસતા અને માર્ક આપતા. જો કોઈ વિદ્યાર્થીએ વિશેષ પ્રકારની સેવા કે પરોપકારનું કાર્ય કર્યું હોય તો આખા વર્ગને વાંચી સંભળાવતા. આમ નાનપણથી જ બાળકના મનમાં જનસેવાની ભાવનાનું સિંચન થતું અને કુમળો છોડ જેમ વાળો તેમ વળે એ ન્યાયે નાનપણમાં કેળવેલી સારી ટેવો વ્યક્તિના જીવન ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવી શકે.

મે મહિનાની બળબળતી બપોરે એક સ્નેહીજન સાથે અમદાવાદમાં ચંપલની દુકાને જવાનું થયું. ભીડભાડ વાળા વિસ્તારની એ નાનકડી દુકાન બહાર દુકાન માલિકે પાણીનું માટલું અને પ્યાલો મૂક્યાં હતાં. પાણી ઠંડુ રહે તે માટે તેણે ભીના કપડાં વડે માટલું ઢાંક્યું હતું. અને ફરી પેલી 'નૈતિકતા બેંક' વાળી વાત યાદ આવી ગઈ. સેવા કરવા માટે મોટાં મોટાં કામો કે મોટી મોટી જાહેરાતો કરવી જરૂરી નથી. એક નાનકડા પ્રયાસ વડે પણ જરૂરિયાતમંદને મદદ પૂરી પાડી શકાય. "આ મારા ભાઈઓમાંના અદનામાં અદના માટે જે કાંઈ કર્યું છે તે મારે માટે જ કર્યું છે" (માથ્થી ૨૫:૩૧-૪૫). અસહ્ય ગરમીમાં રસ્તે જતી તરસી વ્યક્તિ જ્યારે પેલી દુકાનની બહાર મૂકેલ માટલાનું પાણી પીતી હશે ત્યારે જરૂર તેના કાળજે ટાઢક વળતી હશે અને તેના દિલમાંથી સંતોષ સાથે આર્શીવાદની સરિતા વહેશે.

ઘણી શાળાઓ તેમનાં વિદ્યાર્થીઓને વૃદ્ધાશ્રમ કે અનાથાલયની મુલાકાતે લઈ જાય છે. બાળકો ત્યાં પોતે લાવેલ ભેટ સોગાદ અને જીવન જરૂરિયાતની વસ્તુઓ વહેંચે છે. વળી જુદી જુદી રમતો રમી, ગીતો ગાઈ સમાજથી દૂર હડસાઈ ગયેલ આશ્રમનાં અંતેવાસીઓનું હળવું મનોરંજન પણ કરે છે અને આ રીતે સમાજથી વિખૂટા પડી ગયેલ લોકો સાથે સમય પસાર કરી સેવાનું કામ કરે છે. આવી પ્રવૃત્તિઓ બાળકના મનમાં જનસેવાની ભાવના ખીલવે છે. બાળપણમાં શીખેલ આવી ઉદ્દાત માનવબંધુની સેવાની ભાવના આગળ જતાં આદર્શ સમાજ રચનામાં મહત્ત્વનો ભાગ ભજવી શકે.

નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભથી જ શાળાઓમાં વિતેલા વર્ષોનો 'સમૂહ જીવન'નો વિષય/પ્રવૃત્તિ ફરીથી શરૂ કરી ન શકાય??? ●


## મકાન વેચવાનું છે


આકાશ ટાઉન ભાગ - ૧, (૪૪, ૪૫)
તુલસી ગરનાળા રોડ, આણંદ.
પ્લોટ એરીયાઃ ૭૬૦ sqf. બાંધકામઃ ૮૦૦
(૩ બેડરૂમ, ૨ હોલ, ૧ કિચન + કાર પાર્કિંગ)

**સંપર્ક : મો. ૭૮૦૨૦ ૫૪૭૪૩**
**(કે. વાય. પરમાર)**

## મકાન વેચવાનું છે

૧૫/બી, રોઝરી સોસાયટી, ઈ.એમ.ઈ. પોસ્ટ ઓફિસ રોડ, કોન્વેન્ટ સ્કૂલની પાછળ ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૮
(ફસ્ટ ફ્લોર - ૮૦૦ સ્કવેર ફૂટનું બાંધકામ) ગેસ લાઈન સાથે

**સંપર્ક : ૯૫૨૫૭ ૯૩૫૩૩**
સવારના ૧૦.૦૦ થી સાંજના ૫.૩૦
ખ્રિસ્તી ભાઈબહેનોએ જ સંપર્ક કરવો.



# અજોડ કફન

✍ **સંકલન : તંત્રીશ્રી**



*‘તુરિનનું આ કફન’ છેલ્લે ૨૦૧૦માં લોકદર્શનાર્થે પ્રદર્શનમાં મૂકવામાં આવ્યું હતું. આ વર્ષે ૧૯ એપ્રિલથી ૨૫ જૂન સુધી જાહેરમાં મૂકવામાં આવ્યું છે. સંત જોન બોસ્કોની જન્મ દ્વિશતાબ્દી નિમિત્તે વડાધર્મગુરુ ફ્રાન્સિસ તુરિનની મુલાકાતે જવાના છે ત્યારે ‘કફન’ પણ નિહાળશે. બરિયન મિલિયર, એક અમેરિકન મનોવૈજ્ઞાનિક માને છે કે, ‘અજોડ કફન’ એ માત્ર ખ્રિસ્તના દફનવેળાનું વિંટાળેલ કાપડ નથી પણ એ ખ્રિસ્તના પુનરુત્થાનની વિજયપતાકા છે. એક વિશ્વાસીને કોઈ પુરાવાની જરૂર નથી અને એક નાસ્તિક કોઈ પુરાવાનો સ્વીકાર કરશે નહીં. માનવું કે ન માનવું વ્યક્તિગત બાબત છે, પણ આ વર્ષે અન્ય યાત્રાળુઓ સાથે વડાધર્મગુરુ ફ્રાન્સિસ પણ ‘અજોડ કફન’ આગળ ઉભા હશે, જે અજોડ છે, રહસ્ય છે, ચમત્કારિક પ્રતીક છે, જેની મારફતે ઈશ્વરનો સર્વોચ્ચ પ્રેમ માનવજાત માટે પ્રગટ થયો છે. આ વર્ષના પ્રદર્શનનું સૂત્રવિધાન છે, ‘મહાન પ્રેમ!’ આ પ્રેમનો આદર કરવા તુરિનની યાત્રા કરવાને બદલે, જ્યાં છીએ ત્યાં જ આભારવશ અંતરે જે પ્રેમથી આપણને જીવન મળ્યું તે જ પ્રેમ પ્રગટાવીએ —’*

૧૪.૫ ફૂટ લંબાઈ અને ૩.૫ ફૂટ પહોળાઈવાળા લિનન કાપડના અજોડ કફન વિશે અનેકવિધ સંશોધન થયાં છે અને ઘણું લખાયું છે. તેનો એક અનોખો ઈતિહાસ છે. કેટલાક ખ્રિસ્તીઓ માને છે કે, ભગવાન ઈસુને બગીચાની કબરમાં દફનવેળાએ, તેમના પાર્થિવ દેહને જે કફન વીંટાળવામાં આવ્યું હતું તે જ આ કફન છે. નાસ્તિક તેને મધ્યકાલીન યુગની છેતરામણી મજાક માને છે! પરંતુ નોંધપાત્ર બાબત એ છે કે જેમણે ‘અજોડ કફન’ને કેવળ વાહિયાત ગણી તેના પર સંશોધનનો આરંભ કર્યો તેવા નાસ્તિક આજે તેને યથાર્થ જાહેર કરે છે!

‘તુરિન (ઈટાલી)ના કફન’ તરીકે ૧૪મી સદીના મધ્યભાગમાં તેની ઐતિહાસિક નોંધ જોવા મળે છે, જેમાં સાવોયના ઈટાલિયન રાજાને આ કફન આપવામાં આવે છે અને ચેમ્બેરીના દેવળમાં તેની જાળવણી અર્થે રાખવામાં આવે છે.

૧૫૩૮માં આ કફન ઈટલીના નગર તુરિન ખાતે લાવવામાં આવે છે અને ત્યારથી આજદિન સુધી સ્નાનસંસ્કારક સંત જોન મહાદેવાલય (કેથેડ્રલ ઓફ સેંટ જોન ધ બાપ્તિસ્ત)માં રાખવામાં આવ્યું છે, જેને શરૂઆતથી જ કેટલાક લોકો ઈસુના કફન તરીકે માનતા હતા પરંતુ દાઢીવાળા માણસ અને જખમની સુરેખ છાપવાળા આ કફનની વાત મે ૧૮૯૮ પછી પ્રકાશમાં આવી. આ વર્ષે મહાદેવાલયના ૪૦૦મા વાર્ષિક મહોત્સવ પ્રસંગે એક ઈટાલિયન વકીલ અને કલાવિદ ફોટોગ્રાફ - સેકન્દો પિયોને કફનના ફોટોગ્રાફ લેવા પ્રથમ વખત જ પરવાનગી આપવામાં આવી. તેણે કફનના અસંખ્ય ફોટોગ્રાફ્સ લીધા અને ફોટોગ્રાફ પર પ્રક્રિયા કરતાં જે છાયા ઉભરી આવી તે જોતાં જ તે દંગ બની ગયો! તેના હાથમાંથી સામગ્રી નીચે પડી ગઈ, તેના પગ ધરતી પરથી સરવા લાગ્યા! કોઈએ કદી ધાર્યું ન હોય, વિચાર્યું ન હોય તેવી ઝાંખી તેને આ નેગેટિવ ઈમેજમાં જોવા મળી! એક માણસનો ચહેરો, ધડ અને પગ સ્પષ્ટપણે તેને જોવા મળ્યા! ત્રીસેક વર્ષથી વધારે વર્ષ પછી ૧૯૩૧માં એક વ્યવસાયિક ફોટોગ્રાફર - જિયુસેપ્પે એન્ત્રીને કફનના વધારે ફોટોગ્રાફ લેવા પરવાનગી મળી અને પિયાનો જેમ જ તેના પણ અચંબાનો પાર ન રહ્યો. ક્રૂસારોહણની સજા ભોગવનાર એક માણસના આગળના ભાગ તથા પાછળ-વાંસાના ભાગની છાયા તેના ફોટોગ્રાફ્માં જોવા મળી.

ત્યારબાદ ૧૯૭૮માં કેટલાક ખ્યાતનામ વૈજ્ઞાનિકોએ ‘સતુરપ’ (STURP - SHROUD OF TURIN RESEARCH PROJECT) તુરિનના કફનની સંશોધન સમિતિના નેજા હેઠળ, નાસ્તિકવાદભર્યા વિચાર સાથે સત્યશોધ કામગીરી શરૂ કરી. સઘન રીતે વૈજ્ઞાનિક ઢબે કફન પર આ કસોટી પ્રથમ હતી. તેમણે તો માન્યું હતું કે આ કોઈ બનાવટી કફન છે, જેને ભગવાન ઈસુના નામે ચડાવી દેવા માંગે છે! પણ આશ્ચર્યની વાત કે હવે તેઓ છાતી ઠોકીને કહે છે કે, ઈસુના દફન સમયે વીંટાળેલ કફન આજ હોઈ શકે, બીજુ કંઈ નહીં!

બેરરી સ્કવોટઝ, એક સક્ષમ ટેકનિકલ ફોટોગ્રાફરને આ સંશોધન સમિતિમાં જોડાવા આમંત્રણ મળ્યું. તે કેથલિક ન હતો એક યહૂદી હતો. તે પણ માનતો હતો કે આ કોઈ દંતકથા જેવું મધ્યકાલીન ચિતરામણ હશે એટલે જલદીથી સત્ય બહાર આવશે. પણ ઘણા વર્ષના સંશોધન અને મનનચિંતન પછી આજે તે કબૂલ કરે છે કે ‘આ ઈસુનું અધિકૃત કફન છે!’ સમૂહ પ્રચાર-પ્રસારનાં માધ્યમોએ જ્યારે તેની આ જાહેરાત સામે કાગરોળ મચાવ્યો ત્યારે ૧૯૯૬માં તેણે આ કફનની સત્યશાખ અને વૈજ્ઞાનિક સંશોધનના વિચારોની આપલે માટે વેબસાઈટ ખુલ્લી મૂકી. બે દશકા પછી પણ આજે તેઓ પ્રચાર માધ્યમો, વિવિધ જૂથ તેમજ રોમમાં સંન્યસ્ત ઉમેદવારો આગળ કફનની વાત પહોંચાડી છે!

કેથોલિક વર્લ્ડ રીપોર્ટ (CWR)ના નિષ્ણાત સાથેની મુલાકાતમાં કફન વિશેના તેમનો ખ્યાલ સ્પષ્ટ થાય છે.

**આ અજોડ કફન, અધિકૃત રીતે ભગવાન ઈસુનું જ કફન છે તે અંગે ખાતરી આપતી કઈ જાણકારી તમારી પાસે છે?**

સાડત્રીસ વર્ષ પહેલાં 'તુરિનના કફનની સંશોધન સમિતિ' (STRUP) સાથે જ્યારે 'અજોડ કફન'ની સત્યશાખ કામગીરી માટે હું તુરિન ગયો હતો ત્યારે મેં માન્યું હતું કે આ એક પ્રપંચ છે, કોઈ મધ્યકાલીન ચિતરામણ છે પણ દસેક મિનિટના અભ્યાસ પછી મેં જાણી લીધું કે આ કોઈ ચિતરામણ નથી! એક વ્યવસાયિક ફોટોગ્રાફર તરીકે હું તેમાં બ્રશના લિસોટા તપાસી રહ્યો હતો પણ ત્યાં કોઈ રંગ ન હતો, બ્રશના લિસોટા ન હતાં! સત્તર વર્ષ સુધી તેની અધિકૃતતા અંગે હું ઈન્કાર કરતો રહ્યો. લોહી વિશેની એક છેલ્લી દલીલે મને મારી માન્યતા બદલવા મજબૂર કર્યો. લોહી શરીરમાંથી બહાર નીકળ્યા પછી કે કાપડ પર ગણતરીના કલાકમાં જ કથ્થાઈ કે કાળુ પડી જતું હોય છે ત્યારે કફન પરના લોહીનો રંગ લાલ જ કેમ? આ અંગે રક્ત રસાયણશાસ્ત્રી એલન એદલર સાથે મેં ફોન પર પ્રશ્ન છેડ્યો અને મારા ખ્યાલ - સમજણની રજૂઆત કરી, મારી વાત સાંભળતાં તેણે ખિન્નતા દર્શાવી, પ્રતિપ્રશ્ન કર્યો : 'શું તમે મારો સંશોધન નિબંધ વાંચ્યો નથી?'

તેમણે કફનમાં ધન માત્રામાં બિલિરુબેન નામનો ઘટક હોવાનું શોધી કાઢ્યું છે, જે કફનના લોહીના લાલ રંગ અંગે સ્પષ્ટતા કરે છે. જ્યારે કોઈપણ વ્યક્તિને ઢોરમાર મારવામાં આવ્યો હોય અને લાંબા સમય સુધી તેને પાણી ન મળ્યું હોય ત્યારે તે આઘાતમાં સરી પડે છે! આ સમયે લિવર બિલિરુબેન ઘટક બહાર ફેંકે છે, જેના કારણે લોહી સદંતરપણે લાલ રંગનું જ રહે છે! મારા ઉખાણાનો આ છેલ્લો ઉકેલ હતો. હવે મારી સામે પ્રશ્ન કરવા યોગ્ય કંઈ ન હતું! ઘણીવખત મને પ્રશ્ન થયો કે આજ પ્રશ્ન, જો મેં સત્તર વર્ષ પહેલાં એલન એદલરને પૂછ્યો હોત તો! પણ હું માનું છું કે સત્તર વર્ષ પહેલાંના તેનો આ જવાબ હું સ્વીકારી શક્યો ન હોત!

બસ આજ એક જવાબે મારા બધા પ્રશ્નોના જવાબ આપી દીધા છે, મેં સ્વીકારી લીધું કે કફન અધિકૃત રીતે ભગવાન ઈસુનું જ છે તે પૂરવાર કરવા હવે બીજા પૂરાવાની જરૂર નથી. ઉપરોક્ત બાબત જ ખાતરી આપે છે કે આ એજ કફન છે, જે ઈસુને વિંટાળવામાં આવ્યું હતું.

કફનની અધિકૃતતા અંગેની મારી એક પ્રિય ખાતરી વાસ્તવમાં મારી યહૂદી માતા તરફથી મને મળી છે. તેઓ મૂળ પોલેન્ડનાં વતની અને માત્ર માધ્યમિક શિક્ષણ સુધી જ અભ્યાસ કર્યો હતો. તેમણે આ વિષય અંગેનું એકાદ વ્યાખ્યાન સાંભળ્યું હતું અને પછી અમે ઘેર પરત આવતાં હતાં. તેઓ લાંબા સમય સુધી ચૂપચાપ બેઠાં હતાં. એક યહૂદી માતા ચૂપ બેસે તે ચિંતાજનક કહેવાય - એટલે મેં તેમને પ્રશ્ન કર્યા : 'મોમ, તમે આ અંગે શું વિચારો છો!' તેમણે જવાબ વાળ્યો : 'બેરરી, નિશ્ચિતપણે તે અધિકૃત છે, અન્યથા બે હજાર વર્ષથી તેને જાળવી રાખ્યું ન હોત ને!'

આ એક ઉત્કૃષ્ઠ ઉત્તર હતો. યહૂદી પરંપરા પ્રમાણે લોહીથી ખરડાયેલું કફન કબરમાં જ દફનાવી દેવામાં આવે, જો તેને બહાર કાઢવામાં આવે તો યહૂદી કાયદાના ભંગ બદલ તમારી જાતે જોખમ વહોરી લો છો! વિજ્ઞાન પ્રમાણે તેમજ એક યહૂદી તરીકેના મારા વ્યક્તિગત સંદર્ભના આધારે આ વાત સર્વસ્વીકાર્ય છે કે, ઈસુના શબને વિંટાળવામાં આવેલ કફન તે આ જ છે!

**કફન ખ્રિસ્તની શારીરિક યાતના વિશે શું કહે છે?**

ભગવાન ઈસુએ ભોગવેલી પીડા અને યાતનાનો, કફન નિઃશબ્દપણે એક સાહિત્યિક દસ્તાવેજ છે. તેમનો ચહેરો સખત મારથી સુઝી ગયેલો લાગે છે., ખાસ કરીને આંખો આગળનો ભાગ વધારે સુઝી ગયો છે. પ્રોફેશનલ બોકસિંગ મને પ્રિય છે, કફનમાં અંકિત ચહેરો મને મેચ હારી ગયેલા બોક્સર જેવો લાગ્યો હતો!

સમગ્ર શરીર પર અસહ્ય મારના ઘા જોઈ શકાય છે. ન્યાયિક રીતે નિહાળિયે તો કફન પર અંકિત છાયા, એક કલાકારની પીંછી કરતાં વધારે વાસ્તવિક છે. પડખામાં ભાલાનો જખમ છે, તેના પગ ભાંગેલા ન હતા પણ ક્રૂસારોહણ વ્યક્તિની જેમ જ છે. માથા-કપાળમાં અગણિત ઘા જોવા મળે છે. છબીમાં ઈસુના માથા ફરતે કાંટાળો મુગટ જોઈએ છીએ તેના કરતાં વાસ્તવમાં કાંટાનું ઝૂંડ જ જબરજસ્તીથી તેના માથામાં ઉતારી દીધાનું નિશાન છે. હથેળીના બદલે કાંડામાં ખીલાનાં નિશાન દેખાય છે. એક રોમન સૈનિક હથેળીના બદલે કાંડામાં જ ખીલા વડે ગુનેગારને ક્રૂસે ચડાવ્યાનું જાણમાં છે. પગની બાબતમાં, એક જ ખીલાથી બન્ને પગ જડ્યા હતા, તે કહેવું મુશ્કેલ છે.

**ઈસુના શરીરને ક્રૂસ પરથી ઉતારવા અંગે, ખરડાયેલા હાથ અંગે અને દાઢી અંગે કફનના આધારે શું કહીં શકાય?**

ઝીણવટભરી તપાસને આધારે માની શકીએ કે ઈસુના શરીરને ખેંચીને ઉતારવામાં આવ્યું હતું, તેનો ખ્યાલ તેના ખરડાયેલા હાથ પરથી જોઈ શકાય. દાઢીના આકારથી માની શકાય કે તેના દ્વારા પણ જુલ્મ થયો હશે. એટલું સ્પષ્ટ છે કે, 'ઈસુની પીડાનું શુભસંદેશકારે કરેલ વર્ણન શબ્દસઃ સાચું છે.'

**કફનના કાપડ વિશે તમે શું કહી શકો?**

કફનનું કાપડ ઊંચી ગુણવત્તાવાળુ છે, પ્રતિષ્ઠિત માણસ જ આ પ્રકારનું કાપડ ઉપયોગમાં લઈ શકે. માની શકાય કે કાપડનું વણાટકામ સીરિયામાં થયું હોય અને ઉંટની વણઝાર મારફતે જેરુસાલેમ લાવવામાં આવ્યું હોય. આયાતી કાપડ પ્રમાણમાં મોંઘુ હશે. આ બાબત શુભસંદેશના ધનિક માણસ અરિમથ્થાઈના જોસફ સાથે જોડે છે. કદાચ તેણે આ ખરીદ્યું હોય અને પોતાના દફન માટે રાખ્યું પણ હોય! મારા યહૂદી પિતાજીએ તેમના મૃત્યુ પહેલાં જ તેમના દફનની સમગ્ર તૈયારી તેમણે કરી રાખી હતી, એટલે એ માનવા યોગ્ય છે કે અરિમથાઈના જોસેફે આ પ્રમાણે જ કર્યું હોય. અને ઈસુ તેમના પહેલાં મૃત્યુ પામ્યા એટલે પોતાના માટેનું કફન ઈસુ માટે આપ્યું હોય! અને પોતાના માટે મોડેથી બીજું ખરીદી શકે તેવો વિચાર હોય.

**તમારી વેબસાઈટ - www.shourd.com ૧૯ વર્ષ પૂર્ણ કર્યાં છે.**

જી.હા. ૧૯૯૫માં હું મારા એક મિત્ર સાથે વાત કરતો હતો, અને તેણે કહ્યું : 'તમે જે કફન વિશે અભ્યાસ કરો છો તે તો લીયોનાર્દો વિન્સીનું ચિત્ર છે.' મેં તેમને પૂછ્યું, 'તમને આ માહિતી ક્યાંથી મળી?' તેમનો જવાબ હતોઃ 'મારી પત્ની અને હું કરિયાણાની દુકાનમાં હતાં, ત્યાંથી બહાર નીકળતાં ટેબલોઈટ પર જોવા મળ્યું.'

હવે લીયોનાર્દ વિન્સી પ્રસિદ્ધ ચિત્રકાર હતા, પણ કફન અંગેના દસ્તાવેજ તો તેમના જન્મ પહેલાં સો વર્ષ પહેલાંથી મળી આવ્યા છે. આવા અનેક વાર્તાલાપનો પ્રત્યુત્તર આપવા જ આ વેબસાઈટ ખુલ્લી મૂકી છે.

મને સમજાય છે કે ૧૯૭૮માં તુરિનની કફનના સંશોધન સમિતિના સદસ્ય હોવાને કારણે તુરિનના એ ઓરડામાં મને એક નાસ્તિકને જે ઝાંખી થઈ એવી ઉમદા ક્ષણ મને બીજી ક્યારેય મળવાની નથી! હવે એ તક જવાબદારી બની છે. હું કેવળ મારા માટે જ નહીં, સમગ્ર વિશ્વના શ્રદ્ધાળુઓ માટે સાક્ષીરૂપ હતો. મને ખબર પડતી નથી કે ભગવાને એક નાસ્તિકને જ શા માટે આ કામ માટે પ્રસંદ કર્યો? કફન અંગેની વાત કરતાં હું સંપૂર્ણ સભાન છું. હું કોઈ એવા અંગત રસ કે લાગણીમાં અહોભાવથી ખેંચાણ અનુભવતો નથી.

**૧૯૭૮માં તુરિનના કફનની સંશોધન સમિતિની કામગીરીમાં શું બન્યું હતું?**

સંશોધન કામગીરીના એક અઠવાડિયા પહેલાં ૮૦ જેટલાં બોક્ષમાં સંશોધન સામગ્રી લઈ અમે તુરિન પહોંચ્યા હતા પણ સામગ્રી પાંચ દિવસ માટે ઈટાલિયન કસ્ટમ અધિકારીઓએ જપ્ત કરી હતી. નિર્ધારિત મર્યાદિત સમયમાં ૬૭ પાનનો ટેસ્ટ કરવાનું આયોજન હતું, તૈયારીના પાંચ દિવસ વહી જતાં જલ્દીથી કામ પૂર્ણ કરવાનું હતું.

કેથોલિક ચર્ચની સામેલગીરી ના બરાબર હતી, વળી એ વખતે 'કફન' ધર્મસભાના અધિકારક્ષેત્રમાં પણ ન હતું. ઈટલીના પૂર્વ રાજવી પરિવાર - કિંગ ઉમ્રેટો, ડ્યુક ઓફ સવોય છેલ્લી છ સદીથી કફનનો માલિક હતો, જેમણે કફનની કસોટી કરવા રજા આપી હતી. તુરિનની ધર્મસભા તો માત્ર તેને જાળવણી કરનાર સંત્રી તરીકે જ હતી. સંશોધન કામગીરી માટે અમે ૯૬ કલાકની માગણી કરી હતી, અમને ૧૨૦ કલાક મળ્યા હતા. અમે ત્યાં માહિતી એકત્ર કરવા માટે હતા, નિત્કર્ષ આપવા માટે નહીં! 'કફનમાં છબી કેવી રીતે ઉપસી આવી?' એવા એક સામાન્ય પ્રશ્નનો જવાબ શોધવા મથામણ કરતા હતા. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન અમે જે સંશોધન કર્યું તે જમા કરવામાં આવ્યું અને તેને પ્રમાણિત પણ કરવામાં આવ્યાં, અંતમાં અમે માત્ર એટલું જ કહી શકીએ કે, જે માનતા હતા એવું તે નથી. તે કોઈ ચિતરામણ નથી, માત્ર ફલક નથી, કે કોઈ ફોટોગ્રાફ નથી!

અમારી સમિતિ વિવિધ ધર્મમાં માનનારા નિષ્ણાતોની બનેલી હતી, જેમાં કેથલિક અને નાસ્તિક પણ હતા, યહૂદી પણ હતા, કોઈ એક ધર્મના અનુયાયી, એ સમિતિના ગઠનનો માપદંડ ન હતો. જાણે કે ભગવાને સ્વયંમ્ વિવિધ શ્રદ્ધાવાળાને એકત્ર કરી આ મર્મ પ્રગટ કર્યો ન હોય!

**'ઈસુનું કફન' હોવાનો દાવો કરનાર બીજુ કંઈ કફન મળી આવ્યું છે ખરું?**

ના, આ અજોડ કફન જેવું બીજું કંઈ જ નથી.

**'કફન' અંગે ધર્મજનોનો પ્રતિભાવ કેવો જોવા મળ્યો છે?**

કેટલાકને કોઈ પ્રતિભાવ જ નથી પણ ઘણા બધા પૂજ્યભાવથી તેનો આદર કરે છે. પણ અંતમાં મારે કહેવું છે કે, કફનના એક ટુકડા પર શ્રદ્ધાનો આધાર નથી, પણ જેઓ તેના તરફ નજર માંડે છે, તેમના હૃદયમાં ઈશ્વરના વરદાન સમી શ્રદ્ધાનો સંચાર થાય છે! ●

સૌજન્ય : www.catholicworldveport.com

**પાવન હૃદય દૂતને મળેલ દાન**

| | | |
|---|---|---|
| સુજુકીના અને બિરજુકુમારના લગ્નપ્રસંગે | વડોદરા | ૧,૦૦૦ |
| પીટરભાઈ દોનાતભાઈ મેકવાન | કરમસદ(સંદેશર) | ૫૦૧ |
| જોનભાઈ સીરીલભાઈ પરમાર | કરમસદ | ૫૦૧ |
| જેનીફર અને નિલોનના લગ્ન પ્રસંગે | ઉમરેઠ | ૫૦૦ |
| શ્રીમતિ ઉષાબેન ડેવિડ મેકવાન | મણીનગર, અ'વાદ | ૫૦૦ |
| રોબર્ટભાઈ | ગાંધીનગર | ૫૦૦ |
| સ્વ. યાકુબભાઈ પટેલિયાના સ્મરણાર્થે | કરમસદ | ૩૦૧ |
| સ્વ. આગ્નેશબેન પીટરભાઈ મેકવાન | અમદાવાદ | ૨૫૦ |
| સ્વ. સતિષભાઈના સ્મરણાર્થે | અમદાવાદ | ૨૫૦ |
| ભાનુબેન આર. પટેલિયા | આણંદ | ૨૦૧ |
| લિન્યુસ પરેરાના સ્મરણાર્થે | વટવા | ૨૦૦ |
| સ્વ. અંબુભાઈ એલ. નાયડુ | મણીનગર | ૨૦૦ |
| સંકેત અને ઉર્વીના લગ્ન પ્રસંગે | આણંદ | ૨૦૦ |
| સ્વ. લ્યુસીયાબેન જે. પરમારના સ્મરણાર્થે | નડીઆદ | ૧૫૧ |
| શ્રી વસંતભાઈ એસ. કામદાર | મણીનગર, અ'વાદ | ૧૫૦ |
| સ્વ. રેગીનાબેન પી. મેકવાન | નડિયાદ | ૧૫૦ |
| સ્વ. જોન બાસિલ વખારિયા | મણીનગર | ૧૫૦ |
| સ્વ. લખીબેન જેઠાભાઈના સ્મરણાર્થે | ચાવડાપુરા | ૧૦૧ |
| કાન્તીભાઈ વિન્સેન્ટભાઈ પરમાર | | ૧૦૧ |
| અનિલ વાઘેલા | નડીયાદ | ૧૦૧ |
| સ્વ. સાબીના પીટરભાઈ મેકવાન | અમદાવાદ | ૧૦૧ |
| ઈમાનુએલ જે. પરમાર | આણંદ | ૧૦૦ |
| શ્રીમતિ રેગિનાબેન રિચાર્ડ મેકવાન | મણીનગર, અ'વાદ | ૧૦૦ |
| સદ્‌ગુણ પાઉલ રાઠોડ (જાન તરફથી) | આણંદ | ૧૦૦ |
| સદ્‌ગુણ પાઉલ રાઠોડ (મોસાળ તરફથી) | આણંદ | ૧૦૦ |
| સદ્‌ગુણ પાઉલ રાઠોડ | આણંદ | ૧૦૦ |
| દિનેશભાઈ મહિજીભાઈ પરમાર (જાન તરફથી) | વડોદરા | ૧૦૦ |
| દિનેશભાઈ મહિજીભાઈ (દીકરીના લગ્નપ્રસંગે) | આણંદ | ૧૦૦ |
| સ્વ. શાંતાબેન પરસોત્તમભાઈ | જિંટોડિયા | ૧૦૦ |
| સ્વ. રામજીભાઈ કિશાભાઈ સોલંકીના સ્મરણાર્થે | ઉમરેઠ | ૧૦૦ |
| દાઉદભાઈ સીમોનભાઈ પરમાર | આણંદ | ૧૦૦ |
| વિક્ટરભાઈ ઈગ્નાસભાઈ પરમાર | વડોદરા | ૧૦૦ |
| વેનિશના લગ્ન પ્રસંગે | નડિયાદ | ૧૦૦ |
| જયકુમાર કાન્તીલાલ મેકવાન | નડિયાદ | ૧૦૦ |
| સ્વ. જોસેફ બી. મેકવાન | વટવા | ૧૦૦ |



# સંત ઈગ્નાસની જીવનયાત્રા

*‘ઈગ્નેશિયન આગેવાની વિકાસ કાર્યક્રમ તાલીમમાં રજૂ થયેલ પરિચય*



સંત ઈગ્નાસનો જન્મ, યુરોપ ખંડના સ્પેન દેશમાં, ૧૪૯૧માં થયો હતો. તે વખતનું યુરોપ રાજકીય અને ધાર્મિક ભ્રષ્ટાચારથી ખદબદતું હતું.

ઈગ્નાસ એક ઉમદા કુટુંબના હતા. આજે આપણે જેમને એક સંત તરીકે સન્માનીએ છીએ, તેઓ જીવનના શરૂઆતના વર્ષોમાં સત્તા, મોજશોખ અને હોદ્દાની તીવ્ર લાલસા ધરાવતા ખૂબ જ મહત્ત્વાકાંક્ષી માણસ હતા. આ મહત્ત્વાકાંક્ષાઓ તેમને હંમેશા બહાદુરી અને શૂરવીરતાભર્યા પરાક્રમો કરવા પ્રેરિત કરતી રહેતી.

ભરજુવાનીનો જોશ તેમના પામ્પલોના ખાતેના ફ્રેન્ચ વિરુદ્ધના યુદ્ધમાં ઉપસી આવે છે. કમનસીબે આ યુદ્ધમાં એક તોપગોળો તેમના જમણા પગમાં વાગે છે. એ પગને તો ચૂરેચૂર કરે જ છે, પણ તેમની મહત્ત્વાકાંક્ષી ઈચ્છાઓ અને સપનાંઓને પણ તોડીને ચકનાચૂર, વેરવિખેર કરી નાંખે છે. તેમને પામ્લોનાથી લોયોલા પોતાને ઘરે લઈ જવામાં આવે છે.

અત્યંત પીડાદાયક ઓપરેશન બાદ, જ્યારે ઈગ્નાસ સારા થઈ રહ્યા હતા ત્યારે સમય પસાર કરવા માટે ઈગ્નાસે વાંચવા માટે શૌર્યકથાઓ ને રોમાંચિત નવલકથાઓની ચોપડીઓ માંગી. ત્યાં આવા કોઈ પુસ્તકો ઉપલબ્ધ નહોતાં. માત્ર બે જ ચોપડીઓ હતી – ‘પ્રભુ ઈસુનું જીવન’ અને ‘સંતોનાં જીવન ચરિત્રો’, જે તેમને વાંચવા આપવામાં આવી.

પોતાને મનગમતી ચોપડીઓ ન મળતાં કમને આ ચોપડીઓ વાંચવા માંડી. આ ચોપડીઓ વાંચ્યા બાદ તેમના અંતરમાં ઘમસાણ મચી ગયું. તેમનું મન અને આત્મા તેમને જાણે કે બે વિરુદ્ધ દિશાઓમાં ખેંચવા લાગ્યા, ‘અકસ્માત પહેલાંના મારા જીવનનાં દુન્યવી સપનાઓ પૂરા કરું કે સંતોની જેમ પ્રભુ ઈસુને અનુસરું?’ તેમણે આ બે મૂલ્યો વચ્ચે પસંદગી કરવાની હતી. આ આંતર-દ્વંદ્વને અંતે તેમણે પ્રભુ ઈસુને અનુસરવાનું પસંદ કર્યું. આ તેમના જીવનનો ‘નિર્ણાયક વળાંક’ હતો, જે ઊંડા અર્થમાં તેમનો ‘બીજો જન્મ’ કહી શકાય. તેમના જીવનના આ વ્યક્તિગત અને આમૂલ પરિવર્તન પછી તેઓ એક લાંબી સફરમાં નીકળી પડ્યા. આ યાત્રા તેમને આધ્યાત્મિક ગૂઢ રહસ્યના ઊંડાણમાં લઈ ગઈ.

આ સફર દરમિયાન ‘માનરેસા’માં તેમને એક ઊંડો આધ્યાત્મિક અનુભવ થયો. ‘પ્રભુ દરેકમાં કાર્યરત છે’ એવી ઊંડી અનુભૂતિ એમને થઈ, એટલે ઈશ્વરની સેવા, માણસોમાં અને તેના સર્જનમાં કરવાની ભાવના તેમનામાં જોર પકડવા લાગી.

હવેથી તેઓ ઈશ્વરના સર્જનને/દુન્યવી પરિસ્થિતિને, નવી દૃષ્ટિએ જોવા લાગ્યા. તેમને અંતરાત્મામાં એવી અનુભૂતિ થવા લાગી કે ‘જો પોતાનામાં પરિવર્તન આવી શકતું હોય તો અન્યમાં પણ એ શક્ય છે. પોતાના આધ્યાત્મિક અનુભવના નિષ્કર્ષરૂપે તેમણે “આધ્યાત્મિક વ્યાયામ” નામની ચોપડી લખી. આ ચોપડીમાં, તેમણે પોતાની આધ્યાત્મિક સાધના દરમિયાન, પોતાને થયેલા ઊંડા જ્ઞાન, અનુભૂતિઓને તેમને લઈને થતી પ્રક્રિયાઓને સમાવ્યા છે.’

ખ્રિસ્તી પરિપ્રેક્ષ્યમાં લખાયેલી આ ચોપડી છે. તે નેતૃત્વ ખીલવવા એક સાધના તરીકે કામ લાગશે. આમ જોતાં સંત ઈગ્નાસના આધ્યાત્મિક અનુભવોથી સભર આ ચોપડી આપણા જીવનને પણ બદલવા માટે સામર્થ્ય ધરાવે છે. આ પુસ્તક મુક્તપણે પસંદ કરેલ જવાબદારીઓ અને તેને અસરકારક રીતે નિભાવવા માટે જરૂરી વ્યક્તિગત સંશોધનો કેળવવા માટે જરૂરથી મદદરૂપ થશે.

ઈસુસંઘના સ્થાપક સંત ઈગ્નાસના જીવનમૂલ્યો તેમની જીવન યાત્રામાં આપણને સ્પષ્ટપણે જોવા મળે છે, જે મૂલ્યોને અહીં જુદા તારવવામાં આવ્યાં છે. આપણે આ જીવનમૂલ્યો જોઈએ, જેમને આપણે ઈસુસંઘી જીવનમૂલ્યો અથવા ઈગ્નેશિયન મૂલ્યો કહીશું.

૧) આત્મીયતા: ઈશ્વર સાથે આત્મીય સંબંધ સંત ઈગ્નાસના જીવનનો પરમ ધ્યેય, ઈશ્વર સાથેનો સંબંધ છે. ઈશ્વરને માટે મેં શું કર્યું? ઈશ્વરને માટે હું શું કરી શકું? એવા પ્રશ્નો તેઓ હંમેશા પૂછતા. ઈગ્નાસ ઈશ્વરને કેન્દ્રમાં રાખી દરેક કાર્ય કરતા.

ઈસુસંઘી અથવા ઈસુસંઘી સહયોગી એટલે પરમેશ્વરને કેન્દ્રમાં રાખી કામ કરનાર કાચી માટીનો માનવ.

ઈશ્વર બધાને સંપૂર્ણ રીતે સ્વીકારે છે, પોતાનો અઢળક બિનશરતી પ્રેમ આપે છે. આથી જ તેને કેન્દ્રમાં રાખીને જીવનાર સંપત્તિ, સત્તા, સુખ-સગવડ સન્માન, સ્તુતિ કે સ્થાન-માન છોડી દે છે, સ્વાર્થ અને અહમમાંથી મુક્તિ પામે છે. ઈશ્વરને કેન્દ્રમાં રાખી ચાલવું એ દરેક સહયોગીનો આખરી ધ્યેય છે અને ઈશ્વર પરની શ્રદ્ધા જ તેમની સેવાનો પાયો છે.

૨) ઈશ્વરેચ્છા : બધા કાર્યોમાં ઈશ્વરની ઈચ્છા પૂરી કરવી. સંત ઈગ્નાસ કહે છે કે સાચો પ્રેમ શબ્દોમાં જ નહીં, કાર્યોમાં પ્રગટ થાય છે. ઈશ્વરની ઈચ્છા અને આપણા કામ વચ્ચે કોઈ અંતર રહેતું નથી. ઈશ્વર સાથે આત્મીયપણે જોડાયા બાદ આપણે એવાં જ કાર્યો કરીશું જે ઈશ્વરની ઈચ્છા પૂર્ણ કરે અને આપણને માનવ સાથે જોડી રાખે.

ભારતીય પરંપરામાં તેને કર્મયોગ કહે છે. ટાગોર કહે છે તેમ ‘સકલ દિશે પ્રભુ જોઉં તુજને સકલ વિશે થઈ પહોંચું તુજને.’ આપણાં સેવાકર્મ આપણી પ્રાર્થના અને આપણી શ્રદ્ધાનું ફળ છે.

૩) કોલ: જીવન અને સેવાકાર્ય બંને ઈશ્વર તરફથી મળે છે. ઈસુસંઘી પોતાના આજ્ઞાધીનતાનાં વ્રત હેઠળ હંમેશા જ્યાં મોકલવામાં આવે ત્યાં જવા તૈયાર હોય છે. ઈસુસંઘ પોતાને મળેલા મિશનને લઈને ઈશ્વરને નામે પહોંચી જનારાઓનો સંઘ છે. એટલે જ ‘જ્યાં

મોકલશો ત્યાં હું તમારે નામે પહોંચી જવાનો' જેવી ભાવના ઈગ્નેશિયન જીવનમંત્ર છે.

આપણ સૌને ઈશ્વર તરફથી વિશિષ્ટ સેવાકાર્ય કરવા કોલ મળેલો છે. આપણે આ મિશન માટે પસંદ થયેલ સહયોગીઓ છીએ. આપણને મળેલ મિશન/કોલ લઈને આપણે સેવાકાર્યો કરવાનાં છે. અવનવી અને અઘરી જગ્યાઓ પર જવા તેમજ અવનવાં અને અઘરાં કાર્ય કરવા માટે આપણે તૈયાર થવું જ રહ્યું.

૪. સેવા : અદનામાં અદના માનવીની સેવા. ઈશ્વર મને ત્યાં મોકલે છે જ્યાં મારી સૌથી વધુ જરૂર છે અથવા જેમને મારી સૌથી વધુ જરૂર છે. આપણા દ્વારા ઈશ્વરનો અધિક મહિમા ત્યાં જ થયો ગણાય, જ્યારે આપણે સૌથી વધુ જરૂરિયાતમંદ હોય એવાઓની સેવા કરીએ. ગરીબનો પક્ષ લેવો અને અન્યાયનો ભોગ બનેલાને ન્યાય અપાવવો એ આપણા સેવાકાર્યનું મહત્ત્વનું પાસું છે. શ્રદ્ધા અને ન્યાય એક જ સિક્કાની બે બાજુ છે. તરછોડાયેલાં, દલિત, પીડિત, શોષિત, બંદીવાન, ભૂખ્યાં-તરસ્યાં, માંદા કે કેદી એ સહુની સંભાળ એટલે ઈશ્વરની સેવા. ઈશ્વરે પણ સમાજના ઉપેક્ષિત અને હડધૂતાયેલા લોકોનો પક્ષ લીધો હતો અને તેમની સેવા કરી હતી. આપણું સેવાકાર્ય એટલે ઈશ્વરની સેવા.

૫. સહયોગઃ અન્ય સાથે સહયોગ. આપણું સેવાકાર્ય/કોલ/મિશન આપણા એકલાનું નથી, બલકે સહુનું છે એવી ભાવનાથી સહુ સાથે સહકાર સાધવો અને સહુને સાથે જોડવા તે ઈગ્નેશિયન કાર્યપદ્ધતિ છે. એક જ વાડીના કામદારોની જેમ સાથે મળીને માલિકે સોંપેલું કાર્ય પાર પાડવું એ સ્વયં એક મિશન છે. ઝાઝા હાથ રળિયામણા જેવી કહેવતમાં ઈશ્વરના સેવાકાર્યમાં જરૂરી સમૂહભાવનાનો મહિમા વ્યક્ત થયો છે.

૬. બૌદ્ધિકતાઃ સાચું સેવાકાર્ય બુદ્ધિપૂર્વક અને વિચારપૂર્વક થયેલું કાર્ય છે. દરેક કાર્યમાં બૌદ્ધિક અભિગમ એ ઈસુસંઘીઓની વિશિષ્ટતા છે. મોટી ઉંમરે પણ પેરિશની યુનિવર્સિટીમાં ભણવા બેસીને સંત ઈગ્નાસે સેવાકાર્ય બુદ્ધિપૂર્વક કરવું કેટલું મહત્ત્વનું છે તેનો દાખલો બેસાડ્યો. બુદ્ધિપૂર્વક અને વિચારપૂર્વક કરેલું સેવાકાર્ય આખરે વધુ અસરકારક પૂરવાર થાય છે અને સેવાકાર્ય જેટલું વધુ અસરકારક તેટલો વધુ ઈશ્વરનો મહિમા.

૭. શ્રેષ્ઠતમઃ સેવાકાર્યને વધુ ને વધુ સારું બનાવતા રહેવું. સોંપેલા સેવાકાર્યમાં સ્થગિત થઈ જવાને બદલે તેને વધુને વધુ અસરકારક અને ફળદાયી બનાવતા રહેવું એ ઈગ્નેશિયન મૂલ્ય છે, જેને માજીસ કહેવાય છે. સંત ઈગ્નાસ ઈશ્વરના અધિક મહિમાર્થે પોતાના કામને વધુને વધુ સારી રીતે કરતા રહેવા પ્રયત્ન કરતા. સેવાકાર્યમાં સ્થાયી થઈ જવાને બદલે તે કાર્યને ગુણવત્તાસભર અને સર્જનાત્મક બનાવી આગળ ધપતા રહેવું એ ઈગ્નેશિયન-જીવનમંત્ર છે. આ જીવનમંત્રને જીવવા સાહસિકતા ભર્યો અભિગમ અનિવાર્ય છે.

૮. પ્રેમઃ સંત ઈગ્નાસ માટે પ્રેમ ઘણું અગત્યનું મૂલ્ય છે. ઈગ્નાસ આખા વિશ્વને પ્રભુથી ભરેલ જુએ છે. આ પ્રેમે જ તેમને કાર્યમાં જોતર્યા. ઈગ્નાસને અહેસાસ થવા લાગ્યો કે જે ઉર્જા સ્વર્ગમાં, મૂળતત્ત્વોમાં, ઝાડ-પાન, પશુ-પક્ષીમાં, ફળફૂલમાં છે, તે જ ઉર્જા દરેકની જેમ દિવ્ય પ્રેમનું પ્રતિબિંબ છે તેનો આહ્લાદક અને સુખદ અનુભવ તે માણતા. આપણા જીવનમાં પણ, ઈશ્વરના પ્રેમનો આવો ઊંડો અનુભવ જરૂરી છે, જેથી આપણે પણ દરેક વસ્તુમાં, પ્રાણીઓમાં અને વ્યક્તિઓમાં ઈશ્વરના પ્રેમને જોઈ શકીએ.

૯. તટસ્થતા : સંત ઈગ્નાસ જ્યારે પણ કોઈ કાર્ય કરતા, અથવા નિર્ણય લેતા, ત્યારે તટસ્થતાનો અભિગમ રાખતા. તટસ્થતા એટલે કોઈપણ પૂર્વગ્રહ, આસક્તિઓ અને વળગણોથી મુક્ત રહી, જીવનના કોઈપણ નિર્ણયો અને કાર્યો હાથ ધરવા. તટસ્થતાભર્યા નિર્ણયના પાયામાં પરાર્થ અને પરમાર્થ આવશ્યક છે. પરમાર્થને કેન્દ્રમાં રાખી તટસ્થતાભર્યા નિર્ણયો લેવામાં કે કાર્યો કરવામાં ઊંડી સ્વતંત્રતાનો અહેસાસ થાય છે. ●

— ઈગ્નેશિયન આગેવાની વિકાસ કાર્યક્રમ સમિતિ


## Matrimonial

*Highly educated and well settled Gujarati Catholic family seeks alliance for their son 26 years old, 5'7", good looking and US citizen who is an engineeer and currently working. We are looking for highly educated catholic girl, God fearing and ready to settle in USA.

Please send bio-data with recent pictures at rejoice2304@gmail.com



## વિદેશ ગમન

**શુભેચ્છા અને અભિનંદન**



**હર્ષ પ્રકાશ વાઘેલા**

**(B.E. Computer)**

૧, આરાધના સોસાયટી,
પવનચક્કી રોડ, નડીઆદ

**મો. ૯૮૨૫૩ ૧૧૯૧૦**

પ્રકાશ જેમ્સ વાઘેલા અને મધુ પ્રકાશ વાઘેલાના સુપુત્ર **હર્ષ પ્રકાશ વાઘેલા** માસ્ટર ડિગ્રી M.B.A.(I.T.)ના અભ્યાસાર્થે વિદેશગમન (U.S.A.)ન્યુયોર્ક બદલ અભિનંદન તેમજ ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ.

**મરીયામબેન જેમ્સ વાઘેલા**
**સ્નેહા પ્રકાશ વાઘેલા**
**અને ઘરકુટુંબ અભિનંદન પાઠવે છે.**

**CYPRUS CAREGIVER PROGRAMME**

Government Employment Permit for Ladies



- ઉચ્ચ પગાર ધોરણ
- ફ્રી રહેવા તથા જમવાની સગવડ
- સરળ અને ટૂંકી વિઝા પ્રોસેસ
- વ્યાજબી સર્વિસ ચાર્જ
- યુરોપમાં PR ની સુવર્ણ તક
- જરૂરી વિઝા ડોક્યુમેન્ટસ અંગે માર્ગદર્શન અને સહાય

**For more details please contact us with your Bio-data**

**PK Enterprise**

S - 7, 2nd Floor, Triveni Arcade,
Anand Vidyanagar Road, Anand, Guj.
M : +91-8735850669 / +91-9374785499
E : pkenterprise06@yahoo.com



# મકાન વેચવાના છે

## તૈયાર રેડી પઝેશન

ચાવડાપુરા જેવા વિકસીત
એરીયામાં લક્ઝુરીયસ 2BHK

રો-હાઉસ કિંમતઃ
૧૬,૫૧,૦૦૦ તથા ૧૮,૫૧,૦૦૦


ટેનામેન્ટ 3BHK કિંમતઃ ૨૫,૫૧,૦૦૦

**:: સંપર્ક ::**

**રાજેશ પ્રવાસી**

**મો. ૯૯૦૯૪ ૨૯૦૫૪**


### પાંચમી પુણ્યતિથિ



**સ્વ. જોસેફભાઈ ગ્રેગોરભાઈ રાઠોડ**

જન્મઃ ૧૫-૧૦-૧૯૪૧ ★ અવસાનઃ ૨૩-૭-૨૦૧૦

પાંચ વર્ષ વિત્યાં તમારી યાદમાં છતાં અમારાં
અંતરમાં આજે પણ તમારાં સ્મરણનો સહારો છે.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. કુસુમબેન જે. રાઠોડ તથા બાળકો - પરિવાર**
દીપા સોસાયટી, રેલ્વે પાધરિયા, આણંદ

### પ્રથમ પુણ્યતિથિ



**સ્વ. સાબીના પીટર મેકવાન**

અવસાનઃ ૧૦-૦૭-૨૦૧૪

પ્રભુ તમારા આત્માને શાંતિ આપો.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. મેક ફ્રાન્સિસ પીટર અને પરિવાર**
૫/૨૫ મારૂતિનંદન એપાર્ટમેન્ટ, મણિનગર (પૂર્વ)

### શ્રદ્ધાંજલિ



**સ્વ. કેશવભાઈ ખુશાલભાઈ મેકવાન**

જન્મઃ ૧૮-૫-૧૯૨૫ ★ અવસાનઃ ૧૩-૫-૨૦૧૨

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**નિર્મળા કે. મેકવાન ઉર્મિલાબેન રમેશ કે. મેકવાન**
**વિજય કે. મેકવાન જલ્પાબેન જોસેફ કે. મેકવાન**
**સ્વ.નો દુઃખી પરિવાર, ઈવાન-બ્લેસી, પ્રાચી-આર્ચી**
સાણંદ નિવાસ, નડીઆદ

### પ્રથમ પુણ્યતિથિ



**સ્વ. વાલીબેન કેશવભાઈ મેકવાન**

જન્મઃ ૧-૧-૧૯૩૪ ★ અવસાનઃ ૩-૬-૨૦૧૪

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**નિર્મળા કે. મેકવાન રમેશ કે. મેકવાન જોસેફ કે. મેકવાન**
**વિજય કે. મેકવાન ઉર્મિલા આર. જલ્પા જે.**
**સ્વ.નો દુઃખી પરિવાર, ઈવાન-બ્લેસી, પ્રાચી-આર્ચી**
સાણંદ નિવાસ, નડીઆદ


પરેશ એ. વાઘેલા
૯૭૨૩૧ ૬૦૭૭૩

દિપક એ. વાઘેલા
૮૪૬૦૦ ૮૨૬૬૫

## અગ્નેલ એર કંડિશનિંગ

ફ્રીઝ, એ.સી., એરકૂલર, વોટરકૂલર રીપેરિંગ,
સર્વિસીંગ કરનાર

ખ્રિસ્તી મહોલ્લો, વલાસણ, તા.જિ. આણંદ


### શ્રદ્ધાંજલિ



**સ્વ. કાન્તાબેન આશીર્વાદભાઈ ક્રિશ્ચિયન**

જન્મઃ ૨-૭-૧૯૫૧ ★ અવસાનઃ ૫-૭-૨૦૧૧

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. આશીર્વાદભાઈ એચ. ક્રિશ્ચિયન તથા સહપરિવાર**
એ-૧૩, વલ્લભા ડુપ્લેક્ષ-૨, તીર્થક ટેનામેન્ટની સામે,
વાઘોડીયા - ડભોઈ રીંગ રોડ, વડોદરા

# ત્રીજી પુણ્યતિથિએ શ્રદ્ધાસુમન



જન્મ
૦૫-૦૧-૧૯૫૮

અવસાન
૨૨-૦૭-૨૦૧૨

## સ્વ. ફાધર અનિલ લુકાસ મેકવાન એસ.જે.

મરણ અસ્તિત્ત્વને હણી શકે છે પણ વ્યક્તિત્ત્વનો વિલય કરી શકતું નથી.
ભાઈ અનિલ, તમે પ્રભુમાં લીન થઈ ગયા છો પણ
તમારું અનિલત્વ અજાયબ ફોરમ પ્રસારી રહ્યું છે.
તમે દેહાવસાન પામ્યા છો પણ તમારી યાદો હજુ જીવંત છે.
યાદોને વાગોળતાં હૈયું હચમચી જાય છે.

તમારું નામ સેલીના અને લીન્સીના મુખે રમ્યા કરે છે.
જ્યારે એલીન્સનું હાસ્ય તમારી યાદ અપાવે છે.

પરમાત્મા તમારા આત્માને શાંતિ આપે એ જ અરજ.

**શૈલેષ લુકાસ મેકવાન તથા**
**ઈલાક્ષી શૈલેષ મેકવાન**
પેટલાદ

# વ્હાલા 'બાપુ'ને પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

"મને શોધશો નહિ, હું ઈશ્વરના ધામમાં છું."



## સ્વ. અંતોનભાઈ સીમોનભાઈ મેકવાન

જન્મ: ૦૫-૦૭-૧૯૪૩

અવસાન: ૧૦-૦૭-૨૦૧૪

સમય જિંદગીનો ઓછો હશે, એ ક્યાં ખબર હતી.
વિદાય તમારી અણધારી હશે, એ ક્યાં ખબર હતી.
આપની વિદાયને જોતજોતામાં એક વર્ષ વિતી ગયું.
પળના વિલંબ વિના તમે પહોંચી ગયા પ્રભુના ધામમાં.

આંખમાં આંસુ અને દિલમાં તમારી યાદ છે.
લાખો લડાવી લાડ, પિતા ગુમાવ્યાની વ્યથા સમાતી નથી.

હરહંમેશ હેતની લાગણી સહેજ વિસરાતી નથી.
એ પિતાની મીઠી છાયા ક્યાંક જગમાં ન મળે.
હૈયું રડે, નયનો રડે, ને રડી રહ્યાં છે સંતાનો.
એ આંસુડાને લૂછનાર માયાળુ પિતા ક્યાં મળે.
બાપુની ઊણપ કેટલી છે તેનો અર્થ આપી ગયા
એવા બાપુને શ્રદ્ધાંજલિ અર્પવા મજબૂર બનેલા
અમો શું આપીએ શ્રદ્ધાંજલિ?
પુષ્પો પણ ઓછાં પડે!

**લિ. તમારો દુ:ખી પરિવાર**
**રેગીનાબેન અંતોનભાઈ મેકવાન**

| | | |
|---|---|---|
| **હંસા - શશીકાન્ત** | **પાયલ - અશોક** | **સુનિતા - હસમુખ** |
| **હાર્દિક, શ્વેતા, જોયલ** | **આશલ** | **અભિ, કુંજ** |

એન્ટરપ્રાઈઝ સોસાયટી, આણંદ

# સદ્‌ગત પુત્રીને –



જન્મ
૨૬-૮-૧૯૬૩

અવસાન
૩૧-૭-૨૦૧૪

પ્રિય કલ્પુ,
જીવનની હવેની અમારી પ્રત્યેક પળ
તારી મધુર સ્મૃતિ બનીને ગુજરે છે.
જે દિવસે તું 'શેફાલી'નું અમારું ખીલું ખીલું
કરતું ફૂલ બનીને આવી હતી,
તે જ દિવસે તેં અમારી 'પ્રિન્સેસ' બનીને
તારી જીવનલીલા સંકેલી લીધી.

કશોય દેખાડો કર્યા વિનાની ડોક્ટર તરીકેની
તારી કારકિર્દીમાં
તેં ઘણાં લોકોનાં જીવનની રક્ષા કરી હતી
તે તો અમે જાણતાં હતાં,
પણ 'તમારી દાક્તર દીકરી ના હોત
તો અત્યારે હું તમારી આગળ જીવતી ઊભી ના હોત,'
એવા ઉદ્‌ગારો તારાં એક દર્દીએ અમારી આગળ કાઢ્યા
ત્યારે તો તારાં માતાપિતા લેખે અમે ધન્ય ને સાર્થક થઈ ગયાં.

તારા મૃત્યુએ નવજીવન પરની શ્રદ્ધાનું
અમારા અંતરમાં તેજ પૂર્યું છે,
છતાં, તારા એક પાર્થિવ પિતા તરીકે
તને અંતિમ વિદાય આપતાં પ્રાર્થનાના જે ઉદ્‌ગારો
મેં કાઢ્યા હતા
તે જ ઉદ્‌ગારો ફરી કાઢ્યા સિવાય હું રહી શકતો નથીઃ

"હે પ્રભુ! તું જો કોઈ અન્ય માતાપિતાને આવી ઉમદા ને પ્રતિભાસંપન્ન પુત્રી આપે તો ડૂબી જવાય એટલી હદે તે એને સામે પ્રવાહે તરવાનું તું ના આપતો."

તારી પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ તારા સ્નેહભીના
સમગ્ર પરિવારની ભાવભરી શ્રદ્ધાંજલિ.

**અધ્યા. રેમંડ આર. પરમાર**
તનિષ્ક પ્રિન્સેસ એપાર્ટમેન્ટ, અમદાવાદ - ૩૮૦ ૦૫૪
ફોનઃ ૦૭૯-૨૬૮૫૦૦૫૭

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. નિશાબેન હેરમાનભાઈ પરમાર

જન્મઃ ૦૭-૦૮-૧૯૮૦
અવસાનઃ ૦૬-૦૭-૨૦૧૪

અમારા જીવનબાગનું છેલ્લું પુષ્પ તું,
વ્હાલનો દરિયો હતી તું નિશા.
આપણાં પાંચ ભાઈબહેનના કુટુંબમાં,
સૌની લાડકવાયી નાની બહેન તું હતી નિશા.
અમારી માયાળુ માસી અને હેતાળ ફોઈ તું હતી નિશા.
તારા જીવનના છેલ્લા દશકામાં સાચી
જીવનસંગીની તું હતી નિશા.
વિરહ વ્યથામાં વિતી ગયું વર્ષ એક,
અમે કોઈ'દિ ભૂલ્યા નથી નિશા.
સ્વર્ગમાં જ હોઈશ,
પુનરુત્થાનની પ્રભાતે ફરી અમે મળીશું તને નિશા.

**લિ.**
**કમળાબેન - હેરમાનભાઈ ફ્રાન્સિસ પરમાર (મમ્મી-પપ્પા)**
ખ્રિસ્તી મહોલ્લો, જિંટોડિયા

**અલ્પનાબેન - મહેશભાઈ એસ. સુતરીયા (મોટાબહેન-બનેવી)**
**અનિલભાઈ એચ. પરમાર - સોનલબેન (મોટાભાઈ-ભાભી)**
**મહેશભાઈ એચ. પરમાર - પલ્લવીબેન (મોટાભાઈ-ભાભી)**
**રાજેશકુમાર એચ. પરમાર - સેજલબેન (મોટાભાઈ-ભાભી)**
**જિજ્ઞેશકુમાર મગનભાઈ પરમાર (જીવનસાથી)**
સર્વોદય સોસાયટી, નડીઆદ

**પથિક - પાર્થ (ભાણિયા)**
**આર્યન, આર્નવ, ક્ષિતિજ, જોય, ઋષિલ (ભત્રીજા)**
**સૌથી લાડકવાયી ચિ. પર્લ (ભત્રીજી)**

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



### સ્વ. બેન્જામીન રૂપાભાઈ ડોશિયાડ

જન્મ: ૧૫-૧૧-૧૯૩૩

અવસાન: ૧૦-૦૭-૨૦૧૪

વ્હાલા બાપુજી,

તમારી છત્રછાયા વિનાની આ જાણે સૂકીભઠ્ઠ જમીન જેવી જિંદગી જીવતાં એક વર્ષ વિતી ગયું. તમારી હૂંફ તળે જીવેલી જિંદગીનાં માત્ર સ્મરણો વાગોળતાં એકે એક ક્ષણ તમને સ્મરીએ છીએ. તમે નાની ઉંમરથી જ તનતોડ મહેનત કરી અમને સુખ-સમૃદ્ધિ બક્ષ્યાં. તમે માત્ર અમારા માટે જ નહિ, પણ સમગ્ર સમાજ અને ધર્મસભા માટે તમારી જાત ન્યોછાવર કરી દીધી. તમારાં સંતાનો હોવાનું અમે ગૌરવ અનુભવીએ છીએ. જીવનપર્યંત તમારા ઋણી છીએ. તમે ઈશ્વરમાં રાખેલી અતૂટ શ્રદ્ધા અને સમગ્ર સંસાર માટેની અવિરત પ્રાર્થના યાદ કરતાં તમારો આભાર માનીએ છીએ. તમે આગલા દિવસે જ કહેલું, "પ્રાર્થના તો ઉપર જઈને પણ ચાલુ જ રાખીશ." તો તે વચન નિભાવજો, બાપુજી.

પરમપિતા પરમેશ્વર તમારા આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના. પુનરુત્થાનની પ્રભાતે મળવાની અપેક્ષા સાથે,

**આપનો સમગ્ર ડોશિયાડ પરિવાર**
મરીયમપુરા, ખંભાત

## ભાવભીની શ્રદ્ધાંજલિ



### સ્વ. સતિષભાઈ એસ. ક્રિશ્ચિયન

જન્મ: ૧૮-૧૨-૧૯૪૯

અવસાન: ૨૮-૦૫-૨૦૧૫

"પ્રભુમાં શ્રદ્ધા રાખનાર પરમસુખી છે."

આપવામાં જ સુખ રહેલું છે,
આપ્તજનો સુખી તો હું સુખી
સુખ - આનંદ - ખુશી બીજા સાથે,
વહેંચવાથી જ વધે.
બીજાનાં સુખે સુખી, બીજાનાં દુઃખે દુઃખી,
"આ વિચારને બનાવ્યો પોતાનો જીવનમંત્ર."

સ્વ. સતિષભાઈનું જિંદાદિલ જીવન, તેમણે કરેલાં વિવિધ સેવાકાર્યો અને ઉપકારોનું સ્મરણ આજે પણ અમોને તાજગી તથા આનંદ બક્ષે છે.

**વિશેષ નોંધ:** અમારા પૂજનીય પિતાશ્રીના અંતિમ સમયે ટૂંકી માંદગી વખતે, દફનવિધિ, પ્રાર્થનાસભા ખાતે અને ત્યારબાદ અવિરતપણે અમારાં સગાં-સ્નેહીઓ, પડોશીમિત્રો, પરિચિતો, ફાધરો, સિસ્ટરો, આપ સર્વએ રૂબરૂ મુલાકાત અને પ્રાર્થના થકી અમોને જે હૂંફ અને સાંત્વનાં આપેલ છે તે બદલ આપ સર્વનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

**યાદ કરતાં,**
**સાબિનાબેન સતિષભાઈ ક્રિશ્ચિયન**
**મિતેશ - હીના　નિલેશ - લુસિયા　રિતેશ**
**ઓસ્ટિન, નેન્સી　એલન**
**ગાંધીધામ**
ડી/૩૨, શ્રીનંદ ડુપ્લેક્ષ, સી.ટી.એમ. અમદાવાદ
મો. ૯૮૯૮૨ ૬૫૨૯૯

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. સાબીનાબહેન પીટરભાઈ મેકવાન**

જન્મ: ૦૩-૦૧-૧૯૩૯

અવસાન: ૧૦-૦૭-૨૦૧૪

પૃથ્વી પરનું પંચોતેર વર્ષનું આયખું પૂરું કરી તું પરલોકે સિધાવી ગઈ. પતિએ, પત્નીને અને સંતાનોએ માતાને આખરી વિદાય આપવી પડે એ ઘટના વસમી છે. પણ નિયતિ સામે ક્યાં કોઈનું ચાલ્યું છે કે ચાલવાનું? એક વર્ષ જોતજોતામાં તારા વિના પસાર થઈ ગયું. સમયના સથવારે તારી વિદાયને સ્વીકારી તો દીધી, સ્વીકારી લેવી પડી.

તું દેહસ્વરૂપે મારી-અમારી સાથે નથી અને અમારે ખાસ તો મારે, તારા વિનાની, બાકીની જિંદગી જીવવાની છે, જીરવવાની છે. પળે પળે તારી યાદ સદાય સતાવતી રહે છે. સ્વર્ગમાંથી અમારા સૌના માટે પ્રાર્થના કરજે. ઈશ્વર તારા આત્માને શાંતિ આપે.

**લિ. પીટર વી. મેકવાન તથા પરિવાર**

૧, જય એપાર્ટમેન્ટ, મણિનગર (પૂર્વ), અમદાવાદ

# પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**"પ્રભુમાં શ્રદ્ધા રાખનાર પરમસુખી છે."**



**સ્વ. જોસેફ બેત્રામ મેકવાન**

જન્મ: ૩૦-૦૯-૧૯૪૨

અવસાન: ૦૨-૦૬-૨૦૧૫

આપનો નશ્વર દેહ માટીમાં ભળી ગયો, પરંતુ આપની યાદો રોજિંદા જીવનમાં અસંખ્ય સવાલ કરે છે. અમારા સવાલના જવાબ આપ જ સુંદર રીતે આપી શકતા હતા. અમારાથી ન ગણી શકાય એવા ગણિત આપ જ ગણી આપતા હતા. હવે ફક્ત આપની યાદો જ અમારા દિલમાં વસી છે. તમારો સદાય હસતો ચહેરો અમારી આંખો સામે તરવરે છે, આંખો ભીની થઈ આવે છે અને દિલ મન મૂકીને રડે છે.

**જોસેફ (પપ્પા), આપની ખૂબ યાદ આવે છે. પ્રભુ આપના આત્માને ચિર શાંતિ અર્પે.**

**લિ. આલોઈસ્યાબહેન તથા સમસ્ત દુઃખી પરિવાર**
**વીણા - રાજેશ, સ્નેહલ - સવિતા, મોના**
**સોનલ - હિતેશ, જેનેટ - નિલેશ, સિન્ડ્રેલા (સિન્ડુ) અને સ્ટેફી (સ્વીટુ)**
**જેકબભાઈ અને રાજેશ (કાકાનો દીકરો)**

**વિશેષ નોંધઃ** *અમારા પૂજનીય પપ્પાના જીવનના અંતિમ સમયે, લાંબી માંદગી વખતે, દફનવિધિ-પ્રાર્થનાવિધિ વખતે અને ત્યારબાદ અમારાં સગાંસંબંધીઓ, પાડોશીમિત્રો, પરિચિતો, સમગ્ર સંન્યસ્ત વર્ગ (ફાધરો-સિસ્ટરો), આપ સર્વએ રૂબરૂ મુલાકાત અને પ્રાર્થના થકી અમોને જે હૂંફ આપી છે તે બદલ આપ સર્વનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.*

વેટીકન પાર્ક સોસાયટી, વિંઝોલ ક્રોસીંગ રોડ, વટવા, અમદાવાદ

# પ્રથમ પુણ્યતિથિએ સ્મરણાંજલિ



**સ્વ. આગ્નેશબેન (ધનીબેન) મોહનલાલ પરમાર**

જન્મ: ૨૧-૦૭-૧૯૩૨ ● અવસાન: ૧૩-૦૭-૨૦૧૪

હે સુંદરતા? સદા પુરાણી સદા નવીના
મને તો બહુ મોડેથી તારી ઓળખાણ થઈ.
સંત ઓગસ્ટીન (કબુલાતાનામ)

તમારી અણધારી વિદાયને એક વર્ષ વિતી ગયું. તમારા દિલના સળવળાટ અને ઉમ્મીદોને સમજ કેળવીએ તે પહેલાં તમો જતા રહ્યા અને અમારાં હૈયાં હચમચાવી ગયા.

તમે પિતા મોહનલાલ અને માતા મરિયમના પહેલા સંતાન તરીકે, કુટુંબની ખુશીના હકદાર બન્યા. એટલે જ તમે ઘરના મોભી બન્યા. સાફ સુથરૂ, ડાઘ રહિત, કોઈ સાધ્વીને પણ શરમાવે એવું ઉમદા જીવન જીવ્યાં. તમારા જીવન દરમ્યાન, ગ્રામસેવિકા, તેમજ શિક્ષકાલ્યની પોતાની ફરજો પૂરી કરી. સ્વમાન સાથે જીવી સ્વમાન સાથે પરલોક ગયાં.

ઈશ્વરે તમને અતિ સુંદર બનાવ્યા હતાં. એટલે જ તમે પપ્પાના પ્રતિબિંબ રૂપ હતા. સિંહગર્જના જેવી તમારી વાણી, વાણીમાં સાચું બોલવાનો રણકાર, કમર ઉપર લાંબા વાળનો લટકતો ચોટલો, ચાલવાની છટા, હસી, હસાવા સામાના દિલમાં જગા બનાવવાની રીત, પીપળાના ઓટલા પર બેસી લોકોને આવકારવાની રીત, ઉપરથી સખત, પણ અંદરથી કોમળ અને પ્રેમાળ આ બધું યાદ આવતા આંખ રડે છે.

એમનો પ્રેમાળ માથે ફરતો હાથ, એમની સાથે સેંકડો પળો હું જીવી છું. પળપળનો સાથ સથવારો ખૂબ યાદ આવે છે. એમની સાથેની પળોમાં જીવીને અમે ધન્ય બની ગયાં છે. સાચા અર્થમાં આજે અમે માબાપ ગુમાવ્યાં છે. જાણે તેઓ કુટુંબનો મોભો અજવાળું, પ્રેમ આનંદ બધું જ પાલવે બાંધીને લઈ ગયા હોય એવું લાગે છે. તમને અમારા કોટિ કોટિ વંદન.

નવજીવનના આંગણે સ્વજનોને મળવાની તત્પરતા સાથે પ્રાર્થના.

**લિ. મોહનલાલ માસ્ટર પરિવાર**
**વિમલ મારિયા**

# શ્રદ્ધાંજલિ



**સ્વ. જોન બાસીલ વખારિયા**

જન્મ: ૧૧-૧૧-૧૯૬૪

અવસાન: ૦૮-૦૬-૨૦૧૫

અંધકારભરી રજનીમાં
શીતળ ચંદ્ર સમાન
હતા તમે અમ પરિવારે
ઘડીક નીકળો બહાર
તો ઉછળે હાસ્યની છોળો
ચારેગમ.
ને વાતાવરણ આખું મ્હેંક મ્હેંક...
ખરતા તારકના પ્રકાશ સમ
અચાનક બુઝાઈ ગઈ જિંદગી
ને હવે ઝર-ઝર આંસુધર
વહે અનરાધાર...
હવે અમે
થોભ્યાં છીએ વાટમાં
સ્વર્ગધામે મિલનની.

| | |
|---|---|
| સી/૫, 'અપૂર્વ' | **આપના દુઃખી પ્રિયજનો** |
| માનસરોવર ડુપ્લેક્ષ | **રીટા (પત્ની)** |
| મણિનગર (પૂર્વ) | **પર્લિન, પ્રાચી, અપૂર્વ** |
| અમદાવાદ | **બાસિલ વખારિયા પરિવાર** |

**વિશેષ નોંધઃ** અમારા સુપુત્ર સ્વર્ગીય જોનના અવસાન પ્રસંગે ફાધરો, સિસ્ટરો, સગાંસંબંધીઓ તથા માનસરોવર સોસાયટીના તમામ રહીશો, ટોરેન્ટ પાવરના સ્ટાફ મિત્રો, સ્નેહીજનો, બધાં જ અમારી પડખે રહીને અમને હૂંફ દઈને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાથ સહકાર આપી અમને આશ્વાસન પૂરું પાડ્યું તે બદલ સર્વનો હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર.

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. રેગીનાબેન ઈશ્વરભાઈ મેકવાન**

જન્મ: ૨૦-૧૦-૧૯૫૫

અવસાન: ૧૪-૦૭-૨૦૧૪

વ્હાલી મમ્મી,

તારા સ્નેહના ઉપવનમાં, અમે પંખી બની કિલ્લોલ કરતાં હતાં. તારી છાયાની શીતળતામાં અમે નિર્ભય બની સૂતાં હતાં. એવામાં અચાનક અમ તમામને રડતાં મૂકીને તું કેમ ચાલી નીકળી? અમારા બધાંનો સંગાથ છોડીને, અમને સૌને નોંધારા મૂકીને, કોઈને કાંઈપણ કહ્યા વગર આમ સાવ અચાનક કેમ જતી રહી? તને એમ કે, અમારી તો લીલીવાડી છે અને હવે મારી ક્યાં કોઈને જરૂર છે? પણ વ્હાલી મા, એવું થોડું બને કે "મા"ની જરૂર પૂરી થઈ ગઈ? તારી હજુ અમારે બહુ જરૂર હતી. ત્યારે જ અમને તેં નોંધારા છોડી દીધાં.

અમારી "મા" બનવા માટે તારો આભાર,<br>તારા જેવી "મા" આપવા માટે પ્રભુજીનો આભાર.

પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને પરમશાંતિ આપે એવી પ્રાર્થના સાથે. **લિ. આપનો દુઃખી પરિવાર - વડોદ**

## દસમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. કોકીલાબેન ફિલીપભાઈ સોલંકી**

જન્મ: ૨૮-૧૦-૧૯૫૯


અવસાન: ૧૨-૦૭-૨૦૦૫

**"મને શોધશો નહિ, હું ઈશ્વરના ધામમાં છું."**

નાની શી તમારી જિંદગી હતી, પણ માયા મોટી મૂકતાં ગયાં.<br>જીવન થોડું પણ... યાદો મોટી લગાડી ગયાં.<br>કો'કી... તારી સ્મૃતિનો સથવારો અમને<br>સદાય હૂંફ આપતો રહેશે.<br>કાળજાના કકડા સમી કોકી ને પ્રેમનાં પુષ્પોની<br>પુષ્પાંજલિ, શ્રદ્ધાંજલિ...<br>ઈશ ચરણે આરાધના, અભ્યર્થના અને<br>આરઝુ... ફરી મળીશું...

**લિ. ફિલીપભાઈ ડી. સોલંકી અને સમગ્ર પરિવાર**<br>ડી-૨૧, શ્રેયર્સ સોસાયટી, પાધરિયા, આણંદ

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. પીટરભાઈ એન. મેકવાન**

જન્મ: ૨૯-૧૨-૧૯૩૩

અવસાન: ૦૭-૦૭-૨૦૧૪

ભક્તિ તમે કરી પુણ્ય અમને મળ્યું<br>સંઘર્ષ તમે કર્યો, સુખ અમને મળ્યું<br>સેવા તમે કરી, ઈજ્જત અમને મળી,<br>આપે આપેલો સંસ્કાર વારસો, અમારા<br>માટે પ્રેરણાદાયી બની રહેશે.

શ્રદ્ધાંજલિ આપતાં શબ્દો ખૂટે છે<br>અંજલિ આપતાં હૈયું રડે છે.<br>પ્રભુ આપના આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના.

પ્રેસ કોલોની,<br>આણંદ

**લિ. સારાબેન**<br>**તથા સમસ્ત પરિવાર**

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ઈસાકભાઈ બેર્નાદભાઈ મેકવાન**

જન્મ: ૧૭-૧૨-૧૯૪૧

અવસાન: ૨૮-૦૭-૨૦૧૪

હું તને ખાતરીથી કહું છું કે, આજે તું મારી સાથે પુણ્યલોકમાં હશે."<br>(લૂક ૨૩:૪૩)

"બાપુ" શબ્દ ઉચ્ચારે આજે એક વર્ષ પૂરું થયું. જ્યારે જ્યારે તમારું સ્મરણ થાય છે, ત્યારે ત્યારે આંખ ભીની થઈ જાય છે. એક ઉત્તમ પિતા, આદર્શ શિક્ષક, સાચા મિત્ર અને હંમેશાં દરેકની ચિંતા કરનાર તરીકે તમે અમારા હૃદયમાં બિરાજમાન છો. તમે શરૂ કરેલ ઘર અત્યારે પૂર્ણ થયું અને "ઈસાક સ્મૃતિ" તરીકે સદાય તમારી યાદ અપાવતું રહેશે. તમારી અથાગ મહેનતના ફળ અમે અત્યારે ચાખી રહ્યા છીએ. સમય વિતતો જશે પણ તમારી યાદ દિલમાં સદાય રહેશે.

પ્રભુ, આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**તમારી યાદમાં**<br>**રેગીનાબેન આઈ. મેકવાન તથા તમારા બાળકો**<br>ખ્રિસ્તી મહોલ્લો, બોચાસણ

## લગ્નજીવનની ૫૦મી વર્ષગાંઠ



**સ્વ. એલિસાબેથ તિમોથી વાઘેલા**

જન્મઃ ૨૦-૦૩-૧૯૩૪ ● અવસાનઃ ૧૦-૦૫-૨૦૦૩

**સ્વ. તિમોથી બેનેદિક્ત વાઘેલા**

જન્મઃ ૧૧-૦૮-૧૯૨૯ ● અવસાનઃ ૨૪-૦૭-૨૦૧૪

વ્હાલાં મમ્મી-પપ્પા,

આપનાં લગ્નજીવનનાં ૫૦ વર્ષની વર્ષગાંઠે શુભેચ્છા અને અભિનંદન. આપના સુંદર લગ્નજીવન પર નજર નાખતાં હું ગર્વ અનુભવુ છું. પ્રભુના સાંનિધ્યમાં આપ સુખશાંતિમાં રહો.

**આપનો દીકરો અશોક વાઘેલા**
**અને સમસ્ત પરિવાર**

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાસુમન



**સ્વ. રોની કિરીટભાઈ પરમાર**
જન્મઃ ૧૪-૦૬-૧૯૮૬
અવસાનઃ ૧૨-૦૭-૨૦૧૪

**સ્વ. શોભા રોની પરમાર**
જન્મઃ ૧૧-૦૪-૧૯૮૮
અવસાનઃ ૩૦-૦૭-૨૦૧૪

વ્હાલા દીકરા રોની, વ્હાલી વહુ દીકરી શોભા,

આપની વસમી વિદાયને એક વર્ષ પૂરું થયું. જીવનની જ્યોત અચાનક ઝબૂકીને બુઝાઈ ગઈ. આશા અધૂરી અને આંખડી મિંચાઈ ગઈ. રડે છે આંખો અમારી જોઈ તસ્વીર તમારી. દરેક પ્રસંગે ખટકે છે ગેરહાજરી તમારી. તમો તો હસતાં રહ્યાં, સૌના હૃદયમાં વસતાં રહ્યાં અને અમોને રડાવી ગયાં.

પ્રભુ, આપના આત્માને પરમશાંતિ આપે એજ પ્રભુ પ્રાર્થના. પુનરુત્થાનની પ્રભાતે ફરીથી મળીશું.

**૨૧, તપસ્વી બંગ્લોઝ,**
**જિંટોડીયા રોડ, આણંદ**

**લિ. જોનભાઈ જોસેફભાઈ પરમાર**
**તથા દુઃખી પરિવાર લાંભવેલ**

**નોંધઃ** અમારા દુઃખની પળોમાં અમોને આશ્વાસન આપનાર સર્વનો આભાર.
મો. ૯૩૭૭૯ ૨૫૧૪૪

## છઠ્ઠી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. સદ્‌ગુણ સેમ્યુલ જાદવ**

જન્મઃ ૨૯-૧૨-૧૯૬૨


અવસાનઃ ૨૨-૦૭-૨૦૦૯

વ્હાલા સદ્‌ગુણ,

છઠ્ઠી પુણ્યતિથિ તું આવી, જૂની યાદો સાથે લાવી,
ઠીંગરાઈ ગયેલા હૃદયના સ્પંદનને જગાડવા તું આવી.
તિમિર ઘનઘોર જીવનના, બીડમાં એકલાં પડેલાં અમો,
થીજી ગયેલાં સ્મરણોમાં 'સદ્‌ગુણ' તમને શોધતાં અમો.
એકલ પંડે જીવી રહ્યાં અમો, તમ વિણ કોણ લે સંભાળ,
સહવાસના સમયે બન્યા, હતા તમો અમ ગોવાળ.
દયા, ક્ષમાની સૂરત તમો, સદા સદાચારી જીવન જીવ્યા.
ગુણગાન ગાવા પ્રભુનાં તમો, તેમના રાજમાં બિરાજ્યા.
જાણ નહોંતી જિંદગીની આવી થશે વિદાય અણધારી,
ને 'નાના' બનવાની ઘડીએ, છોડી ગયા અમો અભાગીજ.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું એજ આશા સાથે અમો,

**તમારી નીરુ, સુમિત, સોનિકા અને અર્પણકુમાર**
૧૧૧, પાવન પાર્ક સોસાયટી, વડોદરા

## છઠ્ઠી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. યાકુબભાઈ પીયુષભાઈ મેકવાન**

જન્મઃ ૧૯-૦૫-૧૯૩૧

અવસાનઃ ૧૧-૦૭-૨૦૦૯

વ્હાલા બાપુજી,

આપની વસમી વિદાયને છ વર્ષ પૂરાં થયાં.
આપના જવાથી ન પૂરાય એવી ખોટ અમને પડી છે.
તમારી યાદમાં આંખો ભીની થાય છે.
તમારું નેકીપણું ઉદ્યમ અને સહનશીલતા
અમને હંમેશાં પ્રેરણા આપતાં રહેશે.
અમારી રોજની પ્રાર્થનામાં, આપની દિવ્ય હાજરી અનુભવીએ.
અમારા સુખદુઃખમાં આપની પ્રાર્થનાની તાકાત માણીએ.
આપણે હરઘડી યાદ કરતા આપના કુટુંબીજનો
પિતા, પુત્ર અને પવિત્રઆત્મા
આપના દિવ્ય આત્માને ચિર શાંતિ બક્ષે એવી અમારી પ્રાર્થના.
"પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું."

પાવન પાર્ક સોસાયટી
વડોદરા

**આપની યાદમાં**
**એલીસાબેથ તથા કુટુંબ**

# પંખીની પાંખે

## ધર્મવસુધા

### પર્યાવરણ સુરક્ષા અંગે પરિપત્ર

**વેટિકનઃ** 'આપણા સહિયારા આશ્રયસ્થાનની માવજત' (On care for our common home) વિષય પર વડાધર્મગુરુ ફ્રાન્સિસે એક દસ્તાવેજ બહાર પાડ્યો છે, તેમાં માત્ર કેથલિકોને જ નહીં સમગ્ર માનવજાતને હાકલ કરી છે. – catholicvoicemedia

### ધર્મજન મિશનરીઓનું સંમેલન

**હોન્ગ કોન્ગ :** 'એશિયન ધર્મસભાઃ ધર્મઅંગીકારથી નવીનીકરણ' (The Church in Asia : From Conversion to Evangelisation) સૂત્રવિધાન સાથે ૨૨મે થી ૨૫મે ૨૦૧૫ સુધી, સંગઠનની સ્થાપનાની રજતજયંતી નિમિત્તે, કેથોલિક ધર્મજનોના સંગઠન દ્વારા ધર્મજન મિશનરીઓનું પ્રથમ સંમેલન યોજાયું હતું જેમાં એશિયન દેશ- કમ્બોડિયા, જાપાન, દ.કોરિયા, મલેશિયા, ફિલિપિયન્સ વગેરે માંથી ૫૦ જેટલા પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. અને ઈશ્વરની હાકલ અને શુભસંદેશની ઘોષણાની મધુર કથા વ્યથાની આપલે કરી હતી.

હોન્ગકોન્ગના મહાદેવાલયમાં, કાર્ડિનલ જોન ટોન્ગેએ ખ્રિસ્તયજ્ઞની ઉજવણી દ્વારા સંમેલનનો આરંભ કર્યો હતો. ખ્રિસ્તયજ્ઞ દરમિયાન કાર્ડિનલે ધર્મજનોને પોતાના શ્રદ્ધામતને જાણવા-ઓળખવા, ધર્મસભા સાથેના ઐક્યને મજબૂત કરવા અને દયાકૃત્ય દ્વારા તેને વ્યક્ત કરવા શીખ આપી હતી. સુધન્ય મધર થેરેસાની જેમ 'સેવા દ્વારા વિશ્વશાંતિ' માટે તેમણે અપીલ કરી હતી. સંત ફ્રાન્સિસ ઝેવિયરના ઉદાહરણને નજર સમક્ષ રાખી, શુભસંદેશની ઘોષણામાં સતત મંડ્યા રહેવા તેમણે ભાર મૂક્યો હતો. સંમેલનમાં ઉપસ્થિત પ્રતિનિધિઓએ, કાર્ડિનલના આદેશને શિરોમાન્ય રાખી, અવારનવાર આવાં સંમેલન દ્વારા નવજાગૃતિ મેળવવા આશા વ્યક્ત કરી હતી.

– AGENZIA FIDES

### દાવાનલમાં દિવ્યદયા

**લાહોર (પાકિસ્તાન) :** 'ખ્રિસ્તના એક અનુયાયી તરીકે, ચોતરફના આતંકના દાવાનલ વચ્ચે પણ, પરમાત્માની દિવ્યદયાનો અનુભવ પાકિસ્તાન સ્થિત ખ્રિસ્તીઓ કરી રહ્યા છે. કત્લેઆમ અને સતામણી તો અહીં રોજબરોજની ઘટના બની ગઈ છે ત્યારે ખ્રિસ્તી સમુદાયનો વિશ્વાસ વધારે મજબૂત બની રહ્યો છે. ઘરના વડીલો, વારસદારોને કોઈપણ સંજોગોમાં અચળ રહેવા અનુરોધ કરે છે અને એ જ પાકિસ્તાનની ધરતી પર ધર્મસભાની જીવંત દાસ્તાન છે.' એમ ફાધર વસીમ વોલ્ટરે (નેશનલ ડાયરેક્ટર ઓફ ધ પોન્તિફિકલ મિશન સોસાયટી) તાજેતરમાં છાશવારે પાકિસ્તાનમાં ખ્રિસ્તીઓ પર થતા હુમલાઓના સંદર્ભમાં બ્યાન આપ્યું હતું.

સેન્ટર ફોર લીગલ એઈડ આસિસ્ટન્સ એન્ડ સેટલમેન્ટ, સ્વૈચ્છિક સંસ્થાના નિયામક નાસિર સૈયદે આ સંદર્ભમાં ફિદેસને એક નોંધ મારફતે જણાવ્યું હતું કે : 'ખ્રિસ્તીઓ સતત સતામણીનો ભોગ બનતા રહે છે. નિશ્ચિત જૂથ 'ઈશ્વરનિંદા'ના કાયદાની ઓથે ખ્રિસ્તીઓ પર હુમલા કરે છે અને સમયાંતરે ખ્રિસ્તીઓનાં દેવળ, ઘર, સંપત્તિનો નાશ કરે છે. મને લાગે છે કે સરકારે તટસ્થભાવે આવી ઘટનાઓની તપાસ કરી. ખ્રિસ્તીઓની હિંસા કરનાર તત્વોને સબક શીખવાડવો જોઈએ.'

– AGENZIA FIDES

### પર્યાવરણસુરક્ષા અગ્રક્રમે

**જીનીવા :** વિશ્વ આરોગ્ય સમિતિની સયુંક્ત સંઘની સામાન્ય સભામાં જાહેર સંબોધન કરતાં વેટિકનના પ્રતિનિધિ આર્ચબિશપ સિલ્વાનો તોમાસીએ, વિશ્વ ધર્મસભાની પર્યાવરણ સુરક્ષા અંગેની ચિંતા વ્યક્ત કરી હતી અને પર્યાવરણ સુરક્ષાદિન કાર્યક્રમને અગ્રિમતા આપવા અનુરોધ કર્યા હતો. 'પ્રકૃતિ સાથેના તાલમેલને કારણ પૂર્વ વડાધર્મગુરુ બેનેદિક્ત સોળમા 'ગ્રીન પોપ' તરીકે જાણીતા બન્યા હતા, વર્તમાન વડાધર્મગુરુ ફ્રાન્સિસ 'આબોહવા ન્યાય' સંદર્ભે શિક્ષણ અંગે એક વિશેષ પરિપત્ર તૈયાર કરી રહ્યા છે.' જણાવી ધર્મસભાના પ્રકૃતિસંગનો ખ્યાલ આપ્યો હતો. વિશેષમાં તાજેતરમાં વેટિકન ખાતે યોજાયેલ 'આબોહવામાં ફેરફાર' અંગેના અધિવેશનનો અહેવાલ આપ્યો હતો જેમાં વિવિધ ધર્મના ધર્મગુરુઓ અને વિજ્ઞાનીઓ એક મંચ પર ભેગા થયા હતા અને પર્યાવરણ સુરક્ષાના પ્રશ્ને કોઈપણ રીતે સમાધાન કરવા ઈન્કાર કર્યો હતો.

'વિશ્વના ધનિક દેશોએ, વિકસિત દેશોને દત્તક લઈ, પર્યાવરણ પ્રદૂષણ અંગે સભાન કરી, પર્યાવરણ સુરક્ષા માટે બળત્તર બનાવવા નૈતિક જવાબદારી ઉપાડવી જોઈએ.' એમ પણ વિનંતી આર્ચબિશપે કરી હતી.

– CATHOLIC CULTURE.ORG

### ભૂકંપની જાનહાનિથી બચાવ

**ઓબલદુર્ગ (નેપાલ) :** ડિકન તેક રાજ પાઉદેલની પુરોહિતદીક્ષામાં તેકરાબારીના ખ્રિસ્તી તેમજ બિનખ્રિસ્તી ગ્રામજનો ૨૫ એપ્રિલ, ૨૦૧૫ના રોજ ઉમટી પડ્યા હતા પરિણામે ધરતીકંપની ભારે જાનહાનિમાંથી ગ્રામજનોનો અદ્ભુત રીતે બચાવ થયો હતો. 'ધરતીકંપ અને તે પછી ઉપરાછાપરી ધ્રૂજારીમાંથી ગ્રામજનો કેવી રીતે બચવા પામ્યાં, તેની વાત સૌ કોઈને જણાવતાં હજુ પણ તેમનો આનંદ સમાતો નથી.' એવું નવદીક્ષિત પુરોહિત ફાધર પાઉદેલે રજિસ્ટર સમક્ષ ૮મેના રોજ એકરાર કરતાં જણાવ્યું હતું, 'નેપાલની રાજધાની ખટમંડુંથી ઉત્તરપૂર્વમાં ૧૨૫ કી.મી. દૂર અને હિમાલય પર્વતમાળામાં, ભૂકંપ કેન્દ્રની અડોઅડ ગામમાં ૯૩ મકાન જમીનદોસ્ત થઈ ગયાં છે, ૩૫૯ મકાનો ખરાબ રીતે પ્રભાવિત થયાં છે, તેમ છતાં દીક્ષાવિધિમાં ઉપસ્થિત લોકો જાનહાનિથી બચી ગયા છે. માત્ર એક નાની છોકરીને થોડી ઈજા થઈ છે. જ્યારે જોડેના ગામમાં અનેક ડઝન લોકો મરણ પામ્યા છે.' એમ ૪૨ વર્ષીય ઈસુસંઘી પુરોહિતે અનુમોદન આપ્યું હતું. ગામના ખ્રિસ્તીઓ તેમજ બિનખ્રિસ્તીઓ તેને પુરોહિતનો આર્શીવાદ જ માને છે.

– NATIONAL CATHOLIC REGISTER

## ધર્મભારતી

### પહેલ પ્રથમ

**મુંબઈ :** ૫૮ વર્ષીય મેનેઝેસ, મસ્કેરાનસની નિવૃત્તિ બાદ, જૂન-૨૦૧૫ના અંત સુધીમાં સેંટ ઝેવિયર્સ કોલેજના આચાર્ય તરીકે કાર્યભાર સંભાળશે. ૧૮૬૯માં શરૂ થયેલ આ કોલેજમાં ૧૬૪ વર્ષ બાદ કોઈ ઈસુસંઘી પુરોહિતને બદલે એક ધર્મજન, કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી તેમજ હાલમાં અર્થશાસ્ત્ર વિભાગના મુખ્ય પ્રાધ્યાપક આગ્નેલો મેનેઝેસની કોલેજના નવા આચાર્ય તરીકે નિમણૂંક કરી છે.

**રાયપુર :** ૧૮ મે, ૨૦૧૫ના રોજ સુજ્ઞશ્રી મુર્મુએ, એક પ્રથમ આદિવાસી મહિલા તરીકે રાજભવનમાં 'રાજ્યપાલ'ના શપથ ગ્રહણ કર્યા હતા. રાજ્યના મુખ્યમંત્રી રાગ્જુબેર દાસ તેમજ મંત્રીમંડળના પ્રધાન અત્રે ઉપસ્થિત રહ્યા હતા. ૨૦ જૂન, ૧૯૫૮માં જન્મેલાં મુર્મુ બે વખત ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે ચૂંટણીમાં વિજેતા બન્યાં હતાં અને છેલ્લે વાહનવ્યવહાર તથા વાણિજ્ય વેરા વિભાગમાં કેબિનેટ મંત્રી તરીકે કાર્યરત હતાં. – ucanews

### નો 'ફાધર'

**રાંચી (છત્તીસગઢ) :** મહાસામુન્દ જિલ્લાધિકારી દ્વારા તાજેતરમાં સત્તાના ગેરબંધારણીય ઉપયોગની ઘટના બહાર આવી છે. ઓક્સિલરી બિશપ મોન્સિગર થિયોદોર મસ્કેરાનસના જણાવ્યા અનુસાર 'દેશની અણુમત્તી પણ રાષ્ટ્ર નિર્માણમાં મહત્તમ યોગદાન આપનાર પ્રજા પર વર્તમાન સરકાર પરેશાન અને પજવણી કરવામાં કોઈ કસર છોડતી નથી.'

શાસનાધિકારીઓએ પરિપત્ર બહાર પાડી, વિદ્યાર્થીઓને, ખ્રિસ્તી સંસ્થાઓમાં 'ફાધર' તરીકે સંબોધન કરવા મનાઈ ફરમાવી છે અને પ્રાચાર્ય (સાહેબ) તરીકે સંબોધન કરવા આગ્રહ કર્યો છે. છેલ્લા કેટલાક મહિનાઓથી કટ્ટરવાદીઓ ખ્રિસ્તી મિશનરીઓ પાછળ થઈ ગયા છે! બસ્તર જિલ્લામાં કેટલાંક ગામડામાં પણ જનકલ્યાણની પ્રવૃત્તિઓમાં તેઓ અવરોધ ઉભો કરી રહ્યા છે.

### 'દલિત ખ્રિસ્તી' અંગે પુસ્તક

**વિલ્લુપુરમ્ (તમિલનાડુ) :** સમાનતા અને ન્યાય માટેની દલિત ખ્રિસ્તીઓની સંઘર્ષકૂચનું આલેખન કરતું પુસ્તક 'દલિત ક્રિશ્ચિયન માર્ચ ટુવડર્સ ઈક્વાલિટી એન્ડ જસ્ટીસ : અ સોસિયો ઈકલિઝિયલ એન્ગેઝમેન્ટ (Dalit Christian March towards Eduality and Justice - A Socio Ecclesial Engagement) નું વિમોચન ૨૭ મે, ૨૦૧૫ના રોજ થયું.'

નેશનલ બિબલિકલ કેટેકેટિકલ લિર્ટજિકલ સેન્ટર બેંગ્લોરમાં જાન્યુ. ૨૭ થી ૨૮ દરમિયાન યોજાયેલ રાષ્ટ્રીય શિબિરમાં દલિત ખ્રિસ્તીઓના સમાનતા અને ન્યાય સંબંધિત સંશોધનપત્ર, પ્રસ્તાવ અને કાર્યક્રમનું આલેખન આ પુસ્તકમાં થયું છે. ધર્મસભા અને સમાજમાંથી અસમાનતા દૂર કરી ન્યાયી સમાજ-ધર્મસભાની રચના કરવા બિશપ નીિત્તનાથને ભારપૂર્વક આગ્રહ કર્યો હતો. 'આપણી કર્તવ્યનિષ્ઠાને વધારે સક્ષમ બનાવી, દલિત ખ્રિસ્તી ભાઈ-બહેનોના અધિકારનું સંરક્ષણ કરી, તેમને ન્યાય મળે તેવા પ્રયાસ કરવા જ જોઈએ.' એમ તેઓએ ઉમેર્યું હતું.

– Matters India

### એગ્રિકલ્ચરલ કોલેજ

**સુલ્કોરના (ગોઆ) :** નવી એગ્રિકલ્ચરલ કોલેજની માન્યતા આપવા, યુનિર્વસિટીની તપાસ સમિતિએ, દોન બોસ્કો કૃષિ સંકુલની ૨૫ મેના રોજ મુલાકાત કરી, નવા શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ થી કૃષિ સ્નાતકનો ચાર વર્ષનો અભ્યાસક્રમ આરંભ કરવા મંજૂરી આપી છે સાઠના દાયકામાં હ્યુમ્બેરટો મસ્કેરાનસની ઉદાર સખાવતને કારણે પંજિમ પ્રાંતના સલેશિયન પરિવારને ૮૧૦ એકર જેટલી વિશાળ જમીન દાનમાં મળી હતી, જેમાં બાગાયત ખેતી સાથે ખેતમજૂરોનાં બાળકો માટે છાત્રાલય, સરકારી અનુદાનવાળી પ્રાથમિક શાળાનો આરંભ કર્યા હતો.

દોન બોસ્કો જન્મ દ્વિશતાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે કૃષિ મહાવિદ્યાલય શરૂ કરવા નક્કી કર્યું જેને સરકારે માન્યતા આપી છે. દોન બોસ્કોના માતા મારિયા - ખ્રિસ્તીઓના સહાયક માતાના તહેવારદિન ૨૫ મે, ૨૦૧૫ ના રોજ આ માન્યતા મળી હોવાથી, માતા મારિયાના આશીર્વાદનો સંકેત પણ સલેશિયન જુએ છે. – BIS

### પ્રચાર માધ્યમો પાસેથી અપેક્ષા

**કેરલ :** સરકારની નશા વિષયક નીતિને પ્રોત્સાહન ન આપવા બદલ પ્રમુખશ્રી વી.એમ. સુધીરણે કેરલ લેટિન કેથોલિક એસોસિયશનના વાર્ષિક સંમેલન પ્રસંગે ૧૭ મેના રોજ જાહેરમાં પ્રચાર માધ્યમોની ધોલાઈ કરી હતી. રાજ્યની નશા વિષયક નીતિને પરિણામે ૨૦૧૪-૧૫ના જાહેર નાણાં વર્ષ દરમિયાન અગાઉના વર્ષ કરતાં દારૂની વપરાશ ૨.૩૫ કરોડ લિટર ઓછી થઈ છે, તેની નોંધ પ્રચાર માધ્યમોએ કરી નથી, એવો આરોપ મૂક્યો હતો. લઘુમતીના હક્કના રક્ષણ અને માછીમારોના કલ્યાણની યોજનાઓ દ્વારા લોકશાહીના રક્ષણ માટે તેમણે માધ્યમોને અનુરોધ કર્યો હતો. 'વિવિધ સમિતિઓના નેજા હેઠળ સરકારે નવા કાયદા પ્રજા પર લાદી દીધા છે' એવો વિરોધ કરતાં સિરો મલબાર ચર્ચના કાર્ડિનલ જ્યોર્જ એલનચેરીએ 'રાજકીય પક્ષોને પોતાની યોજનાઓ અંગે વિચારવંતા કરવાનું કામ ધર્મગુરુઓ કરે છે જ' એમ જાહેર કર્યું હતું. – New Indian Express

### ખેડૂતોનાં ધરણાં

**કેરલ :** ખેડૂતોનાં જીવન અને તેમની સંપત્તિની સલામતી તેમજ ખેતી વિષયક ઉત્પાદનના ટેકારૂપ ભાવની માગણી સાથે ધર્મસભા સંલગ્ન બે ડઝન જેટલા ખેડૂત સંગઠનોએ એક દિવસના ધરણા-ઉપવાસ પર બેસી સરકારી નીતિનો વિરોધ કર્યો હતો. 'ખેડૂતો કોઈપણ રાજકીય પક્ષને વખોડવા માગતા નથી પણ તેમની ન્યાયી માગણીનો સ્વીકાર થવો જોઈએ.' એવો આગ્રહ બિશપ મેથ્યુ અરાકલે આ ટાણે કર્યો હતો, તેમણે ખેડૂત સંઘને સંગઠિત બનીને, ન્યાય મળે ત્યાં સુધી લડત આપવા પ્રોત્સાહન આપ્યું હતું. અત્રે ખેડૂતોની ન્યાયી માંગણીનું આવેદનપત્ર પણ જાહેર કર્યું હતું.

– The Hindu.com

## ધર્મગુર્જરી

### બાઈબલ કવિઝ

**નડીઆદ :** સેંટ મેરીસ પેરીશ સ્થિત સર્વોદય સોસાયટીના યુવાનોએ તાજેતરમાં 'સર્વોદય યુથ ગ્રુપ'ની રચના કરી, જેમણે મે, ૨૦૧૫માં સોસાયટીમાં માતા મારિયાની મે મહિનાની ભક્તિનું આયોજન કર્યું હતું, જેમાં ગુલાબમાળા સાથે વખતોવખત પવિત્ર ખ્રિસ્તયજ્ઞની ઉજવણી પણ કરવામાં આવી હતી. અંતે સંત યોહાનના ગ્રંથ આધારિત બાઈબલ કવિઝ રાખવામાં આવી હતી જેમાં ૬૨ ધર્મજનોએ ભાગ લીધો હતો, વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. વિશેષમાં આ જ ગ્રુપ દ્વારા તાબાના ૭૫ ગરીબ બાળકોને ફૂલસ્કેપ ચોપડાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

— સર્વોદય યુથ દ્વારા

### માતા યશોદા એવોર્ડ

**આણંદ :** મૂળગામ સુણાવના અને હાલમાં જિસસનગરમાં સ્થિત શ્રીમતી કમળાબેન અશોકભાઈ વાઘેલા, છેલ્લાં સાત વર્ષથી આંગણવાડીમાં તેડાગર તરીકે સેવા બજાવે છે, ગુજરાત સરકાર દ્વારા સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ આંગણવાડી તેડાગર તરીકેની શ્રેષ્ઠ સેવા કરવા બદલ, નગરપાલિકા કક્ષાનો વર્ષ ૨૦૧૩-૧૪નો માતા યશોદા એવોર્ડ એનાયત કરી તેમને સન્માનિત કરવામાં આવ્યાં હતાં, જેમાં તેમને પ્રમાણપત્ર, રૂા. અગિયાર હજારનો ચેક દ્વારા પુરસ્કાર તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. જિસસનગર ધર્મવિભાગના ધર્મજનો કમળાબેનના આ સન્માનથી ગૌરવ અનુભવે છે. અભિનંદન કમળાબેન. — મોસીસ બી. મેકવાન દ્વારા

### 'બાઈબલ પરિવાર'નું સેવાકાર્ય

**આણંદ :** પૂજ્ય ફાધર જીમ્મી ડાભીના આશીર્વાદથી 'બાઇબલ પરિવાર'ની સ્થાપના ૧૯૯૭માં થઈ હતી, જેમાં પંદરેક સભ્યગણ છે. ૨૩મે ૨૦૧૫ના રોજ રાહતલાવ (લીમડાપુરા)ના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આ બાઇબલ પરિવાર દ્વારા વિનામૂલ્યે ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. મોટાભાગે પરિવારના સભ્ય જ આ આર્થિક બોજો સ્વેચ્છાએ ઉપાડે છે, ક્યારેક કોઈ દાતા તરફથી પણ સેવાકાર્ય માટે દાન મળતું હોય છે. બાઈબલ પરિવારના સભ્યગણને અભિનંદન. — જોસેફ પી. શાહ દ્વારા

### ડોંગર માવલી મેળામાં

**દૂધની (દ.ગુજરાત) :** મે-૨૦૧૫ના અંતિમ દિવસમાં વડોદરાથી ચાળીસ શ્રદ્ધાળુઓએ ડોંગર માવલી માતાના મેળામાં ભાગ લીધો હતો. 'ઈસુ-જીવંત જલનું ઝરણું' દેવાલયમાં ખ્રિસ્તયજ્ઞમાં ભાગ લેતાં શ્રદ્ધાળુઓનું મન હરખી ઉઠ્યું હતું. દેવાલયમાં ક્રોસ નીચેથી જલનું ઝરણું સતત વહ્યા કરે છે, આ ઝરણા માટે મધુવન ડેમમાંથી પાણીની લાઈન દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે, જે કુદરતી ઝરણાનો અહેસાસ કરાવનારી આ કરામત કાબિલેદાર છે. ત્યારબાદ ૧૫૦ ફૂટ ઉંચા ડુંગર પર પવિત્ર માતા મારિયાના દર્શન, દમણના પ્રાચીન દેવળ, દરિયાકિનારો અને ખાનવેલમાં વિવિધ ગાર્ડનની મુલાકાતે ભક્તિ સાથે કુદરતનો સંગ પણ સાનુકૂળ રહ્યો. — સોનલ એસ. મેકવાન દ્વારા

### કાદકિર્દી માગદર્શન

**ઉમરેઠ :** સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ, એરિયા કાઉન્સિલ ઓફ ખેડા દ્વારા, ધોરણ-૧૦ અને ૧૨ના માર્ચ-૨૦૧૫ના પરીક્ષાર્થીઓ માટે તા. ૩૧ મે, ૨૦૧૫ના રોજ કારકિર્દી માગદર્શન શિબિરનું આયોજન કર્યું હતું જેમાં ઉમરેઠ, ઠાસરા, પાલૈયા, નડિયાદ (નિર્મલ મિરિયમ અને મિશન રોડ)ના ૩૩ ભાઈબહેનોએ ભાગ લીધો હતો. વ્યવસાયિક માગદર્શનના એક્કા શ્રી ફ્રાન્સિસ કાનીસ અને યુવા તાલીમકાર શ્રી શૈલેષ ક્રિસ્ટી ઉપસ્થિત રહ્યા હતા જેમણે વિદ્યાર્થી ભાઈબહેનોને વિવિધ અભ્યાસક્રમની માહિતી આપી હતી અને સાહસિક બની જોખમ ખેડી, રસરુચિ-આવડત અનુસાર ઉત્તમ કારકિર્દી પસંદ કરવા તથા ધ્યેય પ્રાપ્ત કરવા પ્રેરણા આપી હતી.

કેટલાક વાલીગણ તેમજ સોસાયટીના સભ્યગણે પણ માગદર્શનનો લાભ મેળવ્યો હતો. મહિના અગાઉ પણ જાહેરાત કર્યા છતાં એરિયા કાઉન્સિલ ખેડાના નેજા હેઠળની કેટલીક કોન્ફરન્સ કે ઉમરેઠ ડીનરીના કેટલાંક ધર્મવિભાગમાંથી એકપણ વિદ્યાર્થી હાજર ન હતો! — નિમેષ રાઠોડ દ્વારા

### અભિનંદન

**આણંદ :** ડો. નિશા મેકવાનના મહાનિબંધ Thesis Entitled "Evaluating Effectneness of Fuzzylogic As An Interface for Artificial Neural Networr" સરદાર પટેલ યુનિવર્સિટીએ સ્વીકારી તેઓને તા. ૦૧-૦૬-૨૦૧૫, સોમવારના રોજ Ph.D. (Computer Science)ની ડીગ્રી એનાયત કરી છે.

આ સિદ્ધિ હાંસલ કરી, પરિવાર તથા કેથલિક સમાજનું ગૌરવ વધાર્યું છે. હાર્દિક શુભેચ્છા અને યશસ્વી કારકિર્દીની શુભેચ્છાઓ.

— શ્રી પીટર મેકવાન 'દ્વિતારક' દ્વારા

### હાકલ શિબિર

**અમદાવાદ:** ગુજરાત ઈસુસંઘ હાકલ પ્રોત્સાહક સમિતિએ તાજેતરમાં કેરલ, તમિલનાડુ, કર્ણાટક, વસાઈ, છોટાનાગપુર, આંધ્રપ્રદેશ અને ગુજરાતના ધર્મવિભાગ, શાળાઓની મુલાકાત કરી હતી અને હાકલને પ્રોત્સાહન આપ્યું છે.

ગુજરાતમાં નેત્રંગ, વ્યારા અને વડોદરામાં માર્ચથી મે મહિના દરમિયાન એકંદરે અઠવાડિયાની હાકલ શિબિર યોજાઈ, જેમાં અનુક્રમે ૪૮, ૬૦ અને ૩૨ યુવાનોએ ભાગ લીધો હતો. વિશેષમાં ફૂલવાડી(ધરમપુર)માં વસાઈના ૩૨ યુવાનોએ હાકલ શિબિરમાં હાજરી આપી હતી. તમિલનાડુમાં યુવાનો સાથે માબાપનું સ્નેહમિલન પણ યોજાયું હતું.

પ્રત્યેક શિબિરમાં હાકલ અંગેની માહિતી, મિશનકેન્દ્ર તથા મિશનરીઓના અનુભવ યુવાનો આગળ રજૂ કરવામાં આવ્યા હતા. કેટલેક ઠેકાણે પદયાત્રા અને પુણ્યસપ્તાહની ઉજવણીમાં પણ યુવાનોએ ભાગ લીધો હતો. પ્રત્યેક શિબિરમાં પ્રોત્સાહકોનો પ્રયાસ કદરદાની અને યુવાનોનો ઉત્સાહ પણ હકારાત્મક રહ્યો હતો. - સૌજન્ય : GJS



### મક્કમ મનોબળના માર્ગે

હરિયાણાના બાલિગ્રામના રહેવાસી કુસ્તીબાજ મહાવીર સિંઘના જીવન પર આધારિત એક ફિલ્મ (દંગલ) બની રહી છે, જેમાં બાયોપિકમાં કુસ્તીબાજ પોતાની બે દીકરીઓને કુસ્તીની રમતમાં ઐતિહાસિક વિજય મેળવવા કઈ રીતે તૈયાર કરે છે, તેની કથા વણી લેવામાં આવી છે. કોમનવેલ્થ ગેમ્સ ૨૦૧૦માં ગીતા, સુવર્ણપદક અને નાની બેન બબીતાએ રૌપ્યચંદ્રક મેળવી રમતગમત ક્ષેત્રમાં કુસ્તીબાજ મહિલા તરીકેની ઐતિહાસિક જીત હાંસલ કરી રહી હતી.

આવી જ એક વિજયકથા હર્ષ પરમારના જીવનમાં આકાર લઈ રહી હોય એમ તેના પિતાજીના ભરપૂર પ્રયાસોને કારણે મને લાગે છે! મૂળ ભાનેરના હાલમાં ચાવડાપુરામાં ભાડાના મકાનમાં રહેતાં વેરોનિકાબેન અને રમેશભાઈનો દીકરા, હર્ષે માર્ચ - ૨૦૧૫માં દશમા ધોરણની પરીક્ષા માટે સેંટ ઝેવિયર્સ ચાવડાપુરામાંથી પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ કરી, ડી.એન.હાઈસ્કૂલ આણંદમાં ધોરણ-૧૧ (સામાન્ય પ્રવાહ)માં પ્રવેશ મેળવ્યો છે, જ્યાં સંચાલક મંડળે તેની કાબેલિયત પારખી ૫૦% ફી માફીની પ્રથમ બક્ષિસ આપી છે અને રાયફલ શુટિંગ માટે અલાયદી વ્યવસ્થા ઉપલબ્ધ કરી છે.

હર્ષ પાસે તેના વજન કરતાં વધી જાય તેટલાં પ્રમાણપત્ર, તેની બમણી ઉંચાઈને પ્રસ્થાપિત કરે છે. તબલા અને કેસિયો વગાડવાનો શોખીન હર્ષે ગિટારની તાલીમ પણ મેળવી છે. વેશભૂષામાં અગ્રક્રમે રહેનાર ઓલ રાઉન્ડર ખેલાડી - એથલેટિક્સથી માંડી સ્વિમિંગ, ક્રિકેટ, સાઈકલિંગ, ફુટબોલ, પર્વતારોહણ, કરાંટે, રાયફલ શુટિંગ, ઘોડેસ્વારી વગેરેમાં પગદંડો જમાવી શક્યો છે. ક્રિકેટમાં કપ્તાની કરનાર હર્ષે અમાયર લેવલ-૧ પરીક્ષા પણ પાસ કરી છે. શાળેય, તાલુકા-જિલ્લા-રાજ્યકક્ષાની અનેકવિધ રમતમાં ખેલમહાકૂંભમાં તેમજ રાજ્ય રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ-ગાંધીનગર આયોજિત કોચિંગ કેમ્પમાં પસંદગી પામ્યો છે, સ્પર્ધામાં વિજેતા બન્યો છે. ક્રિકેટ, સાઈકિલિંગ તેમજ રાયફલ શુટિંગમાં આગળ ધપવાનો હર્ષનો ઉત્સાહ છે અને પપ્પાનું પ્રોત્સાહન છે.

હર્ષની સિદ્ધિથી પ્રભાવિત એક સદ્‌ગૃહસ્થે નામ જાહેર ન કરવાની શરતે જૂન-૨૦૧૫માં જ રૂા. ૧૩,૮૦૦/-ની એર પિસ્તોલ મહાવરા માટે ભેટ આપી છે. રાયફલ શુટિંગના સમર કોચિંગ કેમ્પ - ૨૦૧૫માં સમગ્ર રાજ્યના ૪૭ ખેલાડીઓમાં, આણંદ જિલ્લાનો એકમાત્ર ખેલાડી હર્ષ હતો. રાષ્ટ્રીય કક્ષાએ સ્પર્ધામાં ઉતરવા એર રાયફલ (અંદાજિત કિંમત ૧,૩૦,૦૦૦/-) તેના માટે હાલમાં સ્વપ્નની વાત છે! એજ પ્રમાણે સાયકલિંગ રેસ માટેની સાયકલ (અંદાજિત કિંમત ૨,૫૦,૦૦૦/-) અંગે તે વિચારી પણ શકે એમ નથી.

મોટી દીકરી નર્સિંગના અભ્યાસમાં અને પત્ની નર્સિંગ વ્યવસાયમાં જોતરાયેલાં છે ત્યારે રમેશભાઈએ હર્ષના સર્વાંગી વિકાસ માટે પોતાના કામને તિલાંજલિ આપી છે. સવારે વહેલા જાગવું નિયમિત વ્યાયામ - તાલીમ માટે હર્ષને લઈ જવો, શાળામાં મૂકવો એ જ એમની નિત્ય પ્રવૃત્તિ છે. દિવ્યદયા પર અખંડ ભરોસો રાખનાર અને અનાથોની માતાને શરણે રહેનાર એક પિતાની ધગશ અને પુત્રની મહત્ત્વકાંક્ષા જરૂરથી પ્રયાસમાં સફળતા અપાવશે.

છેલ્લા સમાચાર પ્રમાણે હર્ષ શ્રી નટવરસિંહજી ક્રિકેટ હોસ્ટેલ - પોરબંદર ખાતે અભ્યાસકાળ દરમિયાન એક ખેલાડી તરીકે પ્રવેશ માટે પસંદગી પામ્યો છે! જ્યાં રહેવા-ભોજન, ક્રિકેટનાં સાધનો, ગણવેશ વિનામૂલ્યે પૂરાં પાડવામાં આવશે. અભિનંદન.

હર્ષ, પરિવાર-સમાજનું ગૌરવ આભૂષણ બને તે માટે આપણી સૌની શુભેચ્છા. — શૈલેષ મેકવાન (ચાવડાપુરા)

### પ્રભુ - એક સહારો

ગુજરાતની એક યુવતી ૧૯૮૬માં સાધ્વીસંઘમાં પ્રવેશ કરે છે અને ૧૯૮૮-૧૯૮૯ના બે વર્ષ માટે બેંગ્લોરમાં નોવિશિયેટમાં અંતિમ ચરણમાં અભ્યાસરત છે અને ત્યાં જ પહેલી જુલાઈ ૧૯૮૯ના રોજ તેના પર જાણે આભ ફાટી પડ્યું હોય એવા માઠા સમાચાર તેને મળ્યા. ઘરમાં વૃદ્ધ માબાપને બે જ સંતાન, એક પોતે અને બીજો નાનો ભાઈ. તેનાં લગ્ન થયાં હતાં અને ત્રણ દીકરીઓનો પરિવારમાં જન્મ અને ત્યાં જ આ ભાઈનું અચાનક નાની બીમારીમાં જ મૃત્યુ. નોવિશિયેટમાંથી નાના ભાઈના દફન માટે ઘેર આવી.

ઉપરીએ એકાદ મહિનાની રજા આપી. આગળ વધવું કે ઘેર પરત આવવું તેવો વિચાર-નિર્ણય સ્વજનો સાથે કરવા સ્વતંત્રતા આપી. લાંબા વિચારના અંતે ભાભીના શબ્દો — 'તમે બેંગ્લોર જાઓ, ઘર હું સંભાળીશ. માબાપની ચાકરી કરીશ, લગીરેય ચિંતા ન કરશો' એ યુવતીને પ્રતિપોષણ મળ્યું અને તે પાછી ગઈ. ૧૯૯૦માં તેણે પ્રથમ વ્રત અને ૧૯૯૬માં આજીવનવ્રત અંગીકાર કર્યા. આ વર્ષે ૨૪ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ સંન્યસ્તજીવનનાં ૨૫ વર્ષ તેણે પૂર્ણ કર્યા, જેની ઉજવણી તેના વતન લીંગડા (ઉમરેઠ ધર્મવિભાગ)માં ૨૮મે, ૨૦૧૫ના રોજ કરવામાં આવી.

જીવનના અનેક ચડાવઉતાર પાર કરીને સંન્યસ્ત જીવનની રજતજયંતી ઉજવવા હકદાર સિ. પુષ્પા રોઝ, સ્વ. મગનભાઈ મેકવાન અને ગં. સ્વ. રતનબેનની મોટી દીકરી. વ્રત ધારણ કર્યા પછી ઘણાં વર્ષ સુધી ઉત્તરપૂર્વ ભારતમાં સેવા આપી. શાળામાં શિક્ષણ, ઘરમાં ઉપરી, છાત્રાલયમાં સંચાલિકા, ધર્મવિભાગમાં મહિલા સંયોજક અને નાગપુર પ્રાંતમાં આધ્યાત્મિક સાધના (રીટ્રીટ આપવી) જેવી અનેકવિધ સેવા તેમણે આપી છે. મૈસુરમાં દેવવિદ્યાનો અભ્યાસ અને ગોવામાં ઉમેદવાર ઘડતરની તાલીમ મેળવી હાલમાં ૨૦૧૨થી સલેશિયન મિશનરીઝ ઓફ મેરી ઈમ્માક્યુલેટ સાધ્વીસંઘ નાગપુર પ્રાંત (ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્ય)માં સંન્યસ્તજીવન માટે ઉમેદવાર યુવતીઓના ઘડતરની કઠિન જવાબદારી નિભાવે છે, તદુપરાંત પ્રોવિન્શિયલના કાઉન્સિલર તરીકે પણ સેવા આપે છે.'

ભાઈના મૃત્યુ સમયે, સિસ્ટર પુષ્પાથી જુનિયર આણંદની એક યુવતી સાધ્વીબહેન ચંદ્રિકા (હાલમાં વિલાસપુર, છત્તીસગઢ)

એ પોતાના પપ્પાને એક સામાન્ય ચિઠ્ઠી લખી, અજાણ્યા પરિવારને મદદરૂપ બનવા સૂચન કર્યું હતું અને તે દિવસથી આજદિન સુધી શ્રી રાયમુન્દભાઈ જાદવે (આણંદ), સિસ્ટર પુષ્પાના પરિવારમાં એક વડીલની જવાબદારી નિભાવી છે. જાણીને આશ્ચર્ય થશે કે સિસ્ટરની બે ભત્રીજીઓનાં લગ્નમાં હાજરી આપી રોકડ અને દાગીનાની ભેટ આપી છે, વળી સિસ્ટરની રજતજંયતીનો તમામ ખર્ચ માથે પાડ્યો છે. ધન્ય છે જે યુવતીએ, જેણે પરપીડામાં ભાગીદાર બનવા પપ્પાને વિનંતી કરી અને અભિનંદન એ પપ્પાને જેમણે દીકરીના સૂચનને સ્વીકારી એક અજાણ્યા પરિવારનો હાથ થામ્યો.

૨૮ મે, ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે અમદાવાદ ધર્મપ્રાંતના વિકર જનરલ ધર્મગુરુ રોકી સાથે ઉમરેઠ ડિનરીના ડિન ધર્મગુરુ આઈઝેક, એસ.ડી.બી.એ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો. જેમાં સાધ્વીબહેનનાં સ્વજનોએ ઉત્સાહપૂર્ણ ભાગ લીધો હતો અને સન્માન કાર્યક્રમમાં સાધ્વીબહેનનું બહુમાન કર્યું હતું. ખ્રિસ્તયજ્ઞ દરમિયાન ધર્મગુરુ રોકીએ સંન્યસ્તજીવન વર્ષને ધ્યાનમાં રાખી આ ઉજવણીને પર્વ ગણાવી, એક સંન્યસ્તના જીવનની હાડમારી વર્ણવી પ્રભુને એકમાત્ર સહારો ગણવા શીખ આપી હતી. પ્રતિભાવમાં સાધ્વીબહેન પુષ્પાએ પોતાના જીવનની કથાવ્યથા જણાવી. કેવી રીતે પ્રભુ, તેમનો અને તેમના પરિવારનો એકમાત્ર સહારો બની રહ્યા છે, તેની જુબાની આપી. ભાભી પુષ્પાબહેન અને માતા રતનબહેન સાથે મરિયામબહેન તથા રાયમુન્દભાઈની આંખો આંસુ છલકાવી રહી હતી.

અનેકના અંતરને અજવાળનાર સાધ્વીબહેન પુષ્પાને સૌએ અભિનંદન પાઠવ્યાં અને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છા પાઠવી.

— ગોવિંદભાઈ ગોહેલ (લીંગડા)

**આગેવાની વિકાસ કાર્યક્રમ**

ગામડી (આણંદ) : ૨૬ એપ્રિલ ૨૦૧૫ના રોજ, કમ્યુનિટી હોલમાં ઈગ્નેશિયન આગેવાની વિકાસ કાર્યક્રમ (Ignatian Leadership Development Programe-ILDP)ની પ્રથમ તાલીમ યોજાઈ હતી જેમાં ઈસુસંઘ સંચાલિત સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક અને વાણિજ્ય ક્ષેત્રની વિવિધ સંસ્થાઓમાંથી ૫૩ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. આવકાર અને ઓળખ બાદ વિજય પરમારે આઈ. એલ.ડી.પી.ના માળખા-સ્વરૂપની માહિતી આપી હતી. 'કોઈપણ ઈસુસંઘી સંસ્થામાં એક ઈસુસંઘી સાથે બિનઈસુસંઘી સાથે મળીને કાર્ય કરે, સહનેતૃત્વ સ્વીકારે અને મિશનધ્યેયને અસરકારક રીતે પૂર્ણ કરવા સહયોગ સાધવામાં આવે, એ જ ઈગ્નેશિયન આગેવાની વિકાસ કાર્યક્રમનો ધ્યેય છે.'

ઈસુસંઘના વડાકાર્યાલય રોમમાં પણ આ કાર્યક્રમ અંગેની વિશદ ચર્ચા કરી, મહોર મારવામાં આવી હતી. ઈસુસંઘ ગુજરાત પ્રાંતમાં, ઈસુસંઘી સંસ્થાઓમાં સહયોગ સાધવાની તરફેણમાં રચિત સમિતિના વડા-સંચાલક ફર્નાન્ડો ફ્રેન્કો સાથે અન્ય પુરોહિતગણ, સાધ્વીબેન, ધર્મજન પણ સામેલ છે. કાર્યક્રમના માળખા-સ્વરૂપના પરિચય બાદ ફાધર ફ્રાન્સિસ ડીસાએ 'સંત ઈગ્નાસની જીવનયાત્રા અને તેમનાં જીવનમૂલ્યોની રજૂઆત કરી, ઈગ્નેશિયન આગેવાનનાં મૂલ્ય સંત ઈગ્નાસનાં જીવનમૂલ્ય હોવાં જોઈએ, એવો સંદેશ આપ્યો હતો. આત્મીયતા, ઈશ્વરેચ્છા, ઈશ્વરીય હાકલ, સેવા અને સહયોગ, બૌદ્ધિકતા તથા શ્રેષ્ઠત્તમ સર્જનશીલતા, પ્રેમ અને સ્થિતપ્રજ્ઞા જેવાં ઈગ્નેશિયન મૂલ્યોની તેમણે છણાવટ કરી હતી. ત્યારબાદ તાલીમાર્થીઓને કેટલાક પ્રશ્ન આપી જૂથચર્ચા માટે મોકળાશ આપી, રજૂઆત માટે સમય ફાળવ્યો હતો. 'પ્રત્યેક સંસ્થામાં ઈગ્નેશિયન મૂલ્યો ઓછાવત્તા પ્રમાણમાં છે જ, તેવો સૌએ સ્વીકાર કર્યો હતો તેમ છતાંયે આ મૂલ્યો વાણી-વર્તન-વ્યવહારમાં ઉતારી સંચાલક-કર્મચારીગણ વચ્ચે આત્મીયતા સાધી મહત્તમ સહયોગ મેળવવા પ્રયાસ કરવો 'એવો નિત્કર્ષ ચર્ચાના અંતે મળ્યો હતો.'




ઈસુસંઘી સંસ્થાના પડકારો અંગે વિચાર વિમર્શ કર્યા પછી ટૂંકાગાળા અને લાંબાગાળાના ઉપાય સૂચવ્યા હતા. તાલીમના અંત ભાગમાં જતાં વિજય પરમારે ઈગ્નેશિયન આગેવાની વિકાસ કાર્યક્રમ માળખાના ચાર મોડ્યુલ્સ-(૧) આધ્યાત્મિકતા-સ્વ ઓળખ અને જૂથ વિશે સભાનતા (૨) આગેવાનીની સમજ અને લક્ષણ (૩) સહયોગીતા-આગેવાની અને ઈસુસંઘી સંસ્થાઓના માળખાની સમજ તથા (૪) સંસ્થાના સંદર્ભમાં નેતૃત્વની સમજ અને અમલીકરણની રણનીતિ-ની વિસ્તારપૂર્વક માહિતી-સમજ આપી હતી.

છેલ્લા ત્રણેક દાયકામાં સામાજિક, શૈક્ષણિક, રાજકીય અને ધાર્મિક ક્ષેત્રે જે આમૂલ પરિવર્તન આવ્યું તેના પરિણામે ઉભી થયેલી સમસ્યાઓના નિરાકરણમાં આ કાર્યક્રમની ઉપયોગિતા સાબિત થશે તેમ ફાધર ફ્રેકોએ આશા વ્યક્ત કરી હતી. ભવિષ્યમાં હજુ વધારે લોકોને આ પ્રકારની તાલીમ આપવામાં આવશે જેના પરિપાકરૂપ એનલાર્જ કોર ટીમની રચના કરવામાં આવશે જે ભાવિ નિર્ણય કરશે એવાં સૂચન બાદ આભાર સાથે કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

— ઈગ્નેશિયન આગેવાની વિકાસ કાર્યક્રમ સમિતિ

**ઉદારતા માટે પ્રાર્થના**

મારા પ્રભુ,
મને ઉદાર બનતાં શિખવાડો.
તમને ઘટે અવી સેવા હું કરું,
આપું અને એનો હિસાબ ના રાખું.
ઝુઝ્યાં કરું અને
ઝખમોની પરવા ન કરું,
મથ્યા કરું અને આરામ ના શોધું,
મહેનત કરું અને
એનું વળતર ન માગું.
હું તો તમારી ઇચ્છા જ પાર પાડી રહેલ
છું એટલું જાણીને સંતોષ પામું. આમીન.

## કાનૂન અને જવાબદારી - શિબિર

કાટકૂવા (દક્ષિણ ગુજરાત) : એ.જી.એસ..ડી.એમ. (AGSDM - All Gujarat Students Development Movement) અને જી.જે. વાય.એમ. (GJYM - Gujarat Jesuit Youth Ministry)ના સંયુક્ત ઉપક્રમે 'જમીન સંપાદન કાનૂન અને સામાજિક જવાબદારી વિષય પર ૧૧ મે થી ૧૬ મે, ૨૦૧૫ સુધી રાજ્ય કક્ષાનો એક શિબિર યોજાયો, જેમાં સમગ્ર રાજ્યમાંથી ૫૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. લાખગામ જૂથ પંચાયતના સરપંચશ્રી રાજુભાઈ ચોધરીએ આ શિબિરને ખુલ્લો જાહેર કર્યો હતો. શ્રી કાલિદાસભાઈ ચૌધરી, ડો. આનંદ માઝગોઅનકર તથા સાથીદારોએ ઉદ્‌ઘાટન સમારોહમાં હાજરી આપી હતી. પ્રથમ દિવસે શિબિરાર્થીઓને જમીન સંપાદન કાયદો તથા જંગલ જમીન કાયદાની સમજ વિગતવાર આપવામાં આવી હતી. પર્યાવરણ સુરક્ષા અને સામાજિક જવાબદારી વિષય અંગે ડો. જીતેન્દ્ર ખરાદી (કાર્યકારી આચાર્ય - સરકારી કોલેજ જાદર - ઈડર) અને પ્રો. મિત્તલ કટારા (એમ.બી. પટેલ સાયન્સ કોલેજ-આણંદ)એ શિબિરાર્થીઓને જાગ્રત કર્યા હતા. વિશેષમાં શિબિરાર્થીઓને નજીકનાં ગામડાંઓમાં વિષયના સંદર્ભમાં જ કાર્યશાળા માટે મોકલવામાં આવ્યા હતા. જ્યારે તેઓ શિબિરસ્થળે પાછા ફર્યા ત્યારે તેમનો અનુભવ અને લોકોની પ્રતિક્રિયા આંખ ખોલનારી હતી! અહેવાલની રજૂઆત માટે તેમણે પાવર પોઈન્ટ પ્રેઝન્ટટેશન, ચાર્ટ, નાટક અને નકશાનો ઉપયોગ કર્યો હતો.

દઢવાડાના સભાપુરોહિત ફાધર જેમ્સ વાઝે શિબિરાર્થીઓને સામાજિક ઋણાનુંબંધન માટે સતેજ કર્યા હતા. કાટકૂવા કેન્દ્રના સંચાલક ફાધર રાજેન્દ્રએ શક્ય તેટલી તમામ સુવિધાઓ શિબિરાર્થીઓને પુરી પાડી પોતાની ઉદારતા તથા સાદગીનો પરિચય સૌને કરાવ્યો. આઈકફ (AICUF) અને એ.જી.એસ.ડી.એમ.ના પૂર્વ સક્રિય સભ્ય રવિકાન્ત ભાટિયાએ શિબિરના છેલ્લા દિવસે ઉપસ્થિત રહી યુવાચેતનાને ઢંઢોળી હતી અને યુથ ચળવળમાં સામેલ બની સમાજસેવા માટે આગળ વધવા આગ્રહ કર્યો હતો., વળી તેમણે શિબિરાર્થીઓને પ્રમાણપત્ર અર્પણ કર્યા હતાં.

ગુજરાત ઈસુસંઘ યુવા સંયોજક ફાધર વિજય ડી'સોઝાએ શિબિરની સફળતા માટે તજજ્ઞશ્રીઓ, સ્થાનિક પુરોહિતગણ તેમજ શિબિરાર્થીઓનો ખાસ આભાર માન્યો હતો.

— રાહુલ રાઠોડ અને રણજીત વસાવા

## ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન

**નડીઆદ :** ૧૪ જૂન, ૨૦૧૫ રવિવારે સેંટ મેરીસ ખાતે સેંટ મેરીસ હોસ્ટેલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું એક સ્નેહ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વાસ્તવિકતા પૂર્વે અથાગ મહેનત આયોજન સમિતિ દ્વારા કરવામાં આવી હતી. સર્વે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનાં નામ સરનામાં અને ફોન નંબર મેળવીને સર્વને હરખનાં તેડાં મોકલવામાં આવ્યાં હતાં. સ્નેહનું નોતરું સહર્ષ સ્વીકારી ભૂતપૂર્વ અને હાલના ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓ પોતાના સ્નેહીજનો સહ ભેળા મળ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત હોસ્ટેલના હાલના વિદ્યાર્થીઓએ દ્વારા પ્રાર્થના નૃત્યથી કરવામાં આવી. ત્યારબાદ સંચાલક અને આ અનેરા ઉત્સવના પ્રેરણા સ્ત્રોત રેવ. ફાધર મેરી જોસેફ દ્વારા સર્વ સ્નેહીજનોનું સ્વાગત કરવામાં આવ્યું. મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી સંમેલનનો આરંભ કર્યો હતો.

ડાયસ પર બિરાજમાન ભૂતપૂર્વ વિદ્યાર્થીએ અવનવા રસપ્રદ પ્રસંગો દ્વારા સુંદર પ્રવચનો કર્યા. ભૂતપૂર્વ સંચાલક રેવ. ફાધર આરાના એસ.જે.નાં આર્શીવચનો હૃદયસ્પર્શી રહ્યા હતાં. ફાધર અશોક વાઘેલા દ્વારા કરવામાં આવેલ એક વાત બધાને ખૂબ જ સ્પર્શી ગઈ. 'હોસ્ટેલે મને તેડુ અને ટેલેન્ટ આપ્યાં છે,' હોસ્ટેલ પુરોહિત ઉપરાંત ઈજનેર, ડોક્ટર, ક્લાસવન ઓફિસર, લેખકો, શિક્ષકો અને ઉચ્ચ પદવી ધરાવતા વિદ્યાર્થીઓ પણ આપ્યા છે.

કાર્યક્રમના અંતિમ ચરણમાં બપોરના ત્રણના સુમારે પવિત્ર ખ્રિસ્તયજ્ઞ ફાધર આરાના અને ફાધર જોસેફ દ્વારા અર્પણ કરવામાં આવ્યો હતો. અર્થપૂર્ણ અને પ્રાર્થના સભર.

સંમેલનનું સફળ સંચાલન શ્રી. શૈલેષ ક્રિસ્ટી તથા ફ્રાન્સિસ ડાયર્સા દ્વારા કરવામાં આવ્યું હતું. તેઓશ્રીની સંચાલનની છટાથી વાતાવરણ મેઘધનુષના રંગો સમુ આનંદિત બની ગયુ હતુ. કાર્યક્રમને સફળ બનાવવા આયોજન સમિતિ, હોસ્ટેલના છાત્રો, સર્વ આમંત્રિતો અને નામીઅનામી સર્વને ખૂબ ખૂબ અભિનંદન!

— ફાધર જિજ્ઞેશ મેકવાન


સરકાર માન્ય સંસ્થા. રજી. નં. એફ/૧૫૬૬/આણંદ

**નર્સિંગ કોર્સ-૧ વર્ષ**

ગ્રો-વેલ અકેડેમી

શિક્ષણ । તાલીમ । સ્વવિકાસ

ધોરણ ૧૦ પાસ / ધોરણ ૧૨ પાસ-નાપાસ

* ૧૦૦ % નોકરીની ગેરંટી
* સ્માર્ટ-કલાસ વડે મોટા પડદા ઉપર સરળ ભાષામાં શિક્ષણ
* આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે ફી માં રાહતની સુવિધા
* પ્રેકટીકલ માટે આધુનિક લેબોરેટરી

સંપર્ક : ગ્રો-વેલ અકેડેમી,
કિલ્લોલ હોસ્પિટલ નીચે, મહાવીર માર્ગ,
આણંદ-૩૮૮ ૦૦૧ E:jctanand@gmailcom
**મો : ૯૯ ૧૩૫ ૫૭૫૦૫.**

* પ્રવેશ કાર્ય ચાલુ છે.ટુંક સમયમાં જ નવી બેચ શરૂ થાય છે. વ્હેલા તે પહેલાના ધોરણે પ્રવેશ.
* ફોર્મ પોસ્ટ મારફતે મંગાવવા માટે રૂ. ૧૫૦.૦૦ નો ડીમાન્ડ ડ્રાફ્ટ/ચેક "જતન ચેરીટેબલ ટ્રસ્ટ", ના નામે ઉપરના સરનામે મોકલવો.

For DOCTORS

**Certificate in Child Health (CCH)**

ELIGIBILITY: BAMS / BHMS / BUMS /DHMS / DUMS

# પ્રભુ સાનિધ્યમાં સ્વ. લુસિયાબેન



**અવની પર આગમન**
**૧૦-૧૨-૧૯૪૦**

**પરલોકે પ્રસ્થાન**
**૧૭-૦૬-૨૦૧૫**

**"ક્રિસમસ પાર્ક"**માં
સુખના **આકાશ** નીચે **શિતલ** ધરા પર
એક નાનકડા કૌટુંબિક ઉપવનની
**રચના** કરવા માટે તમે મને આપેલ
સહયોગ અને હૂંફ અવર્ણવીય છે.
આપના **પરિ**શ્રમથી સિંચાયેલ
આ ઉપવનને નવપલ્લવીત
**અંકુર**માં આપની સ્મૃતિઓ ચિરંજીવી રહેશે.
પુનરુત્થાનના સમય સુધી
આપના **દર્શન**ની અપેક્ષામાં...

**લિ.**

## જોસેફ પરમાર તથા
## સમગ્ર પરિવાર...

**" ક્રિસ્મસ પાર્ક " પેરિસ પાર્ક સોસાયટી પાસે,**
**ઈન્દીરા ગાંધી માર્ગ,**
**નડીઆદ.**
**ફોન ૦૨૬૮-૨૫ ૫૮૪૫૮**

PAVAN HRUDAYA DOOT, July 2015 No. of Pages 60 including cover R.N.I. New Delhi No. GUJGUJ/2000/2975
RNP No. AND / 304 / 2015-17 and LWPP-02. Licensed to post without Prepayment Up to 31.12.2017
Published on 5th of every Month & Posting on 5th of every Month Posted at Anand HO.

"હાલો ભેરૂ ભેળાં મળી ધંધુકામાં ઉજવીએ"




## પ. પૂ. ફાધર ગોરસની
## તૃતિય પુણ્યતિથિ નિમિત્તે

# ગુરૂપૂર્ણિમા મહોત્સવ
# તેમજ
# તેમજ ભાલેશ્વરી માતાનો દ્વિતીય ભવ્ય મેળો

**: માંગલિક પ્રસંગો :**

**: સ્થળ :**
**કેથોલિક આશ્રમ, ધંધુકા**

**સવારે ૦૯.૦૦ કલાકે ભવ્ય સરઘસ**
**સવારે ૧૧.૩૦ કલાકે પરમપૂજા**
**બપોરે ૦૧.૦૦ કલાકે સમૂહ ભોજન**

**: સમય :**
**તા. ૦૨-૦૮-૨૦૧૫, રવિવાર**

## : નિમંત્રક :
## કેથોલિક આશ્રમ પરિવાર, ધંધુકા

Publisher's & Printer's Name : Jerry Leo Sequeira S.J., Gujarat Sahitya Prakash, P.B. 70, St. Xavier's Road, Anand - 388001
and Printed by him at Anand Press, P.B. 95, Gamdi-Anand 388001. Editor: Jasvant Macwan